CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

વર્ષ : ૩૫ ● અંક : ૨૫૪
તા.૧૬-૧૦-૨૦૧૯, બુધવાર
સંવત ૨૦૭૫ આસો વદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૫ સૂર્યાસ્ત : ૦૬:૧૪

તાપમાન
ડીસા ૩૭.૪ | વડોદરા ૩૪.૮
અમદાવાદ ૩૫.૯ | સુરત ૩૫.૦
ગાંધીનગર ૩૬.૦ | નલિયા ૩૬.૬

ચાંદી : ૪૫,૫૦૦ સોનું : ૩૮,૦૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...

# આજે સુપ્રિમમાં અયોધ્યા વિવાદની અંતિમ સુનાવણી

## વિચાર વૈભવ...

### વીરતા

કારગીલ,સીઆચેન,કાશ્મીર અને ભારતની ઉત્તર-પૂર્વ સરહદ પર વીરતા બતાવનારા ભારતના જવાનોનું વિવિધ પ્રકારના ચંદ્રકો વડે રાષ્ટ્રપતિના હાથે સન્માન કરવામાં આવ્યું.તેમાંના ૨૯ તો મરણોત્તર ચંદ્રકો હતા,જે એ શૂરવીર શહીદોની વતી એમાં સ્વજનોએ સ્વીકારેલા હતા. વિજયંત થાપર નામના એવા એક શહીદ વતી વીરચક્ર સ્વીકારવા એનાં ૮૦ વરસનાં દાદીમાં સુમિત્રાદેવી લાકડીને ટેકે ધીમે ધીમે, મગરૂરીભેર, ચમકતી આંખોમાંથી એક પણ આંસુ વહાવ્યા વગર સભામંચનાં પગથિયાં ચડી રહ્યા હતાં. તેમને જોઈને ભાવવિભોર બનેલા રાષ્ટ્રપતિ જાતે નીચે ઊતરી આવ્યા હતા.

લશ્કરના સૈનિકોની સાથે એક મરણોત્તર શૌર્યચક્ર કાનપુરના રમેશચંદ્ર યાદવ નામના નાગરિકને પણ અર્પણ કરવામાં આવ્યો હતો.હાઈવે પર જતી એક બસને અટકાવીને ડાકુઓ લૂંટ ચલાવી રહ્યા હતા ત્યારે વચમાં પડીને, જેમને એમણે અગાઉ કદી જોયેલા પણ નહોતા એવા મુસાફરોના બચાવમાં એ ખપી ગયેલો

કૃપાથી તારી-
કૃપાથી તારી મા!દિવસ ઊગતો કાવ્ય થઈને;
તમારી ઈચ્છા એ ઉરની ધ્રુવપંક્તિ બની રહો!

- સુરેશ દલાલ

## મુસ્લિમ બીજે પણ નમાઝ પઢી શકે છે, પરંતુ અયોધ્યામાં ભગવાન રામનું જન્મસ્થાન ના બદલી શકાય : વકીલ

ન્યુ દિલ્હી

અયોધ્યા જમીન વિવાદ મુદ્દે નવેમ્બરના પહેલા સપ્તાહમાં જ નિર્ણય આવી શકે છે. આ અંગે ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ કહ્યું કે, આવતીકાલે(૧૬ ઓક્ટોબરે) આ મામલાની ૪૦મી અને અંતિમ સુનાવણી કરવામાં આવશે. મંગળવારે સુનાવણી દરમિયાન હિન્દુ પક્ષ તરફથી રજુ થયેલા વરિષ્ઠ વકીલ કે પારાશરણે કહ્યું કે, બાબરે



અયોધ્યામાં મસ્જિદ બનાવીને જે ભૂલ કરી, તેને સુધારવાની જરૂર છે. અયોધ્યામાં ઘણી(૫૦-૬૦) મસ્જિદો છે, જ્યાં મુસ્લિમ નમાજ અદા કરી શકે છે, પરંતુ હિન્દુ ભગવાન રામના જન્મસ્થળ એટલે કે અયોધ્યાને બદલી ન શકાય.

સુનાવણી દરમિયાન વકીલ કે. પરાસરણે પોતાની દલીલમાં કહ્યું કે, કોઈને પણ ભારતનાં ઈતિહાસને નષ્ટ કરવાની પરવાનગી ના આપી શકાય. સુપ્રીમ કોર્ટે ઈતિહાસની ભૂલને સુધારવી જોઈએ. એક વિદેશી ભારતમાં આવીને પોતાના કાયદા લાગુ ના કરી શકે. હિંદુ પક્ષ તરફથી સુપ્રીમ કોર્ટમાં કહેવામાં આવ્યું કે, મુસ્લિમ ક્યાંક બીજે જઈને પણ નમાઝ પઢી શકે છે, અયોધ્યામાં ૫૬-૬૦ મસ્જિદ છે, પરંતુ આ ભગવાન રામનું જન્મસ્થાન છે.

## પાકિસ્તાન તરફ વહી જતુ પાણી રોકી હરિયાણાના ખેડૂતોને આપીશ : મોદી

કુરુક્ષેત્ર

પીએમ મોદીએ મહારાષ્ટ્રની સાથે સાથે હરિયાણામાં પણ ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે. આજે હરિયાણામાં એક જાહેર સભાને તેમણે સંબોધન કરતા કહ્યુ હતુ કે, પહેલા હરિયાણામાં કેરોસીન માટે લાઈનો લાગતી હતી પણ હવે તેમાંથી લોકોને મુક્તિ મળી ગઈ છે. તેમણે કહ્યુ હતુ કે, હરિયાણાનો બમણો વિકાસ થઈ રહ્યો છે. કારણકે



કેન્દ્રમાં મોદી એન્જિન અને હરિયાણામાં મનોહર એન્જિન છે. હરિયાણાના લોકોએ તેના પર મહોર લગાવી છે. લોકોના આશીર્વાદથી ફરી ભાજપની સરકાર બનવા જઈ રહી છે. તેમણે કહ્યુ હતુ કે, સરકારે હવે કલમ ૩૭૦થી મુક્તિ અપાવી દીધી છે. તેનાથી લોકો ખુશ છે. પણ કોંગ્રેસ અને વિરોધી પાર્ટીઓને આ ગમી રહ્યુ નથી. તેઓ અફવા ફેલાવે છે. કોંગ્રેસે મને જેટલી ગાળો આપવી હોય તે આપે, બેંગકોક અને થાઈલેન્ડથી ગાળો ઈમ્પોર્ટ કરવી હોય તો તે કરી લાવે પણ દેશની પીઠમાં ખંજર ભોંકવાનુ બંધ કરે.

## પૂંચમાં ફરી પાક.ના પ્રચંડ ગોળીબારમાં એકનું મોત

જમ્મુ

જમ્મુ કાશ્મીરમાં તંગદિલી ફેલાવવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પાકિસ્તાને આજે ફરી એકવાર અંકુશરેખા સાથે જોડાયેલા તમામ વિસ્તારમાં ભીષણ ગોળીબાર કર્યો હતો જેથી નાગરિકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાને જમ્મુ ડિવિઝનના પૂંચ જિલ્લાથી જોડાયેલી એલઓસી પર નાગરિક વિસ્તારોમાં ભારે ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારના સકંજામાં આવી જવાના કારણે એક સ્થાનિક મહિલાનું મોત થયું હતું. પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબાર બાદ ભારતીય જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. પાકિસ્તાની સેનાએ બુધવારના દિવસે પુંચ જિલ્લાના અંકુશરેખા પર બે સેક્ટરોમાં મોર્ટાર ઝીંક્યા હતા. પાકિસ્તાની જવાનોએ આજે સવારે યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. આ ગાળા દરમિયાન પાકિસ્તાની રેન્જરોએ પૂંચ જિલ્લાના નાગરિક વિસ્તારો અને કરણી સેક્ટરમાં ગોળીબાર કર્યો હતો. ૧૪મી ઓક્ટોબરના દિવસે પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીર કઠુઆ જિલ્લામાં સતત ગોળીબાર કર્યો હતો. આ ગાળા દરમિયાન નાગરિક વિસ્તારોને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા.

## ઇડીને ચિદમ્બરમની ધરપકડ કરવાની મંજુરી

નવીદિલ્હી

સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર આઈએનએક્સ મિડિયા કેસમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમને મોટો ફટકો પડ્યો છે. દિલ્હી કોર્ટમાંથી ઈડીને ચિદમ્બરમની ધરપકડ કરવા માટેની મંજુરી મળી ગઈ છે. હાલમાં ચિદમ્બરમ આજ કેસમાં સીબીઆઈની ધરપકડ હેઠળ છે. ચિદમ્બરમને તિહાર જેલમાં રાખવામાં આવ્યા છે. આજે જ ચિદમ્બરમે સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. આમા સીબીઆઈ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, એજન્સી તેમને અપમાનિત કરવા માટે જેલમાં રાખવા માટે ઈચ્છુક છે. ચિદમ્બરમની દલીલોની કોઈ અસર હાલમાં દેખાઈ રહી નથી. દિલ્હીની ખાસ કોર્ટે ઈડીને ચિદમ્બરમની પુછપરછ કરવાની મંજુરી આપી દીધી છે. આ પુછપરછ મહત્તમ ૩૦ મિનિટ સુધી ચાલી શકે છે. આ ઉપરાંત કોર્ટે ઈડીને જરૂર પડવાની સ્થિતિમાં ધરપ-કડ કરવાની પણ મંજુરી આપી દીધી છે. હવે ઈડીના અધિકારી આવતીકાલે બુધવારના દિવસે તિહાર જેલમાં જશે. સ્પેશિયલ કોર્ટમાં સુનાવણી દરમિયાન ઈડીએ ત્યાં જ પુછપરછ કરવા અને ધરપકડ કરવા માટેની મંજુરી માંગી હતી. આના સંદર્ભમાં કોર્ટે કહ્યું હતું કે, આ ચિદમ્બરમની પ્રતિષ્ઠા મુજબ રહેશે નહીં. અહીં જાહેરરીતે તેમની પુછપરછ અને ધરપકડ કરવામાં આવી શકે છે. પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમને ઈડી દ્વારા નોંધવામાં આવેલા આઈએનએક્સ મિડિયા મામલામાં મંગળવારના દિવસે દિલ્હીની ખાસ અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા. ચિદમ્બરમ સીબીઆઈ દ્વારા નોંધવામાં આવેલા આઈએનએક્સ મિડિયા ભ્રષ્ટાચાર મામલામાં ૧૭મી ઓક્ટોબર સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. ઈડીએ પોતાની અરજીમાં કહ્યું હતું કે, તેને આઈએનએક્સ મિડિયા મામલા સાથે જોડાયેલા મામલામાં ચિદમ્બરમની પુછપરછ કરવાની જરૂર દેખાઈ રહી છે. આઈએનએક્સ મિડિયા ભ્રષ્ટાચારના મામલામા જેલમાં રહેલા ચિદમ્બરમે અગાઉ જામીન માટે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી.

## મહારાષ્ટ્રમાં ૧ કરોડ નોકરીનો ચૂંટણી ઢંઢેરામાં ભાજપનો વાયદો

મુંબઈ

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધન કરવામા આવ્યા બાદ પણ ભારતીય જનતા પાર્ટી અને શિવસેના દ્વારા પોત પોતાની રીતે ચૂંટણી સંકલ્પપત્ર જારી કરવામાં આવ્યા બાદ આની ભારે ચર્ચા જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં ફરી એકવાર સત્તા કબજે કરવાના ઈરાદા સાથે ભાજપે તમામ તાકાત લગાવી દીધી છે. પહેલા શિવસેનાએ પોતાના મેનિફેસ્ટો જારી કરીને કેટલાક વચનો આપ્યા હતા. હવે આજે ભારતીય જનતા પાર્ટીએ ઘોષણાપત્ર જારી કરીને માહિતી આપી છે. ભારતીય જનતા પાર્ટીએ અનેક લોકલક્ષી વચનો આપ્યા છે. આ વચન મારફતે સત્તા હાંસલ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સંકલ્પ પત્રમાં ભારતીય જનતા પાર્ટીએ આરોગ્ય, શિક્ષણ અને કૃષિ પર વધારે ભાર મુક્યો છે. સાથે સાથે તમામ વર્ગને સાધવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીએ પોતાના ઘોષણાપત્રમાં ખેડુતો અને યુવાનોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો કર્યા છે. ખેડુતોને દિવસમાં ૧૨ કલાકથી વધારે વીજળી આપવાના વચન સાથે બાજપે યુવાનોને એક કરોડ રોજગાર આપવાની વાત કરી છે. સાથે સાથે ભારત નેટ અને મહારાષ્ટ્ર નેટ સાથે સંપૂર્ણ મહારાષ્ટ્રને જોડી દેવાની વાત કરી છે.

## ટેન્કરોમાંથી કરાતી ઓઇલ ચોરીનો પર્દાફાશ : ૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત

### તેનીવાડા હોટલ ઉપર પોલીસે છાપો મારતા ડ્રાઇવરોની મીલીભગતથી ચોરાતું ૩૮૫ લિટર દિવેલ ઝડપાયું

પ્રતિનિધી છાપી

વડગામ તાલુકા ના છાપી નજીક તેનીવાડા હાઈવે ઉપર રાત્રીના સમયે એક હોટલ ઉપર ટેન્કર ચાલકના મેળાપણાથી ટેન્કરોમાંથી ઓઇલની ચોરી કરતા બે ઈસમોને સરહદી રેન્જ ભુજ પોલીસે ઝડપી પાડ્યા હતા. જ્યારે ચાર ઈસમો ફરાર થઈ ગયા હતા. દરમિયાન છાપી પોલીસે હોટલ પાસેના ખેતરના વાડામાંથી ચોરી કરેલ કેસ્ટર ઓઇલ ૩૮૫ લીટર ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ છાપી પીએસઆઈ આઈએચ હિંગોરાને મળેલ ખાનગી બાતમી આધારે તેનીવાડાની હોટલ ઉપર ટેન્કર ચાલકોની મિલીભગતથી ઓઇલ ચોરી કરી વેચાણ કરવામાં આવે છે. જેથી બાતમી આધારે સોમવાર રાત્રે વડગામ તાલુકાના છાપી નજીક આવેલ તેનીવાડા



સુરેશ અગ્રવાલ

હાઈવેની મહાદેવ હોટલ સંચાલકના ઘરના વાડાની તલાશી લેતા વિવિધ જગ્યાઓ ઉપર પ્લાસ્ટીકના કેરબાઓમાંથી દિવેલ ઓઇલ લીટર ૩૮૫ કિંમત રૂ. ૩૮૫૦૦ નું કબ્જે કરી હોટલ સંચાલક દલજીભાઈ વાઘજીભાઈ ચૌધરી તેમજ કાળુભાઈ લાલજીભાઈ ચૌધરી વિરુદ્ધ ગેરકાયદેસર ટેન્કર ચાલકોની મેળાપણાથી ચોરી કરી સસ્તું વેચાણ કરવા બાબતે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જ્યારે સરહદી રેન્જ ભુજ કચ્છ દ્વારા મહાદેવ હોટલ ઉપર ટેન્કર નંબર જી.જે. ૧૨ ઝેડ ૧૫૨૫ માંથી દિવેલ તેલ લીટર ૧૦ કાઢતા રંગેહાથ ઝડપી પાડી ટેન્કર ચાલક કીર્તિભાઈ દામાભાઈ પારેગી રહે. માડકા તા. વાવ અને શાહિદ અબ્દુલ વાહીદ ગેહલોત મૂળ રહે ટાંક રાજસ્થાનની અટકાયત કરી હતી. જ્યારે આ બાબતે બન્ને આરોપીઓએ પોલીસને જણાવ્યા પ્રમાણે ચોરેલું ઓઇલ દલજીભાઈ ચૌધરી, કાળુભાઈ ચૌધરી, લખાભાઈ તેમજ યોગેશભાઈ રાખે છે. જેઓ ફરાર હોવાનું પોલીસે જણાવ્યું હતું. ટેન્કરોમાંથી ઓઇલ ચોરીના ગુનામાં ઓઇલ સહિત ટેન્કર મોબાઈલ, બે કાર મળી કુલ રૂ. ૪૫ લાખનો મુદ્દા માલ છાપી પોલીસ તેમજ સરહદી રેન્જ પોલીસ દ્વારા જપ્ત કરી આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### અન્ય હોટલોની તપાસ જરૂરી

છાપી હાઈવે વિસ્તારમાં આવેલી કેટલીક હોટલોમાં રાત્રીના સમયે ગેરકાયદેસ પ્રવૃતિઓ થતી હોવાની રાવ ઉઠવા પામી છે. જેની તપાસ થવા માંગ ઉઠવા પામી છે.

### ભુજ રેન્જ તેમજ છાપી પોલીસે ટેન્કરમાંથી ચોરી કરતા બે શખ્સોને ઝડપ્યા : ચાર આરોપી ફરાર

## પાલનપુરમાં તબીબના ઘેર થયેલ લૂંટ કેસના આરોપીને સાત વર્ષની કેદ

### નવ વર્ષ અગાઉ લૂંટ કરવા આવેલા ત્રણ શખ્સો પૈકી એક લૂંટારો ઝડપાઇ ગયો હતો

પાલનપુર

પાલનપુર શહેરમાં નવ વર્ષ અગાઉ એક તબીબના ઘેર ધારીયા અને રિવોલ્વર સાથે લૂંટ કરવા આવેલા ત્રણ પૈકી એક શખ્સને ઝડપી લેવાયો હતો. જેને પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો. દરમિયાન આ અંગેનો કેસ પાલનપુરની કોર્ટમાં ચાલી જતાં છઠ્ઠા એડીશનલ સેસન્સ જજે આરોપીને સાત વર્ષની કેદની સજા અને રૂપિયા ૫૦૦ના દંડનો હૂકમ કર્યો હતો. પાલનપુર ખાતે ગત તા. ૧૫/૭/૧૧ના રોજ બનેલા બનાવની વિગતો એવી હતી કે, શહેરના ઈદગાહ રોડ વિસ્તાર માં આવેલા રચના બંગ્લોઝમાં રહેતા ડો. શોધન બાબુલાલ શેઠ (જૈન) રાત્રે ૯-૩૦ કલાકે તેમના બેડરૂમમાં કપડા બદલાવી રહ્યા હતા. દરમિયાન ત્રણ શખ્સો ઘરમાં ઘુસી આવ્યા હતા. અને બેઠક રૂમમાં તેમની પત્નિ પૌલોમીબેનના ગળે ધારીયું રાખી ધમકાવી રહ્યા હતા. જોકે, તબીબે ઘરની બહાર નીકળી ચોર ચોરની બુમો પાડતાં ત્રણેય જણા ત્યાંથી ભાગ્યા હતા. જ્યાં લોકો દોડી આવતાં રાજસ્થાનના શિહોરી જિલ્લાના રેવદર તાલુકાના હરણી (અમરાપુરા) ગામના દરજારામ ઉર્ફે ઉમારામ ઉકારામ ચૌધરી (કણબી)ને ઝડપી લીધો હતો. જેની સામે પાલનપુર શહેર પોલીસ મથકે ગૂનો નોંધાયો હતો. દરમિયાન આ કેસ બનાસકાંઠાની સેસન્સ કોર્ટમાં ચાલી જતાં છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ રોબિન પી. મોગેરાએ વકીલ દિપક કે. પુરોહિત અને ભાવેશ સી. રાવલની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૮ના ગૂનામાં સાત વર્ષની કેદ, કલમ ૪૫૨ના ગૂનામાં બે વર્ષની કેદ તથા રૂપિયા ૫૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૩૦ દિવસની સાદી કેદની સજાનો હૂકમ કર્યો હતો.

## ખેડૂત સાથે છેતરપિંડી આચરનાર વેપારીને સાત વર્ષની કેદ

### ડીસાના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટનો ચુકાદો

ડીસા

ડીસા માર્કેટયાર્ડમાં વેપારી પેઢી ધરાવતા વેપારી દ્વારા ખેડૂતની ખેત પેદાશો ખરીદી તેના રૂપિયા પોતાના અંગત કામમાં વાપરી ખેડૂત સાથે વિશ્વાસઘાત કરી તેની સામે ખોટા કેશ કરી હેરાન કરવા બાબતે પીડિત ખેડૂતે ફરિયાદ નોંધાવેલ તેનો કેશ ડોસાની કોર્ટ માં ચાલી જતા નામદાર કોર્ટે દોષિત વેપારીને વિવિધ કલમોમાં સાત વર્ષની કેદ અને પાંચ હજારના દંડની સજા ફટકારી હતી.

આ કેશની પ્રાપ્ત વિગતો અનુસાર ડીસા માર્કેટયાર્ડમાં સોમનાથ બ્રધર્સ નામની પેઢી ધરાવતા રણછોડભાઈ સોનાજી રાજગોરને ત્યાં મોટી મહુડી ગામના ખેડૂત કરશનભાઈ જવાભાઈ પટેલ પોતાની ખેતપેદાશો વેંચતા હતા તેમજ તેના હિસાબના રૂપિયા માંગતા આ બાબતે વેપારી રણછોડભાઈ દ્વારા તેમનું ખાતું બેન્કમાં ખોલાવીને તેમાં તમારા રૂપિયા જમા કરાવીશ તેમ કહી ખેડૂત નું ખાતું ખોલાવી તેની પાસ બુક - ચેકબુક પોતાની પાસે રાખેલ તેમજ પોતે વીમા પોલિસિ બાબતે પણ ખેડુત પાસેથી પ્રીમિયમના નામે રૂપિયા લઈ વાપરી નાખેલ જેથી ખેડૂત દ્વારા અવાર નવાર તેની ઉઘરાણી કરવા છતાં નાણા પરત આપેલ નહિ ઉલટાનું ખેડૂતને ખોટા કેશમાં ફસાવી દઈસ તેવી ધમકીઓ આપેલ એટલું જ નહીં, ખેડુતની ખાતાની ચેક બુક પોતાની પાસે હોઈ ખેડૂત ના નામનો મોટી રકમનો ચેક બેન્કમાં ભરેલ પરંતુ બેલેંસ ન હોઈ ચેક બાઉન્સ થતા ખેડૂત ઉપર ખોટો કેસ કરેલ આખરે હેરાન પરેશાન પીડિત ખેડૂત કરશનભાઈએ આ મામલે ડીસા સીટી પોલીસ મથકમાં રણછોડભાઈ રાજગોર વિરુદ્ધ સને ૨૦૦૫ માં પોલિશ ફરિયાદ કરેલી જે નો કેશ એડિશનલ ચીફ જ્યૂડિસીયલ મેજિસ્ટ્રેટશ્રી એમ. ડી.બ્રહ્મભટ્ટ સાહેબની કોર્ટમાં ચાલી જતા તારીખ ૧૫/૧૦/૧૯ ના રોજ કોર્ટે કસૂરવાર રણછોડભાઈ રાજગોરને આઈ. પી. સી.કલમ ૪૦૬ માં ૩

અનુસંધાન પાના નં.૬

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુકાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

## સૂર્યોદય - ૬.૩૫ સૂર્યાસ્ત -૬.૧૩

### તિથિદર્શન
આસો વદ-૩ બુધવાર ૨૦૭૫




વિક્રમ સંવત :૨૦૭૫, શા.શકે-૧૯૪૧,નામ સંવત્સર :વિકારી નામ વીર જૈનસંવત ૨૫૪૫ આસો વદઃ ત્રીજ ત્રીજની વૃદ્ધિ બુધવાર નક્ષત્રઃભરણી બપોરે ૨.૪૧ પછી કૃતીકા યોગ :સિદ્ધિ કરણ:વણીજ આજે જન્મેલા બાળકની રાશી મેષ(અ.લ.ઈ.) સવારે ૮.૪૫ પછી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - **જયોતીષી બંસીલાલ એચ.લોધા**

### ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**નલિની દલગત જલવત્તરલં**
**કિં યૌવન ધનવાયુઃ**
**કઃ શશધરનિકરાનુકારાણિઃ**
**સજ્જના એવ**

'કમળની પાંખડી પર પડેલા જલબિંદુ જેવું ચંચળ શું છે? (જવાબ છે કે) યૌવન ધન અને આયુષ્ય.' ચંદ્રનાં કિરણ જેવી ટાઢક- શીતળતા આપનાર કોણ છે? (જવાબ છે કે) સજ્જનો જ સંત- સજ્જન છે એ જનસમૂહ- સંસારીજનને ટાઢક- શાંતિ આપે છે.'

કમળની પાંખડી પર પડેલું પ્રભાતનું ઝાકળબિંદુ ત્યાં કેટલીકવાર ટકી શકે છે. પાંદડાંની સ્નિગધતા અને જલબિંદુ ખૂબ જ ક્ષણિક છે. એ જલબિંદુ કંઈ બપોર સુધી ત્યાં રોકાવાનું નથી. પવનની એક નાની લહેરખી આવતાં તરત જ પાંદડા પરનું એ બિંદુ જમીન પર સરી પડશે. એ જલબિંદુની શોભા અત્યંત હોય છે પણ 'ક્ષણિક'- ખર્યું નથી ને નષ્ટ થયું નથી.. આ સંસારમાં, યૌવન- ધન અને આયુષ્ય પણ ક્ષણિક જેવાં જ છે. આયુષ્યનાં આપણને મળેલાં વર્ષોમાં શ્વાસ લેતાં ક્યારે પૂરાં થઈ જશે એ કોઈને ખબર નથી. વાત કરતાં કે ઠેસ વાગતાં માણસનો જીવ નીકળી જાય છે, તો કુદરતી આફતમાં ધનવાનની તમામ સંપત્તિ ક્યારે નષ્ટ થઈ જાય, સટ્ટા કે ધંધામાં ક્યારેય નિષ્ફળતા મળે એ નિશ્ચિત નથી. આમ, ધન, આયુષ્ય, યૌવન ક્ષણિક છે. સંતો ચંદ્રના જેવી શીતળતા આપે છે. સત્સંગ દ્વારા શાંતિ પ્રાપ્ત થાય છે.

### આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

***મેષ : (અ.લ.ઈ.)*** **વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનથી લાભ થાય.**
***વૃષભ : (બ.વ.ઉ.)*** **નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.**
***મિથુન : (ક.છ.ઘ.)*** **મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.**
***કર્ક : (ડ.હ.)*** **ઇચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.**
***સિંહ : (મ.ટ.)*** **નવિન સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય..**
***કન્યા : (પ.ઠ.ણ.)*** **રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજન કરી શકશો.**
***તુલા : (ર.ત.)*** **તકનો લાભ ઉઠાવી શકશો. આર્થિક લાભની તક મળે.**
***વૃશ્ચિક :(ન.ય.)*** **વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. બીજાઓ સાથે સંઘર્ષ ટાળવો.**
***ધન : (ભ.ફ.ધ.)*** **પ્રતિકૂળ સંજોગોમાંથી માર્ગ કાઢી શકશો. મનમાં આનંદ રહે.**
***મકર : (ખ.જ.)*** **નાણાંભીડ અનુભવાય, મનમાં વ્યથા રહે.**
***કુંભ : (ગ.શ.સ.)*** **જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. અંગત મૂંઝવણ દૂર થાય.**
***મીન : (દ.ચ.જ.થ.)*** **કાર્ય સફળતા માટે મહેનત કરવી પડે.**

### આજનો દિન મહાન
- યશવંત કડીકર

સ્વતંત્ર ઈઝરાયેલના પ્રથમ વડા પ્રધાન, મહાન વિચારક, ચાણકયબૃદ્ધિ રાજપુરૂષ અને આધુનિક ઈઝરાયેલના ઘડવેયા શ્રી ડેવિડ બેન-ગુરિયનની જન્મજયંતિ છે. એમનો જન્મ પોલેન્ડમાં પ્લોંસ ખાતે તા. ૧૬-૧૦-૧૮૮૬ના રોજ થયો હતો. ઈઝરાયેલનસ મુક્તિ ચળવળ દરમિયાન અને પાછળથી ઈઝરાયેલના વડા તરીકે તેમણે વિશ્વના અનેક દેશોનો પ્રવાસ કરીને ગજબની લોકચાહના પ્રાપ્ત કરી. કેવળ ઈઝરાયેલના જ નહી, જગતના ઈતિહાસમાં માતૃભુમિની મુક્તિ કાજે ઝઝુમનાર જિંદાદીલ માનવીઓમાં એમનું નામ અવિસ્મરણીય રહેશે.તા. ૧-૧૨-૧૯૭૩ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬
**સુરત ઓફીસઃ-** ૐકાર કન્સલટન્સી
દુ.નં.૧, ગ્રાઉન્ડ ફલોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૬૩૫૬૫૫૫૧૦૮

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૧૬.૧૦.૨૦૧૯ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૧૫૦૫ પોઈન્ટ મહત્ત્વની સપાટી ....!!!**

**તા.૧૫.૧૦.૨૦૧૯ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૪૪૦ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૩૭૩ પોઈન્ટના પ્રથમ અને ૧૧૩૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૧૪૭૪ પોઈન્ટ થી ૧૧૪૮૮ પોઈન્ટ, ૧૧૫૦૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૧૫૦૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૧૫.૧૦.૨૦૧૯ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૮૬૨૧ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૮૨૮૦ પોઈન્ટના પ્રથમ અને ૨૮૦૨૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૮૭૦૭ પોઈન્ટ થી ૨૮૮૦૮ પોઈન્ટ, ૨૮૮૮૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૮૮૮૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**કોટક બેન્ક (૧૬૨૦) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૫૮૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૩૭ થી રૂ.૧૬૪૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૬૫૬ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**લાર્સેન લિમિટેડ (૧૪૪૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૨૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૪૦૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૪૫૩ થી રૂ.૧૪૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૨૭૩) :- રૂ.૧૨૬૦ નો પ્રથમ તેમજ રૂ.૧૨૪૭ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટર રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૯૦ થી રૂ.૧૩૦૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**HDFC બેન્ક (૧૨૨૫) :- બેન્ક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૨૪૪ થી રૂ.૧૨૬૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૨૦૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ફોસિસ (૭૬૩) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૪૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ટેકનોલોજી સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૭૭૭ થી રૂ.૭૮૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ટાઈટન કંપની લિ. (૧૨૭૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ એસેસરીઝ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૨૯૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૬૦ થી રૂ.૧૨૪૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ટેક મહિન્દ્રા (૭૨૩) :- રૂ.૭૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૪૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૭૧૩ થી રૂ.૭૦૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૫૫ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**મહિન્દ્રા & મહિન્દ્રા (૫૮૩) : ઓટો સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૫૯૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૭૬ થી રૂ.૫૭૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**સન ફાર્મા (૩૯૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૪૧૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૮૮ થી રૂ.૩૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૪૨૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સેન્ચુરી ટેક્ષટાઈલ (૩૮૫) :- રૂ.૪૦૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૧૪ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૭૩ થી રૂ.૩૬૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૨૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો **www.nikhilbhatt.in** ને આધીન...!!!

## ડીસાની ચિ.હં.દોશી પે કેન્દ્ર શાળાના માજી શિક્ષકનું વિશેષ સન્માન



ડીસા

ડીસા શહેરની ચિ.હં.દોશી પે કેન્દ્ર શાળા ખાતે ભૂતપૂર્વ શિક્ષક ઈશ્વરભાઈ વિઠ્ઠલદાસ ઠક્કરનો વિશેષ સન્માન કાર્યક્રમ લાયન્સ કલબના પ્રમુખ ડો.ભરતભાઈ મકવાણાના અધ્યક્ષ સ્થાને યોજાયો. જેમાં નરેશભાઈ શેઠ(લાયન્સ કલબ, ડીસાના મંત્રી), અતિથિ વિશેષ પ્રકાશચંદ્ર ભરતિયા(પૂર્વ પ્રમુખ, નગરપાલિકા, કનુભાઈ હાલાણી(ભારત વિકાસ પરિષદ)ની વિશેષ હાજરીમાં ૮૮ વર્ષે તંદુરસ્ત સન્માનીત ઈશ્વરભાઈ ઠક્કરનું શાલ, મોમેન્ટો અને સન્માનપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પરિચય વિધિ પ્રવિણભાઈ સાધુ દ્વારા કરવામાં આવી. આ પ્રસંગ દાતાઓ ડાહ્યાભાઈ ઠક્કર(હિંગળાજ નોવેલ્ટી), પ્રકાશભાઈ ઠક્કર (શ્યામ બંગલોઝ-ભાગ-૨), નિરંજનભાઈ ઠક્કર(સાર્થક બંગલોઝ), પ્રહલાદભાઈ ઠક્કર (સહયોગ સેવા ટ્રસ્ટ)નું શાલ ઓઢાડી પુષ્પગુચ્છ દ્વારા મહેમાનો તેમજ સ્ટાફ દ્વારા સન્માન કરવામાં આવ્યું. ડો.ભરતભાઈ મકવાણા દ્વારા બાળકોને આરોગ્ય વિષયક પ્રવચન આપી રોગમુક્ત રહેવા માટે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું. પ્રકાશચંદ્ર ભરતીયા દ્વારા ઈશ્વરભાઈ વી.ઠક્કરની વિશેષ સેવાઓ અને સમાજ સેવા અંતે બિરદાવ્યા હતા. ચંદુભાઈ એ.ટી.ડી. દ્વારા મોમેન્ટો અને દીધાર્યું આયુષ્ય માટે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ઈશ્વરભાઈ વી. ઠક્કરનો સમગ્ર પરિવાર ભાઈલાલભાઈ પ્રહલાદભાઈ, નિરંજનભાઈ, કિરણભાઈ તેમજ અને પુત્રવધુએ અને પૌત્ર શનિની ઉપસ્થિતિમાં આ વિશેષ કાર્યકર્મ યોજાયો. શનિની ઉપસ્થિતિમાં આ વિશેષ કાર્યક્રમ યોજાયો.

## દેશમાં ઘઉંના ઉત્પાદનમાં ફરી નવો રેકોર્ડ બનશે

નવી દિલ્હી

મોનસુનની સિઝનના છેલ્લા દોરમાં વરસાદના ભલે ખરિફ સિઝનના કેટલાક પાકને નુકસાન થયુ છે પરંતુ આગામી રવિ સિઝનના કારણે આ વરસાદથી ફાયદો થઇ ગયો છે. જાણકાર નિષ્ણાંતોએ કહ્યુ છે કે આના કારણે ઘઉંના ઉત્પાદનને ફાયદો થનાર છે. ગયા વર્ષે સરકારે દેશમાં રેકોર્ડ ૧૦.૨૧ કરોડ ટન ઘઉંની ઉચ્પાદન કરવામાં સફળતા હાંસલ કરી હતી. ગયા વર્ષે સરકારે દેશમાં રેકોર્ડ ઉત્પાદન કર્યાબાદ આ વખતે પણ સારી આશા દેખાઇ રહી છે. આ વખતે ચાલુ પાક વર્ષ ૨૦૧૯-૨૦ના આગામી રવિ સિઝન માટે કેન્દ્ર સરકારે ૧૦.૦૫ કરોડ ટન ઘઉં ઉત્પાદન માટે લક્ષ્ય રાખતા નવી આશા જાગી છે. ખાસ કરીને રવિ સિઝનના પ્રમુખ પાક ઘઉંની વાવણી ક્ષેત્ર આ વખતે વધી જવાની શક્યતા દેખાઇ રહી છે. કૃષિ વૈજ્ઞાનિકોની વાત કરવામાં આવે તો રવિ સિઝનમાં સ્થિતી વધારે સાનુકુળ બની શકે છે. રવિ સિઝનમાં આ વખતે ઉત્પાદનમાં એક નવો રેકોર્ડ બની શકે છે. જાણકાર લોકો માની રહ્યા છે કે ગયા વર્ષની તુલનામાં ઉલ્લેખનીય વધારો થઇ શકે છે. જેના કારણે એક નવો રેકોર્ડ બની શકે છે. દેશમા ઘઉ અને અન્ય અનાજ ઉત્પાદનને વધારી દેવા માટે સરકાર દ્વારા

**અનુસંધાન પાના નં.૬**

## દાંતામાં એસબીઆઈ સર્વિસ સેન્ટરમાં ૨૮ હજારની ચોરી




(પ્રતિ.) દાંતા

દાંતા એસબીઆઈ સર્વિસ સેન્ટરમાં ૨૮ હજારની ચોરી થતાં ચકચાર મચી જવા પામી છે. જે મામલે દાંતા પોલીસ સ્ટેશનમાં ફરીયાદની તજવીજ હાથ ધરી હતી. અજાણ્યા તસ્કરે સર્વિસ સેન્ટરના પાછળની બારી તોડી ચોરીને અંજામ આપ્યો હતો. જોકે, હોમગાર્ડનો પોઈન્ટ હોવા છતાં રાત્રે બે વાગેની ઘટના બની હતી. ચોરી કરનાર શખ્સ સીસીટીવી ફુટેજમાં કેદ થયો છે. આ ઉપરાંત બાજુમાં આવેલ મેડિકલ સ્ટોર્સમાં પણ એજ સમયે ચોરી થઈ હતી.

## ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી પાલનપુર પધારશે

### યોગગુરૂ શૈલેષજી રાઠોડે તમામ પ્રજાજનોને સત્સંગનો લાભ લેવા અનુરોધ કર્યો

ડીસા

પાલનપુર ખાતે અગામી ૨૪ ઓક્ટોબર ૨૦૧૯ ના રોજ પ્રથમ વખતે પરમ પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી દિપોત્સવ ૨૦૧૯ અંતર્ગત શ્રી મહાલક્ષ્મી પૂજા અને મહા સત્સંગમાં પધારશે. જેમાં તમામ જિલ્લાવાસીઓ ને પધારવા ડીસા ખાતે પધારેલા યોગગુરૂ શૈલેષજી રાઠોડે અનુરોધ કર્યો હતો.



પાલનપુર ખાતે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી આગામી ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ પધારી રહ્યા છે ત્યારે જિલ્લામાં ગુરુદેવના આગમનની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.ડીસા અને પાલનપુર ખાતે પધારેલા આર્ટ ઓફ લિવિંગના યોગગુરૂ શૈલેષજી રાઠોડ ડીસા ખાતે બાબુભાઈ માળીના ફાર્મ હાઉસ ઉપર તમામ આર્ટ ઓફ લિવિંગ ડીસાના કાર્યકર્તાઓની એક બેઠકનું આયોજન કર્યું હતું.જેમાં વધુમાં વધુ લોકો ગુરુજીનો સત્સંગનો લાભ લે તે માટે અનુરોધ કર્યો હતો.આ બાબતે શૈલેષજી રાઠોડે જણાવ્યું કે ગુરુજી પ્રથમ વખત પાલનપુરના મહેમાન બન્યા છે.ત્યારે જિલ્લા વાસીઓમાં અનેરો ઉત્સાહ છે.જેની તમામ તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.તમામ આર્ટ ઓફ લિવિંગના સેન્ટર ખાતે કાર્યકર્તાઓની બેઠકો યોજવામાં આવી રહી છે ત્યારે તમામ જિલ્લા વાસીઓને મહા સત્સંગ અને શ્રી મહાલક્ષ્મી પુજા કરવા માટે આમંત્રણ છે. આ બેઠકમાં બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દિપડા વૃંદાવન ગૌશાળા ખાતે શરદ પૂનમની ધામધૂમથી ઉજવણી કરાઈ



પાંચાભાઈ દેસાઈ

પ્રતિનિધિ રાહ

થરાદ તાલુકાના દિપડા ગામે આવેલ વૃંદાવન ગૌશાળા ખાતે શરદપૂનમના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા અને રાત્રિ દરમિયાન નવરાત્રી જેવો માહોલ જોવા મળ્યો રાત્રિના મોડા સુધી ગરબાની રમઝટ બોલાવી હતી.જેમાં રાજસ્થાની કલાકારો દ્વારા મારવાડી ગેર રમવામાં આવી હતી.જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.છેલ્લા દસ વર્ષથી સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવે છે. તેવું ગામનાં નાગરિક હમીરભાઈ સુથાર દ્વારા જણાવવામાં આવ્યું હતું.ગામના અને આજુબાજુના ધર્મપ્રેમી ગામજનો દ્વારા પૈસાના ચડાવા બોલવામાં આવ્યા હતા અને છેલ્લે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ સૌએ દૂધ પૌવાનો (ખીર) પ્રસાદ પણ લીધો હતો.

## ડીસાના ન્યુ.ટી.સી.ડી. મેદાન ઉપર ગુજરાત ક્રિકેટ એસો.સંચાલિત અન્ડર-૧૪ પસંદગી ક્રિકેટ મેચનો પ્રારંભ



### બનાસકાંઠાના કુલ-૫૦ ખેલાડી ભાગ લઈ રહ્યા છે.

ડીસા

ડીસાના ન્યુ.ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર ગુજરાત ક્રિકેટ એસો. સંચાલિત અન્ડર-૧૪ ટીચની પસંદગી માટે બે દિવસની ક્રિકેટ મેચનો પ્રારંભ કરવામાં આવ્યો. ધી ડીસા સ્પોર્ટ ક્રિકેટ એકેડમી અને બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ એસો.દ્વારા ન્યુ.ટી.સી.ડી. મેદાન ઉપર ક્રિકેટ અન્ડર-૧૪ ટીમમાં પસંદગી માટે રમાઈ રહી છે જેમાં બે દિવસની ટેસ્ટ મેચ રમાશે આ મેચમાં જે ખેલાડી સારૂ પ્રદર્શન કરશે તે બ.કાં.જીલ્લાની ક્રિકેટ ટીમ અન્ડર-૧૪ માં પસંદ કરવામાં આવશે તેઓ તા.૧૯-૧૦-૧૯ અને ૨૦-૧૦-૧૯ ના બે દિવસની મેચ બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ ક્રિકેટ ટીમ અને પંચમહાલ ડીસ્ટ્રીક્ટની ટીમ સામે રમશે અને આ ક્રિકેટ મેચમાં જે ખેલાડી સારૂ પ્રદર્શન કરશે તે ગુજરાત ક્રિકેટ એસો.ની અન્ડર-૧૪ની ટીમમાં પસંદગી પામશે. ડીસા એકેડમી ના વિપુલ આલના પ્રયત્નોથી ગુજરાત ક્રિકેટ એસો.ની વિવિધ એજ ગ્રુપોની મેચો આજે ડીસાના ન્યુ ટી.સી.ડી. મેદાન ઉપર રમાય છે. આજે અન્ડર-૧૪ ક્રિકેટ મેચના પ્રસંગે માનદમંત્રી બ.કા. ડીસ્ટ્રીક્ટ તરૂણ જોષી જો.સેક્ટરી લલિત પ્રજાપતિ સાંઈબાબાના રણજીતભાઈ ઘૈરવ ચિરાગ ખત્રી ઉપસ્થિત રહ્યાં હતાં.

### વ્યાપાર સમાચાર

## ખેતીની ફળદ્રુપ જમીનો નષ્ટ થઈ રહી છે.

છેલ્લા દશ વર્ષમાં અધિકતર ઔદ્યોગિકરણ તેમજ બીલ્ડીંગ વ્યવસાયની ભરમાર તેજીના કારણે તેમજ સરકારી અને બીન સરકારી એન.એ.કરાવવાની ગતી એટલી વધી ગઈ છે કે અત્યંત ફળદ્રુપ ખેતી લાયક જમીનો નષ્ટ થઈ રહી છે. કેટલાય ખેડૂતોની ખેતી લાયક ફળદ્રુપ અને ઉપજાઉ જમીનો, ખાનગી ઉપયોગોના કારણે તેમજ સરકારી જન સુવીધાહેતુ માટે ઓછી થઈ રહી છે. એના ફળ સ્વરૂપ અનાજના ઉત્પાદનમાં આવતી જંગી ઘટ સામે આવી રહી છે.

સરકારી અને કૃષિનિષ્ણાતો તેમજ આર્થિક વિશેષજ્ઞો અનાજની મોંઘવારી રહેવાના ઉપાયો વિચારી રહ્યા છે. પરંતુ ખેતીવાડીની જમીનો ધીરેધરે નષ્ટ થઈ રહી છે. તેના તરફ ધ્યાન જતુ નથી. જોડે વધતી જતી જનસંખ્ય માટે રહેણાંકના મકાનો બાધવા પણ આવશ્યક છે. એ વાત ભુલવી જોઈએ નહી કે માનવ જીવનમાં ત્રણ મુળભુત આવશ્યકતાઓ મહત્વપૂર્ણ જે છે તે રોટી, કપડા અને મકાન પરંતુઆ ત્રણમાં રોટી સૌથી મહત્વની છે.

રોડની બંને બાજુ જ્યાં હરિયાળા ખેતરોમાં પાક લહેરાતા જોવા મળતા હતા ત્યાં અને મોટી મોટી ઈમારતો અને ઔદ્યોગીક એકમો ઉભા થઈ ગયા છે રોડ સાઈડની ૭૦% જમીનો બિલ્ડીંગો અને ઔદ્યોગિકરણના કારણે ખેતીવાડી વિનાની થઈ ગઈ છે. પ્રતિ વર્ષ દેશની ૧૦% ખેતીવાડીની ફળદ્રુપ જમીન બાંધકામ પાછળ વેડફાય છે અને કૃષીઉત્પાદનો ઘટી રહ્યાં છે. તેનું કારણએ પણ છે કે ભારતની જન સંખ્યા ૮૫ કરોડથી વધીને ૧૩૦ કરોડને આંબી ગઈ છે. આ ભયાનક ચિંતાનો વિષય છે. જનસંખ્યા વધતી રોકવા સરકારના પગલા કારગત નિવડી રહ્યાં નથી. વસ્તી વધી રહી છે. જમીન તો વધવાની છે જ નહી પણ ઘટતી જાય છે. આ માટે ખેતીની ફળદ્રુપ જમીનો નષ્ટ ન થાય તેવાં પગલાં તાત્કાલિક ભરવાની જરૂર છે.

**શ્રી લક્ષ્મીચંદ કોઠારી (રૈયાવાળા) ડીસા**

## ધાનેરા ખાતે માનવ સેવા સંગઠન દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

તા.પ્રતિનિધિ ધાનેરા

અત્યારે વાયરલ તાવ તેમજ ડેંગ્યુ જેવી ગંભીર બીમારીથી હોસ્પિટલ ઉભરાઈ રહી છે.ખાસ કરીને લોહીની ઉણપના કારણે અસંખ્ય દર્દીઓ બીમારીથી પીડાઈ રહ્યા છે.જયારે રક્ત માટે ધાનેરા ખાતે સેવા કરતું માનવ સેવા સંગઠનએ યુવાનોમાં રક્તદાન માટેની જાગૃતિના પ્રયાસ માટે ધાનેરાના મધુસુધન પ્લાઝા ખાતે રક્ત દાન શિબિરનું આયોજન કર્યું હતું.જેમાં ૫૦થી પણવધારે રક્ત વિરોએ રક્ત દાન કર્યું હતું.ખાસ કરીને ૩૦ જેટલા યુવાનોએ પ્રથમ વાર રક્ત દાન કરી માનવ સેવા કાર્યની શરૂઆત કરી હતી.વ્હાઈટ ક્રોસ વોલન્ટરી બલ્ડ બેન્કએ તમામ રક્ત દાન માટેની સુવિધા ઉભી કરી હતી અને ૫૦થી પણ વધારે રક્તની બોટલો એત્રિત થઈ હતી.માનવ સેવા સંઘઠનના તમામ સદસ્યો સહિત ધાનેરાના તબીબોએ પણ હાજર રહી રક્ત દાન કરી જન જાગૃતિ માટે કામ કર્યું હતું.

## સૂઈગામ પોલીસ દ્વારા ૧૩૦થી વધુ વૃક્ષો રોપાયા



વિષ્ણુ પરમાર

સૂઈગામ તાલુકા પોલીસ પોલીસ મથક ખાતે પી.એસ.આઈ. એ.આર.ચૌધરીની સાહબરી હેઠળ સ્ટાફ મિત્રોએ સાથે મળીને ૧૩૦ થી વધુ વિવિધ પ્રકારના રોપાઓનું વાવેતર કરી ઉમદા કાર્યને ઉજાગર કર્યું હતું.

## પરીક્ષા રદ થતાં ૧૦.૪૫ લાખ બેરોજગારોએ ૧૧ કરોડ ખોયા

અમદાવાદ

ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળે તા.૨૦મી ઓક્ટોબર લેવાનારી બિન સચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટ માટેની ભરતી પરીક્ષા રદ કરવાનો નિર્ણયને લઇ હાલ બહુ મોટો વિવાદ સર્જાયો છે અને ખુદ રાજય સરકાર કઠેડામાં આવી ગઇ છે. સમગ્ર રાજયમાંથી ૧૦.૭૫ લાખ ઉમેદવારો પરીક્ષા આપવાના હતા. જો કે, છેલ્લી ઘડીયે ૧૦ લાખ ૪૫ હજાર ઉમેદવારોને પરીક્ષા રદ અંગેની માહિતી વેબસાઈટ પર મુકાઈ હતી. આ પરીક્ષાર્થી ઉમેદવારોએ ફોર્મ માટે ઉમેદવાર દીઠ રૂ. ૧૦૦ વત્તા ૧૨ પોસ્ટલ ચાર્જીસ સહિત કુલ ૧૧૨ રૂપિયા ફી ઓનલાઈન ભરી હતી. પરીક્ષા રદ થતા ૧૦.૪૫ લાખ વિદ્યાર્થીઓને ૧૦,૭૦, ૪૦૦૦૦ રૂપિયાનું નુકસાન થયું છે. પરીક્ષા રદ થવાને લઈ લાખો ઉમેદવારોમાં ભારોભાર આક્રોશ પ્રવર્તી રહ્યો છે. સરકારે હજુ સુધી નવી પરીક્ષાની તારીખ કે ઉમેદવારોને ફીમાં રાહત અંગે પણ કોઇ સ્પષ્ટતા કરી નથી જે પણ બહુ ગંભીર બાબત છે. ખાસ કરીને ધોરણ-૧૨ પાસની લાયકાત રદ કરી તેના બદલે સ્નાતકની જ લાયકાત માન્ય રાખવાનો નવો નિર્ણય કરાયો છે, તેના કારણે આ પરીક્ષા માટે ધોરણ-૧૨ પાસના લાખો ઉમેદવારોએ કરેલી ભારે તૈયારી અને મહેનત પર પાણી ફરી વળ્યું છે અને ધોરણ-૧૨ પાસ ઉમેદવારોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. જેથી તેમની હાલત તો સૌથી વધુ કફોડી બની છે. સચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટની પરીક્ષા રદ થવાની સાથે ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થીઓને પણ આ પરીક્ષામાંથી બાકાત રાખવાનું સરકારે અચાનક નિર્ણય કરતા છેલ્લા દોઢ વર્ષથી આ પરીક્ષાનું ફોર્મ ભરીને તેની તૈયારી કરી રહેલા ધોરણ-૧૨ પાસ ઉમેદવારોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે. ખાસ કરીને તેજસ્વી વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં સારા માર્ક્સ મેળવી નોકરી મેળવવા માટે સતત ૧૦થી ૧૨ કલાક મહેનત કરી હતી. જ્યારે અનેક વિદ્યાર્થીઓએ મોટી ફી ભરીને ખાનગી ટ્યુશનોમાં પણ તૈયારી કરી હતી. આવા લાખો વિદ્યાર્થીઓ સરકારના નિર્ણયથી હતાશ થઈ ગયા છે.

**અનુસંધાન પાના નં.૬**

# થરાદ વિધાનસભા મત વિસ્તારમાં મતદાર કાપલીનું વિતરણ શરૂ કરાયુ



પાલનપુર

૮-થરાદ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી તા.૨૧ ઓકટોબર-૨૦૧૯ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૪/૧૦/૨૦૧૯ના રોજ હાથ ધરવામાં આવશે. થરાદ વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષી ચૂંટણી પંચ દ્વારા ૮- થરાદ મતવિસ્તારમાં મતદાર કાપલીનું વિતરણ ઘેર ઘેર કરવામાં આવ્યું છે. થરાદ વિધાનસભા મતવિસ્તારમાં કુલ-૨૬૦ મતદાન મથકો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, થરાદ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કુલ-૨,૧૭,૮૦૩ મતદારો છે. જેમાં પુરૂષ- ૧,૧૫,૬૮૪ અને સ્ત્રી- ૧,૦૨,૧૧૯ છે તથા ૬૧૩ દિવ્યાંગ મતદારો છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ વખતે ૮- થરાદ મતવિસ્તારના મતદારોની સંખ્યા કુલ-૨,૦૯,૧૮૩ હતી. હાલ તા.૨૧/૯/૨૦૧૯ની સ્થિતિએ થરાદ વિધાનસભાના મતદારોની સંખ્યા કુલ-૨,૧૭,૮૦૩ છે. આમ ગઈ વિધાનસભાની ચૂંટણીની સરખામણીમાં કુલ-૮,૬૨૦ મતદારોનો વધારો થયો છે.

# થરાદ પોલીસે વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના પોલીસના કર્મચારીઓ ખોડા આઉટપોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન એક સફેદ કલરની ડી.આઇ.જીપ નંબર જ્ન૦૮છ્ન ૭૧૭૯ માં વિદેશી દારૂ ભરીને રાજસ્થાનના કોડ ગામેથી થરાદ તાલુકાના નાનામેસરા ગામનો પીરાભાઈ વેરશીભાઈ રબારી નામનો શખસ કાચા નેળીયાથી વાઘાસણ આવનાર હોવાની ખાનગી બાતમી મળી હતી. આથી પોલીસે વાઘાસણ ગામના ચરેડામાં કોડ તરફથી આવતા કાચાં નેળીયામાં નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. દરમિયાન ઉપરોક્ત જીપ આવતાં તેને રોકવાનો ખાનગી વાહનથી પ્રયાસ કરતાં ચાલકે પુરઝડપે જીપ ભગાડી હતી. પોલીસે તેનો પીછો કરતા નાનામેસરા ગામના ચરેડામાં વિલાયતી બાવળોની ઝાડીમાં જીપ મુકી ચાલક નાસી છુટયો હતો. પોલીસે તલાશી લેતા જીપમાંથી વિદેશી દારૂની ૫૭૬ બોટલ કિંમત રૂપિયા ૫૭૬૦૦ મળી આવી હતી. પોલીસે ૧.૫૦ લાખની સહિત ૨૦૭૬૦૦નો મુદ્દામાલ કબજે લઇ નાસી છુટેલા ચાલક સામે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### કાનપુર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં

# લઘુ અખબારોના સંગઠનને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂકાયો

## વર્ષ ૨૦૨૦ સંગઠન વર્ષ તરીકે મનાવવા નિર્ધાર : શંકર કતીરા



ડીસા

નાના અખબારોને નડતા પ્રશ્નો માટે સરકાર સાથે હકારાત્મક અભિગમ અપનાવી તેનો ઉકેલ લાવવાની દિશામાં સંગઠન સક્રિય પણે કાર્ય કરી પત્રકારોના હિતને પ્રાધાન્ય આપી સંગઠન ઢાલ તરીકે કામ કરશે તેવો વિશ્ર્વાસ રાષ્ટ્રીય અધ્યક્ષ કેશવ દત્ત ચંદોલાજી એ વ્યકત કર્યો હતો. એશોશીએશન ઓફ સ્મોલ એન્ડ મીડીયમ ન્યુઝ પેપર ઓફ ઈન્ડિયાની રાષ્ટ્રીય કાર્યકારીણીની બેઠક ઉતર પ્રદેશના કાનપુર ખાતે આયોજિત થઈ હતી.પ્રારંભે યજમાન યુ.પી રાજય સંગઠન દ્વારા સૌને આવકાર આપી સન્માન કરવામાં આવ્યુ હતુ.સંગઠનના દેશભરમાંથી હાજર રાજય પ્રતિનીધિઓએ કામગીરી પર પ્રકાશ પાડયો હતો અને સંગઠનના વિસ્તાર માટે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. સભાપતિ અને સીનીયર સભ્ય અશોક ચતુર્વેદિએ સંગઠનની પ્રગતિ માટે સભ્યોને મૂલ્યવાન સૂચનો કર્યા હતા.

રાષ્ટ્રીય મહાસચીવ શંકર કતીરાએ વર્તમાન સમયમાં નાના અખબારોને વિજ્ઞાપન અને રજીસ્ટાર ઓફ ન્યુઝ પેપર ઓફ ઈન્ડિયા તેમજ પોસ્ટ ખાતા દ્વારા વિના કારણ લઘુ અખબારોને કરવામાં આવતી પરેશાની બાબત ઉગ્ર રજૂઆત કરી નિવેડો લાવવા પર ભાર મુકયો હતો તેમજ આગામી ૨૦૨૦ ના વર્ષને સંગઠન વર્ષ જાહેર કરી દેશભરમાંથી વધુનેવધુ સભ્યો બને તે માટે આહવાન કર્યુ હતુ.

ઉપરાંત લઘુ અખબારોને લાગુ પડતા જી.એસ.ટી.ને દૂર કરવા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. રાજય પ્રમુખ મયૂર બોરીચાએ ગુજરાતમાં સંગઠનની પ્રવૃતિનો અહેવાલ આપતા સંગઠનને મજબૂત બનાવવા થતી કામગીરી અંગે જણાવ્યુ હતુ મીટીગમાં ગુજરાત ઉપરાંત આંધ્ર પ્રદેશ ઓરિસ્સા આસામ રાજસ્થાન મહારાષ્ટ્ર તેમજ અન્ય રાજયમાંથી લઘુ અખબારોના પ્રતિનીધીઓ હાજર રહયા હતા. ગુજરાતના બે પત્રકારો માતૃછાયા યના તંત્રી ખેમચંદભાઈ સોલનકી

અનુસંધાન પાના નં.૬

# મુમુક્ષુ પુજા તેમજ વિધિ વારીયા આત્મ કલ્યાણના માર્ગે કદમ માંડશે

## મીઠી પાલડીની બે મુમુક્ષુરત્ના સંયમપંથે સીધાવશે..!!



નવિન દોશી

પ્રતિનિધિ પાલડી-મીઠી

બનાસકાંઠા ની ધન્ય નગરી મીઠી પાલડી નગરી આમતો જૈન સમાજ માટે દીક્ષાની ખાણ તરીકે ઓળખાય છે, આ નગરીમાં આજ દિન સુધી ૬૪ જેટલા મુમુક્ષુઓ આ અસાર એવા સંસાર ને છોડીને સંયમ પંથે સિધાવ્યા છે ,અને આજે વધુ બે મુમુક્ષુ રત્ન સંયમ પંથે પ્રયાણ કરવા તત્પર બન્યા છે.

વારીયા હસમુખલાલ બબલદાસની સુપુત્રી..મુમુક્ષુ રત્ના પુજાકુમારી તેમજ વારીયા દિલીપકુમાર ચીમનલાલની સુપુત્રી મુમુક્ષુ રત્ના વિધિકુમારી જેઓ બાલ્યા વયમાંજ સુસંસ્કારોનું સિંચન કરીને માતા પિતાના કુળને ઉજવલ બનાવવાની સમ્પૂર્ણ ભાવનાની સાથે સાથે આજ પાલડી-મીઠી ગામને તેમજ સમસ્ત વારીયા પરિવાર કુળને પણ રોશન કરવા તેમજ પોતાના આત્માનું કલ્યાણ કરવા ચારિત્રના કઠોર માર્ગે ચાલવા કટિબદ્ધ બનીને સંસાર છોડવા તત્પર બન્યા છે, ત્યારે આ પ્રસંગ સંદર્ભ ગઈ કાલ તા-૧૪/૧૦/૨૦૧૯ ના રોજ મીઠી-પાલડી બનાસકાંઠા નગરથી વારીયા પરિવાર તેમજ શ્રી પાલડી જૈન સંઘ બસ યાત્રા રૂપે અમદાવાદ સાબરમતી મુકામે મુમુક્ષુના સંયમ મુર્હતના વધામણા કરવા વાજતે ગાજતે બગી ઢોલ બેન્ડ સાજન માજન મોટી માત્રામા પધાર્યા હતા.

ત્યાં ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ.આ.ભ.શ્રી.વિજય રામચંદ્રસુરીશ્વરજી મ.સા ના આજ્ઞાનુવર્તિ પ.પૂ.પન્યાસ શ્રી તત્વપ્રભવિજયજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં મંગલ મુર્હતનો શુભ દિવસ જાહેર કરાતા તેમજ મુર્હત વધામણા કરાતા સકલ શ્રી સંઘ તેમજ વારીયા પરિવાર મા આનંદની છોલો ઉડવા પામી હતી. અત્રે ઉલ્લેખનીયછે કે મુમુક્ષુની પ્રવજયા આગામી દિવસોમાં સુરત(વેસુ) મુકામે યોજાશે.

# ધાનેરા ખાતે ગૌ માતાના લાભાર્થે શરદ પૂર્ણિમાના ગરબામાં ભક્તિનો રંગ જામ્યો

## ગૌ ભકતોએ દાન કરી ગરબાના તાલે મોડી રાત સુધી ગરબાની રમઝટ બોલાવી



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે સતત પાંચ વર્ષથી ગૌ માતાના લાભાર્થે યોજતા શરદ પૂર્ણિમાના ગરબામાં ગૌ ભક્તિનો અદભુદ માહોલ જોવા મળતો હોય છે.જયારે ગત રવિવારની રાત્રી એ પણ ગાયત્રી મંદિર ખાતે શરદ પૂનમના ગરબામાં મોટા પ્રમાણમાં ગૌ ભકતોએ ભક્તિ સાથે ગરબાની મજા માણી હતી.

ધાનેરા ખાતે ગૌ માતાના લાભાર્થે છેલ્લા ચાર વર્ષથી ગાયત્રી મંદિર ખાતે શરદપૂર્ણિમાના ગરબાનું આયોજન થાય છે.જયારે ગત રવિવારની રાત્રીએ પણ ગાયત્રી યુવક મંડળ તેમજ ગૌ ભકતોના સહકારથી ભવ્ય રાસ ગરબાની રમઝટ માણી હતી.આ પ્રસંગે ધાનેરા નગરપાલિકા પ્રમુખ યુસુફ ખાન બેલિમ, પૂર્વ નગરપાલિકા પ્રમુખ બળવંતજી બારોટ,સેવાભાવિ તબીબ ડો.લાખાભાઈ પ્રજાપતિ, ડો.બી.જી.મોર સહિત ગૌ સેવા સમિતિના અધ્યક્ષ ત્રમ્બકેશ્વર શાસ્ત્રી,મોબતાજી રાજપૂત સહિત ગૌ ભકતો મોટા પ્રમાણમાં હજાર રહી અલગ અલગ ગૌ માતાના ચડાવો બોલી ગૌ ભક્તિ કરી હતી.જેમાં ગૌ માતાનું પૂજન,ચુંદડીનો ચડાવો,ચામરનો ચડાવો,ગૌ માતાને હાર પેરાવાનો ચડાવો સાથે ૧૦૮ દિવાની મહા આરતી તેમજ કપૂરની આરતીનો ચડાવો બોલી ભગતોએ ગૌ માતાની સેવા કરી હતી.ગૌ આરતી થતા માહોલ ગૌ ભક્તિભર્યો બની ગયો હતો.

અનુસંધાન પાના નં.૬

# ભાભર મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રમાં પીવાના પાણીનો અભાવ : ખેડૂતો પરેશાન



## દાતા દ્વારા બનાવાયેલ પાણીની પરબ શોભાના ગાંઠિયા સમાન

પ્રતિનિધિ ભાભર

ભાભર મામલતદાર કચેરીની જનસેવા કેન્દ્રમાં પીવાનું પાણીના અભાવથી ખેડૂત અરજદારો પરેશાન છે. ક્યારેક ઓનલાઈન સુવિધા બંધ હોવાની ફરિયાદો ઉઠી છે.જયારે જનસેવા કેન્દ્રમાં પીવાનું પાણી ન હોવાથી અરજદારો પરેશાની ભોગવી રહ્યા છે.દાતા દ્વારા બનાવાયેલ પાણીની પરબ શોભાના ગાંઠિયા સમાન છે.જન સેવા કેન્દ્રના જવાબદાર તંત્ર અરજદારોને પડતી હાલાકી દુર કરવા કોઇ સાંભળતું નથી.અરજદારો જનસેવા કેન્દ્રમાં પીવાનું પાણી ના હોવાથી પ્રતિબંધિત પાણીના પાઉચ ઉંચા ભાવે ખરીદી તરસ છીપાવી રહ્યા છે.ભાભર જનસેવા કેન્દ્રમાં પુરતી સુવિધા ચાલુ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

# સકલાણા ગ્રામ પંચાયત વોર્ડની પેટા ચૂંટણીમાં ગીતાબેન હડીયોલ વિજેતા



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકાની સકલાણા ગ્રામ પંચાયતની ખાલી પડેલી વોર્ડ નંબર ૫ ની પેટા ચુંટણીનું રવિવારે મતદાન થયું હતું જેથી મત ગણતરીને લઈ ઉત્તેજના છવાઈ હતી. જેની મત ગણતરી મંગળવારે મામલતદાર કચેરી વડગામ ખાતે હાથ ધરાતાં ઉમેદવાર ગીતાબેન નટવરસિંહ હડીયોલ ૧૧૭ મતોથી વિજેતા જાહેર થયા હતાં. ચૂંટણી અધિકારી શતિષ ભાઈ પંડયા અને નાયબ-મામલતદાર ભીમજીભાઇ કે.ખસોરે જણાવ્યું હતું કે,કુલ

૨૧૫ વોટનું મતદાન થયું હતું, જેમાં ઉમેદવાર ગીતાબેન નટવરસિંહ હડીયોલને ૧૧૭ જયારે હરીફ ઉમેદવાર સજનબેન ડી.ચૌહાણ ને ૯૭ મતોમળ્યા હતા. વિજેતા ઉમેદવારને સમર્થકોએ ફુલહાર પહેરાવી વધાવી લીધા હતા.

## માવસરી પી.એસ.આઈ.ની સરાહનીય કામગીરી



તા.પ્રતિ. વાવ

આંતાર રાજય અને આંતર રાષ્ટ્રીય સરહદી સીમા ધરાવતા વાવ તાલુકાના માવસારી પોલીસ મથક ખાતે પી.એસ.આઈ. તરીકે એલ.જી.નકુમના આગમન બાદ સરહદી સીમા પરથી મોટી સંખ્યામાં વિદેશી દારૂ ઝડપાયો છે. અને બુટલેગરો પણ જેલની હવા ખાતા તેમનામાં પણ ફફડાટ જોવા મળ્યો છે. દારૂ, ચોરી, જુગાર, અસામાજીક પ્રવૃતિઓ ઉપર રોક લાગી ગઈ છે. રાજસ્થાનમાંથી વિદેશી દારૂ ઘૂસાડતા માફીયા તત્વો ભુગર્ભ માં ઉતરી ગયા છે. રાત-દિવસ પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલીંગ કરતા એલ.જી. નકુમ અને માવસરી પોલીસની કામગીરી પ્રશંસાનું પાત્ર બની રહી છે.

# ડીસા હાઈવે વિસ્તારમાં પૂ.ધુરંધર વિ.મ.સા.ની નિશ્રામાં શાશ્વતી ઓળીની આરાધના

ડીસા

ધર્મ નગરી ડીસાના હાઈવે વિસ્તારમાં નવકાર મહામંત્રના અજોડ આરાધક પૂ.આ.ભ. મહાયશ વિ.મ.સા.ના શિષ્ય રત્ન પર્યાય વૃધ્ધ પૂ.મુનિરાજશ્રી ધુરંધર વિ.મ.સાની શુભ નિશ્રામાં શાંતાબેન મફતલાલ દુગગડ પરીવાર દ્વારા શાશવતી આસો માસની ઓળીનું આયોજન થયેલ દરરોજ સવારે પ્રવચન તેમજ નવકાર મહામંત્રની સામુહિક ધુન સાથે દરરોજ અલગ-અલગ વિષયો પર પૂજયશ્રીએ પ્રવચન કરમાવેલ આસો સુદ-૧૫માં તપસ્વી મુનિરાજશ્રી હર્ષસેન વિ.મ.સા.ના ગુણાનુવાદ થયેલ વર્ધમાન તપની ૧૦૦ ઓળીના અજોડ આરાધક પૂજયશ્રીની ઘડગી ઓળીઓ ડીસામા થયેલ તેથી ડીસાવાસીઓ પણ પૂજયશ્રીને ખાસ યાદ કરીને તેમના વૈયાવશ્ય અને સેવાના ગુણોને યાદ કરેલ તેમજ આયોજક પરિવાર દ્વારા સિધ્ધચક્ર મહાપૂજન ભણાવાયેલ હતું. પ્રવચનમાં સમગ્ર ડીસા શહેરમાંથી મોટી સંખ્યામાં શ્રોતાઓને પ્રભુવાણીનું રસપાન કરેલ.

# નાંણી ગામના પોલીસ કોન્સ્ટેબલનું આકસ્મિક મોત થતાં સહકર્મીઓ દ્વારા ઉદાર હાથે સખાવત

## કચ્છના ભચાઉ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવલ

ડીસા તાલુકાના અને હાલ લાખણીના નાંણી ગામના અમીતભાઇ કાળુભાઇ કળોતરા થોડાક વર્ષો અગાઉ પોલીસ વિભાગમાં લોકરક્ષક તરીકે જોડાયા હતા અને કચ્છના ભચાઉ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે ગત તા ૯ સપ્ટેમ્બરના રોજ આકસ્મિક મૃત્યુ થતાં પરીવાર પર આભ તૂટી પડ્યું હતું.પોતાના નાના બે બાળકોને મુકી અણધારી વિદાય લેતા પોલીસ વિભાગમાં શોકની લાગણી છવાઈ હતી ત્યારે કચ્છ પુર્વ વિભાગના એસ.પી પરીક્ષીતા રાઠોડે પણ કચ્છ પોલીસના કર્મચારીઓને પોતાનો દિવસનો પગાર આ પરીવારને આપવાંનુ કહ્યુ હતું. જેને લઈ પોલીસ વિભાગમાંથી દરેકે ઉદાર હાથે આકસ્મિક રીતે મરણ જનાર પોલીસ કોન્સ્ટેબલના પરીવારને મદદ કરી છે. સાથે બનાસકાંઠા જીલ્લામાં પણ પોલીસ વિભાગમાં ફરજ બજાવતા રબારી સમાજ કર્મચારીઓ તથા અન્ય સમાજના કર્મચારીઓ સાથે મળી આ પરીવારને મદદ કરતા રુપિયા એકલાખ પંચ્યાસી હજાર ભેગા થતાં ગતરોજ નાંણી મુકામે જઈ પરીવારને સુપરત કર્યો હતા.સમગ્ર ગુજરાત રાજયના પોલીસના વિવિધ વિભાગોમાંથી રુપિયા દશ લાખ એકત્રીત થયા હોવાનું જાણવાં મળ્યુ છે ખરેખર પોલીસ વિભાગ દ્વારા એક પોલીસ કોન્સ્ટેબલના પરીવારને આર્થિક મદદ કરવાની આ પહેલને સૌ કોઈ સહરારી રહયા છે અને પોલિસ વિભાગની આ કામગીરી ધન્યવાદને પાત્ર છે.

# રાજ્યમાં ડેંગ્યુથી હાહાકાર ફેલાયો : ૧૧થી વધુ મૃત્યુ

અમદાવાદ

જામનગર અને અમદાવાદ સહિત ગુજરાતના કેટલાક ભાગોમાં ડેંગ્યુ રોગચાળાએ જોરદાર આતંક મચાવ્યો છે. ડેંગ્યુના હાહાકાર વચ્ચે તંત્રના પગલા બિનઅસરકારક સાબિત થઇ રહ્યા છે. ડેંગ્યુના કારણે જામનગર, અમદાવાદમાં દર્દીઓની સંખ્યા અવિરતપણે વધી રહી છે. જામનગરમાં આજે વધુ ૪૬ કેસ સપાટી ઉપર આવ્યા હતા. આની સાથે જ છેલ્લા ૧૫ દિવસના ગાળામાં જ ૭૨૩થી વધુ કેસો નોંધાઈ ચુક્યા છે. બીજી બાજુ ૧૧થી વધુના મોત પણ થઇ ચુક્યા છે. દર્દીઓની સારવાર ઝડપથી થાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. છતાં પણ રોગચાળાએ આતંક મચાવી દીધો છે. હોસ્પિટલમાં સ્થિતિ એ છે કે, એક જ ખાટલા પર બેથી વધુ દર્દીઓને સારવાર આપવાની ફરજ પડી રહી છે. અમદાવાદમાં પણ માત્ર ૧૨ દિવસના ગાળામાં જ ડેંગ્યુના ૩૬૫થી વધુ કેસો નોંધાઈ ચુક્યા છે. બેના મોત પણ થઈ ચુક્યા છે. અમદાવાદ શહેરમાં ડેંગ્યુનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. અમદાવાદ શહેરમાં જ છેલ્લા ૧૧ દિવસના ગાળામાં ૩૬૦થી વધુ કેસ નોંધાઈ ચુક્યા છે. તંત્ર તરફથી આ આંકડાને લઈને વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. બીજી બાજુ આરોગ્ય અધિકારીઓએ દાવો કર્યો છે કે, મોટી સંખ્યામાં નાગરિકો મચ્છરોના ફેલાવવાના સ્થળ પર ગંભીરતાથી ધ્યાન આપી રહ્યા નથી. સપ્ટેમ્બર મહિનામાં જ એએમસીના અધિકારીઓ દ્વારા પ્રતિરુમ મચ્છરોની વ્યાપક હાજરીની ચેતવણી આપી હતી. લાંભા વિસ્તારમાં પ્રતિરુમ મોટી સંખ્યામાં મચ્છરો હોવાની વિગતો ખુલી હતી. શાહીબાગ અને અમરાઈવાડી મોસ્કીટો ડેનસિટી ધરાવતા વિસ્તારો છે. રાણીપ, વેજલપુર, જોધપુર વિસ્તારમાં પણ રોગચાળાને રોકવા વિવિધ પગલા લેવાઈ રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬

# ગૌણ સેવાની પરીક્ષા રદ થતાં કોંગ્રેસનો રાજ્યવ્યાપી હલ્લાબોલ

અમદાવાદ

રાજયમાં લોકરક્ષક દળ બાદ હવે સચિવાલયમાં કલાર્ક અને ઓફિસ આસીટન્ટની પરીક્ષા રદ કરવામાં આવતાં શિક્ષિત યુવાઓમાં ભારે રોષ જોવા મળી રહયો છે. બીજીબાજુ, લાખો ઉમેદવારોના સમર્થનમાં ઉતરેલી કોંગ્રેસે આજે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં જિલ્લા-તાલુકા કક્ષાએ હલ્લાબોલ અને દેખાવોના વિરોધ કાર્યક્રમો યોજયા હતા. અમદાવાદ શહેરમાં પણ રબારી કોલોની વિસ્તારમાં કોંગ્રેસના સ્થાનિક આગેવાનોએ ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓ સાથે મળી જાહેરમાં ભાજપ સરકાર વિરૂધ્ધ જોરદાર સૂત્રોચ્ચાર અને દેખાવો યોજયા હતા. તો, રોષે ભરાયેલા ઉમેદવારોએ ધોરણ-૧૨ની માર્કશીટની હોળી કરી સરકાર સામે આક્રોશ ઠાલવ્યો હતો. અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં આવેલ રબારી કોલોની ચાર રસ્તા પર કોંગ્રેસ અને એનએસયુઆઇના નેજા હેઠળ આજે સેંકડો પરીક્ષાર્થી ઉમેદવારો પોતાનો આક્રોશ વ્યકત કરવા ઉમટયા હતા અને પરીક્ષા રદ કરવાના નિર્ણયના વિરોધમાં ઉગ્ર દેખાવો કર્યા હતાં. વિરોધ પ્રદર્શનમાં આશરે ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓ જોડાયાં હતા અને તેમણે ભાજપ વિરુદ્ધ હાય હાય ના નારા લગાવી વાતાવરણ ગજવી નાંખ્યું હતું. વાતાવરણ તંગ બની જતાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને કેટલાક આંદોલનકારીઓની અટકાયત કરી લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજયમાં લેવાનારી લોકરક્ષક દળની પરીક્ષા છેલ્લી ઘડીએ રદ થતાં પરીક્ષાર્થીઓ અટવાયાં હતાં. આ ઘટના બાદ સરકારે બીજીવાર આવું નહીં થાય તેની ખાતરી આપી હતી પણ બીજી પરીક્ષા પર રદ કરાઇ છે. આજે રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ તેમની ધોરણ -૧૨ની માર્કશીટની જાહેરમાં હોળી કરી હૈયાવરાળ ઠાલવી આક્રોશ વ્યકત કર્યો હતો. કોંગ્રેસ, એનએસયુઆઇના કાર્યકરો અને ઉમેદવારોએ સરકાર વિરોધી જોરદાર સૂત્રોચ્ચાર અને નારા લગાવી હોબાળો મચાવ્યો હતો. અમદાવાદ શહેરની જેમ જ આજે સુરત, ભરૂચ, વડોદરા સહિતના જિલ્લા-તાલુકા કક્ષાએ પણ કોંગ્રેસ દ્વારા વિરોધ કાર્યકર્મો યોજવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગૌણ સેવા પસંદગી મંડળને લઇને પરીક્ષા રદ કરવામાં આવ્યા બાદ હાલમાં જોરદાર હોબાળો મચેલો છે. સોમવારના દિવસે પણ પરીક્ષા માટે અરજી કરનાર યુવાનોએ કાર્યક્રમ યોજયો હતો. ત્યારબાદ પોલીસને બોલાવવાની ફરજ પડી હતી અને નારાજ થયેલા અરજીદાર યુવાનોને ઓફિસમાંથી બહાર કરવામાં આવ્યા બાદ નારાબાજી જારી રહી હતી. ગઈકાલે અરજીદારો દ્વારા હલ્લાબોલ કાર્યક્રમ યોજયા બાદ આજે સરકારી ભરતીની પરીક્ષા રદ કરવાના વિરોધમાં આજે કોંગ્રેસે ધરણા પ્રદર્શનના કાર્યક્રમો યોજયા હતા. સાથે સાથે જિલ્લા કલેક્ટર મારફતે રાજયપાલને આવેદનપત્ર આપવાની પણ વાત કરી હતી.

# ગાંધીનગર પાસે દિપડાનું રેસ્ક્યું ઓપરેશન સફળ

અમદાવાદ

ગાંધીનગર પાસેથી પસાર થતી સાબરમતી નદીના કોતર વિસ્તાર નજીકના કેટલાક ગામોમાં પાલતુ પ્રાણીઓના મારણ અને દિપડાના પગમાર્ક અનેકવાર જોવા મળ્યા હતા. જેને ગંભીરતાથી લઈને ગાંધીનગર વન વિભાગ દ્વારા છેલ્લા છ મહિનાથી આ દિપડાને ટ્રેક કરીને રેસ્ક્યુ કરવા માટેના પ્રયત્નો હાથ ધર્યા હતા. જેના પરિણામ સ્વરૂપે ગાંધીનગર નજીકના દોલારાણા વાસણા(બાપુપુરા) ગામમાં દિલધડક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને વન વિભાગની ટીમે દિપડાનું સફળતાપૂર્વક રેસ્ક્યુ ઓપરેશન પાર પડ્યું હતું. જો કે, હજુપણ સાબરમતી નદીના કોતરોના વિસ્તારમાં દિપડો હોવાની શક્યતા વ્યક્તા કરતા ગાંધીનગર નાયબ વન સંરક્ષક એસ.એમ.ડામોરે જણાવ્યું હતું કે, આ દિપડાને ટ્રેક કરીને રેસ્ક્યુ કરવા તેમની ટીમો દ્વારા કવાયત ચાલી રહી છે. ગાંધીનગર નજીકના ફતેપુરા, પીંપળજ, પીંઢારડા, દોલારાણા વાસણા, ગ્રામભારતી, અમરાપુર અને અંબોડ સહિતના નદીકાંઠાના ગામોમાંથી અવારનવાર દિપડાના પગમાર્ક જોવા મળ્યા હતા અને પાલતુ પ્રાણીઓના મારણ કર્યા હોવાના બનાવો વન વિભાગને ધ્યાને આવ્યા હતા. જેના અનુસંધાને ગાંધીનગર વન વિભાગ દ્વારા બોરીજ, ઉર્જા અને માણસા રેન્જમાં દિપડાને પકડી પાડવા ટીમો બનાવી સતત પેટ્રોલીગ અને મોનીટરીગ કરાઈ રહ્યું હતું. ગાંધીનગર નાયબ વન સંરક્ષકએ વધુમાં ઉમેર્યું હતું કે, દિપડાને પકડવા બનાવેલી વિવિધ વ્યૂહરચના અંતર્ગત બનાસકાંઠા વન્યજીવ ડીવીઝનની રેસ્ક્યુ ટીમ તથા સાસણગીર અભ્યારણ્યની ટ્રેકર ટીમોની પણ મદદ લેવામાં આવી હતી. તે ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પાંજરા ગોઠવીને ગ્રામજનોને રાત્રે ખુલ્લામાં નહીં સુવા સુચનાઓ પણ જારી કરવામાં આવી હતી. અનેક પ્રયત્નોને અંતે પણ દિપડાના લોકોશન ટ્રેસ થતા ન હતા, દરમ્યાન ગઈકાલે દોલારાણા વાસણા (બાપુપુરા) ખાતે દિપડા દ્વારા એક પાલતુ પ્રાણી (પાડા)નું મારણ કરવામાં આવ્યું હોવાના મેસેજ મળતા જ ઉર્જા રેન્જના સ્ટાફ દ્વારા આ ગામમા કોતર વિસ્તારમાં પાંજરૂ ગોઠવી દેવામાં આવ્યું હતુ

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી...

### માનવ સમાજના હિતમાં કરેલ કાર્ય જ યજ્ઞ છે

## દિવાળીની તૈયારીઓની સામે ડેન્ગ્યુનો કહેર અને મંદીનો માર

આજ થી ૧૫ દિવસ પછી દિવાળી છે દિવાળી ના તહેવાર ને ઉજવવા માટે હાઈ મિડલ ક્લાસ ની જનતા ની તૈયારીઓ પુર જોશ સાથે ઉત્સાહ મા હોય જ. પણ નાના વર્ગ તેમજ ગરીબ વર્ગ માટે તો દરેક વર્ષે દિવાળી નવું દેવું લઈને આવે છે માતા પિતા ને બાળકો ને ખુશ કરવા માટે પૈસા ન હોવા છતા પણ પઠાણી વ્યાજે નાણાં લાવી ને તહેવાર ઉજવવો પડે છે હાલ માં એક બીજાની દેખા દેખી વધી જવાના કારણે ગરીબ અને મધ્યમ વર્ગ પીસાઈ રહ્યો છે.

દિવાળી વેકેશન સમયે ગુજરાત ના ધનિકો ગમે તેટલા રૂપિયા ખર્ચી ને દેશ વિદેશ માં ફરવા નીકળી પડે છે અને તેમનું જોઈ ને મિડલ ક્લાસ ના પરિવારો પણ આસપાસ ના વિસ્તારો માં બજેટ મુજબ ફરે છે પણ જ્યાર થી નોટ બંદી આવી ત્યાર બાદ આર્થિક મંદી વધી રહી છે અને જે લોકો ફરવા માટે ટુર મા જતા હતા તેમાં પણ ૨૦/૩૦ ટકા નો ઘટાડો આવ્યો છે. અને પાછલા એક દોઢ મહિના થી ગુજરાત મા તાવ ના દર્દીઓ ઘેર ઘેર છે તેવું કહી શકાય છે.

સામાન્ય તાવ અને મેલેરિયા તાવ નો ઈલાજ તો ફેમિલી ડોકટર પાસે અમુક રૂપિયા મા થઈ જાય છે પણ ડેન્ગ્યુ નો તાવ હોય તો નાની હોસ્પિટલો મા પણ ૪૦૦૦૦ ચાલીસ હજાર રૂપિયા થી એક લાખ રૂપિયા સુધી નું બિલ થઈ જાય છે જે પરિવાર પાસે મેડી ક્લેમ પોલિસી નથી હોતી તે પરિવાર નું દિવાળી ના બજેટ ની સાથે સાથે સમગ્ર આવનાર એક વર્ષ નું આમ બજેટ ખોરવાઈ જાય છે ગુજરાત મા ૧૧૨ હજાર એટલે કે એક લાખ બાર હજાર લોકો ને મેલેરિયા ની અસર થઈ છે અને ડેન્ગ્યુ ના કહેર નો ભોગ ૪૯૦૦ થી વધુ લોકો બન્યા છે સાથે સાથે કમળો ચિકન ગુનિયા અને ડીપથેરિયા ની ઝપટે પણ હજારો લોકો આવી ગયા છે છતાં પણ ગુજરાત સરકાર હોય કે નરેન્દ્ર મોદી ની કેન્દ્ર સરકાર હોય બધા નેતાઓ મંત્રીઓ ને રાજ્ય કે દેશ ની સામાન્ય નાગરિકો ની સહેજ પણ ફિકર ચિંતા નથી.

પર્યાવરણ બચાઓ ની બૂમો પાડીને ખુદ ગુજરાત સરકાર પોતે ખૂંખાર આરોપી ના પિંજરા મા કહેવાય કારણ કે ગુજરાત ની ભાજપ સરકાર દ્વારા જ ૫ વર્ષ મા ૬૫૧૪૦૩ વૃક્ષો નો ખો કાઢી નાખ્યો છે. ખોટા દેખાવ અને ખોટા વિકાસ બતાવવા માટે ભાજપ સરકાર દ્વારા એટલાં બધાં ઝાડ કેમ કાપી નાખવામાં આવ્યા તે સવાલ પૂછીને તકલીફ મા કોઈ પડવા નથી માંગતું.

હજી પણ ગૂજરાત મા ડબલ સીઝન ના કારણે દિવસે ગરમી રાત્રે ગુલાબી ઠંડી ને કારણે ઘેર ઘેર બીમારી ના ખાટલા છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા દવાનો છંટકાવ. નો અભાવ છે પીવા ના પાણી ની ક્વોલિટી સારી ના કહેવાય્ હજી ની માત્રા વધારે હોય છે. અને સરકારી દવાખાનાઓ મા પૂરતી દવાઓ ના હોવાથી ગરીબ પરિવાર ના સભ્યો ને આર્થિક નુકસાન વેથી ને બહાર થી મોંઘા ભાવની દવાઓ ખરીદવી પડે છે તયારે સરકાર ને પોતાના ઉત્સવો બંધ કરી ને તે પૈસા થી દવાઓ ખરીદવી જોઈએ.

# પિતાના મોત વખતે ભૂપેન્દ્રભાઈએ સંકલ્પ કર્યો કે, 'લોહી માટે હું કોઈને મરવા નહીં દઉં...!'



નાનાલાલ દવેની તબિયત ધીમે ધીમે લથડતી જતી હતી. ડૉકટરે તેમના પુત્ર ભૂપેન્દ્રભાઈને કહ્યું, 'બ્લડ ચડાવવું પડશે, તાત્કાલિક બ્લડનો પ્રબંધ કરો ?'

નાનાલાલ દવેને પિત્તાશયમાં પથરી હતી. ડીસામાં ઓપરેશન કરાવ્યું, રજા પણ ડૉકટરે આપી. પણ પંદર દિવસ પછી પાછો દુ:ખાવો ઉપડયો, એટલે અમદાવાદ હોસ્પિટલમાં દાખલ કર્યા. ત્યાં લોહીની વારંવાર કમી વર્તાવા માંડી. ડીસામાં તો સંબંધીઓને કારણે લોહી મળી જતું; પણ અમદાવાદમાં લોહી કયાંથી લાવવું ? જો કાયદેસર લોહી જોઈતું હોય તો સામે લોહી આપવું પડે. પોતે એકવાર લોહી આપ્યું હતું, હવે ઘરના એવા કોઈ સ્વજન ન હતા કે બદલામાં તેમનું લોહી આપી શકાય. લોહી કાંઈ કારખાનામાં બનતું નથી. માનવ શરીર જ એને બનાવી શકે છે. બ્લડ બેંકનો નિયમ, જેટલું લોહી આપો તેટલું પાછું મેળવો.

બીજો રસ્તો હતો. ગેરકાયદેસર લોહી મેળવવું, કેટલાક ગરીબો, ઝૂંપડપટ્ટીમાં રહેનારા અને ભિખારીઓ લોહી વેચે પણ એવા લોહીમાં કયાંક રોગીષ્ટ વ્યક્તિનું લોહી આવી જાય તો ? એચ.આઈ.વી.નું લોહી આવે તો ? ભૂપેન્દ્રભાઈ રખડયા.. રઝળ્યા.. માંડ માંડ લોહીની બોટલ મળી ગઈ પણ એ લઈને આવ્યા, ત્યાં પિતાજીનો જીવનદીપ બુઝાઈ ગયો. ભૂપેન્દ્રભાઈને ખૂબ આઘાત લાગ્યો. પિતાને માટે અનહદ પ્રેમ હતો. આમ તો સામાન્ય રીતે માણસ રડે, હૈયાફાટ આક્રંદ કરે, પુણ્ય-દાન કરે.. પછી કર્તવ્ય પૂરૂં. પણ ભૂપેન્દ્રભાઈએ એવું ના કર્યું..

ગાંધીબાપુ ઈ.સ.૧૯૧૫ માં આફ્રિકાથી ભારત આવ્યા પછી ભારત ભ્રમણ કરવા નીકળ્યા. તેઓ બિહારમાં ગયા. ગંગા નદીના કિનારે ઝૂંપડપટ્ટીની કેટલીક બહેનો તેમને મળવા આવી. ગંધ મારતાં કપડાં. શરીર ઉપર મેલના થર જામી ગયેલા. ગાંધીજીએ તે સ્ત્રીઓને પૂછયું, 'તમારી પાસે જ ગંગા નદી વહે છે તમે સ્નાન કેમ કરતાં નથી ? કપડાં ધોતાં નથી ?' ત્યારે એ સ્ત્રીઓએ જવાબ આપ્યો : 'અમારી પાસે પહેરવા માટે બીજી જોડ કપડાં નથી. સ્નાન કરીએ કેવી રીતે ? કપડાં ધોઈએ કેવી રીતે ?'

એ સાંભળતાં જ ગાંધીનું હૃદય આઘાતથી મૂઢ બની ગયું. 'અરેરે મારા દેશના લોકોને પહેરવા પૂરતાં કપડાં પણ નથી ?'

વ્યવહારૂ માણસ હોય તો તોડ કાઢે. આ ગરીબોને કપડાં આપો. પણ ગાંધી એમ નથી કરતા. એ જ વખતે પોતાના શરીર ઉપર રહેલું પહેરણ, પાઘડી બધું ગંગામાં વહાવીને પ્રતિજ્ઞા કરે છે કે 'હે ગંગા મૈયા,જ્યાં સુધી મારા દેશવાસીઓને પહેરવા પૂરતાં કપડાં નહીં મળે, ત્યાં સુધી હું અંગ ઉપર માત્ર એક જ કપડું ધારણ કરીશ..' ગાંધી સમસ્યાના મૂળ સુધી પહોંચે છે. ભૂપેન્દ્રભાઈ પણ એ જ કરે છે. તેઓ પિતાજીની છબી ઉપર આંસુનો નહીં; સંકલ્પનો અભિષેક કરે છે કે, 'હે પિતાજી, કેવળ લોહીને માટે જો કોઈનો પ્રાણ જતો હશે ને મને ખબર પડશે તો હું ગમે તે રીતે લોહીનો પ્રબંધ કરીશ..'

ને ભૂપેન્દ્રભાઈએ અભિયાન આદર્યું.. રકતદાતાઓ મેળવવા અને જરૂરીયાતમંદોને લોહી પહોંચાડવું.. આ બધું કાંઈ એમ સહેલું નથી. સંકલ્પ તો લીધો, મિત્રોને વાત પણ કરી. થોડા તૈયાર થયા, ના પાડનારા ઘણા હતા. સન ૧૯૯૬ ની એ સાલ હતી. લોકો લોહી આપતાં ડરે છે, શરીરમાં લોહી ખતમ થઈ જાય.. રોગ લાગુ પડે.. મરી જવાય... અશક્તિ આવે.. અજ્ઞાનતા આજ પણ છે.

ડાહ્યા મિત્રો કહેતા,'આ શું ગાંડપણ માંડયું છે ?'

પોતે નિયમ પ્રમાણે આપી શકાય એટલું લોહી આપે.

'અંધેરે કે પાસ રોશની માગને આયે,

હમ હમારા ઘર ન જલાતે તો કયા કરતે ?'

તેમણે અત્યાર સુધીમાં ૧૯૨ વખત લોહી આપ્યું છે. તેમના જણાવ્યા મુજબ શરૂઆતમાં તેમણે બ્લડ ડોનેશન કેમ્પ કર્યા. તેમાં લોહી મળે, મિત્રોની બ્લડ ગ્રુપ પ્રમાણે યાદી બનાવી. એ સમયે ટેલિફોનની સુવિધા હતી. કોઈ દર્દીને બ્લડની જરૂર પડે તો લેબોરેટરીમાંથી બ્લડ અપાવે. સામે મિત્રોનું બ્લડ લે અથવા તો બ્લડ કેમ્પ દ્વારા ભરપાઈ કરી દે. એ સમયે ટેલીફોનની વ્યવસ્થા હતી. એટલે બધો વ્યવહાર તેના દ્વારા ચાલતો. પણ જયારે મોબાઈલ આવ્યા અને ઈન્ટરનેટની સુવિધા થઈ, ત્યારે કાર્યનું રૂપ જ બદલાઈ ગયું. ડીસાથી શરૂ કરીને આખા ભારત સુધી તેમનું ક્ષેત્ર વિસ્તર્યું.. બ્લડ ડોનેશન કરનારાનું આખું નેટવર્ક ઊભું થયું. બીજા માટે જીવન સમર્પિત કરી દેનારા આવા યુવકો હરપળે દર્દીને રકત આપવા દોડે, ભારતના કોઈપણ ખૂણામાં આજે લોહીની જરૂર પડે તો તાત્કાલિક તેને લોહી પહોંચાડવાની વ્યવસ્થા રકતદાતાઓ તરફથી થાય છે.

ભૂપેન્દ્રભાઈનું અનેક વાર સન્માન થયું છે, પણ હમણાં રાજસ્થાનમાં હનુમાનગઢ ખાતે ભારતના તમામ રકતદાતા તથા રકત મેળવવામાં સહયોગ આપતા રકતવીરોનો સન્માન સમારોહ યોજાયો હતો. હ્યુમન સોશિયલ ફાઉન્ડેશન ઓલ ઈન્ડિયા બ્લડ હેલ્પલાઈન દ્વારા આયોજીત આ સમારોહમાં ભૂપેન્દ્રભાઈનું પણ ભવ્ય સન્માન કરવામાં આવ્યું. ત્યાં તેમની 'રકતવીર' તરીકે ગૌરવભેર નોંધ લેવાઈ.ભૂપેન્દ્રભાઈએ ૧૯૨ વખત લોહી આપ્યું છે. જેમાં એસડીપી એટલે કે સફેદ કણનું દાન ૧૦૪ વખત આપેલ છે, અને લાલ કણ એટલે આપણે જેને લોહીની બોટલ કહીએ છીએ તેનું દાન ૮૮ વાર કર્યું છે. તેમના સન્માનને વધાવવા માટે સર્વશ્રી મફતલાલ મોદી, ગોવિંદભાઈ દવે, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, જયેશભાઈ દેસાઈ અને હું ગયેલા, ત્યારે તેમણે કહ્યું કે, 'બસો વાર લોહી આપવું છે; પણ સમય અને શરીરના નિયમો ના પાડે છે પણ એ સંકલ્પ પણ પુરો થશે ને પોતાના પિતાજીને આ ભવ્ય અંજલી હશે !

તેમના કપાળ ઉપર લાબુ તાણેલું લાલ રંગનું તિલક એ કાંઈ કોઈ ધર્મનું પ્રતિક નથી. એ લાલચોળ લોહી હોય જાણે..! સતત યાદ રહે કે રકત સાથે જોડાયેલો આ અવિનાભ સંબંધ છે..! છેલ્લા શ્વાસ સુધી લોહી આપતા જ રહેવાનું છે.. આ જ મિશન છે... હૈયે લાગેલી ઠેસ કે આઘાતનો હિસાબ આ રીતે પણ આપી શકાય છે...!!

- કનુભાઈ આચાર્ય

## અજય- કાજોલએ 'મૂવી- મસ્તી વીથ મનિષ પૌલ'ના સેટ પર ઉગ્ર સ્પર્ધા કરી

આગામી સપ્તાહના અંતમાં શનિવાર ૫મી ઓક્ટોબરના રોજ, ઝી ટીવી તૈયાર છે, તેનો તદ્દન નવો પ્રાઈમટાઈમ ઓફરિંગ તથા આ પ્રકારના પ્રથમ, કોમેડી બોલિવૂડ ગેમ શો, 'મૂવી- મસ્તી વીથ મનિષ પૌલ' અને આપણે પણ શાંતિથી નથી બેસી શક્તા! અત્યંત અદ્વિતિય મનિષ પૌલ- જે ભારતનોનો સૌથી બહિર્મુખી અને જાણિતો એન્કર છે અને મસ્તીભર્યા, અજોડ, બોલિવૂડની પાછળ પાગલ પરિવારથી પ્રેરિત દરેક હિન્દી મૂવીમાં સ્ટિરિયોટાઈપ્ડ છે, જેના આગામી 'બોલિવૂડના હોટેસ્ટ સુપરસ્ટારનો આ 'ફ્લો' એપિસોડમાં પહેલા ક્યારેય જોવા નહી મળેલા, નહી લખાયેલા હોય.

રવિવારનો એપિસોડ એ સપ્તાહના અંતને શરૂ કરવાનો એપિસોડ છે, જેમાં દરેકની



ચહિતી જોડી અજય દેવગન-કાજોલ બંને પ્રથમ વખત રિયાલિટી ગેમ શોમાં સાથે આવશે. દર્શોક પણ તેમને ટ્રિકી ટાસ્ક, મસ્તીભરી રમતો અને ફિલ્મી ક્વિઝ પર હાથ અજમાવીને તેમના બીક્યુ (બોલિવૂડ ક્વોશનની ચકાસણી કરતા જોવા માટે ઉત્સાહિત છે. તેઓ અત્યંત વિનોદી તથા સૌથી વધુ હાજરજવાબી છે સાથોસાથ તેઓ તેમનું શ્રેષ્ઠ આપી શકે એ માટે મનિષે તેમને એકબીજાની સામે મુક્યા છે.

## ઈશાન ખટ્ટર અને જાન્હવી કપૂરે, મનિષ પૌલની સાથે બોલિવૂડના સુવર્ણ યુગને જીવંત કર્યો

ઝી ટીવી તૈયાર છે, તેના અત્યાધુનિક પ્રાઈમ ટાઈમ ઓફરિંગ સૌપ્રથમ અલગ જ પ્રકારના કોમેડી બોલિવૂડ ગેમ શો 'મૂવી- મસ્તી વિથ મનિષ પૌલ'ને રજૂ કરવા માટે અને તે આપણને શાંતિથી બેસવા દેશે નહી! અદ્વિતિય મનિષ પૌલ દ્વાર હોસ્ટ- એક સૌથી બર્હિમુખી પ્રતિભા ધરાવતો કલાકાર તથા દેશનો જાણિતો એન્કર અને એક પાગલ બોલિવૂડની ઘેલછા ધરાવતો પરિવાર, જે દરેક હિન્દી મૂવીમાં ઘરેડબદ્ધ હોય છે, દર્શકોને જે જોવા મળશે એ ખરેખર કંઈક અલગ, પહેલા ક્યારેય નહી જોવા મળેલું તથા સ્ક્રીપ્ટમાં લખવામાં નહી આવેલું તથા બોલિવૂડ સેલિબ્રિટીની કેટલીક 'ફ્લો' સમ સાઈડ જોવા મળશે, કારણકે, તેઓ ફિલ્મી



ક્વિઝ અને મસ્તીભર્યા ટાસ્કની સાથે તેમના બીક્યુ (બોલિવૂડ ક્વોશન્સ)ને ચકાસણી પર મુકશે. આગામી એપિસોડમાં દર્શકો યુવા બોલિવૂડ કલાકારો ઈશાન ખટ્ટર અને જાન્હવી કપૂરની મસ્તીભરી સાઈડ જોશે. પરંતુ, આ પેઢી આ ગેમ શોને ફક્ત તેમના આઉટ સ્ટેન્ડિંગ બોલિવૂડ ક્વોશનને પૂરવાર નથી કરતા, પરંતુ બોલિવૂડના સુવર્ણયુગના તેમના પ્રેમને પણ દર્શાવે છે.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

## એવિક એન્ટરટેઈનમેન્ટ દ્વારા મિસ એન્ડ મિસીસ ઈન્ડિયા યુનિવર્સના ઓડિશન યોજાયા




એવિક એન્ટરટેઈનમેન્ટ દ્વારા ફેશન ક્ષેત્રે લોકોને પ્લેટફોર્મ અપાવવાના ઉદ્દેશ્યથી મિસ એન્ડ મિસીસ ઈન્ડિયા યુનિવર્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ઓડિશન અમદાવાદના આંગણે શનિવારના રોજ ઓલિવ્સ રેસ્ટોરન્ટ ખાતે યોજાયા હતા. જેનું મેનેજમેન્ટ ગુજરાત ખાતે એ.કે. ઈવેન્ટ કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિહાન કશ્યપ, ફાઉન્ડર ઓફ એવિક એન્ટરટેઈનમેન્ટ ફેશન કોરીઓગ્રાફર, જેમને આ ઈવેન્ટમાં મેઈન જ્યુરી તરીકે સંચાન કર્યું હતું જેઓ સ્પેશિયલી દિલ્હીથી અહીં આવ્યા હતા આ સાથે ઓલિવ્સના ઓનર અને બિઝનેસમેન ગૌતમ બારોટ, ગીતા આહિર ફેશન ડિઝાઈનર, નિલમ કોઠારી આર્ચઝ મિસીસ ઈન્ડિયા પોપ્યુલર ૨૦૧૮, સુમન ડી. હરીયાણી એટીટ્યૂડ બ્યૂટી સ્પેલોન, ડૉ. મોના હિરાનંદાની, એન્ટરપ્રિન્યોર મિસીસ ગુજરાત ૨૦૧૭, પારુલ ચૌધરી, ડૉ. શિલ્પા નાયક, એ.કે. ઈવેન્ટના ઓનર નિલેશ સોલંકી સહીતના મહાનુભાવોએ ગેસ્ટ તરીકે હાજરી આપી આ ઓડિશનમાં ચારચાંદ લગાવી દીધા હતા.

ઓડિશનમાંથી જ્યુરી દ્વારા પાર્ટીસિપેન્ટ્સની કુશળતાને ધ્યાનમાં રાખીને સિલેક્શન કરવામાં આવ્યું હતું જેમાં ઓનલાઈન આવેલી એન્ટ્રીના આધાર ૭ પાર્ટીસિપેન્ટસનું જ્યારે ઓલિવ્સમાં આવેલા ૬ પાર્ટીસિપેન્ટસ એમ ૧૩ સ્પર્ધકોનું સિલેક્શન કરવામાં આવ્યું હતું. જેમનો ફિનાલે દિલ્હી ખાતે ૧૭ નવેમ્બરના રોજ મોહનદાર રીસોર્ટમાં રાખેલ છે.

## ઝી ટીવી અને એલએફ લાવી રહ્યું છે, 'ઘર સા યમ્મી'ની સાથે તમારા માટે પૌષ્ટિક આહાર



તે બંને અભિનેતા બીજા કરતા વધુ સારો સ્કોર કરવા પ્રયત્ન કરતા રહ્યા અને તેમની અંદરના સ્પર્ધકને બહાર લાવ્યા હતા, તેમની વચ્ચે ફિલ્મી ફેમિલીની મસ્તી અડચણરૂપ બની હતી, જેમાં મેલોડ્રામેટિક મા-પાત્ર કરી રહ્યો છે, અલી અસગર, એક મસ્તીખોર સેક્સી પડોશન ભાભી (મોનાલિસા), એક વ્હીલર ડિલર ઓફ અ મેનેજર (પારિતોષ ત્રિપાઠી) અને વિલનસ પિતા (બલરાજ સયાલ)નો સમાવેશ થાય છે. કાજોલે જણાવ્યું કે, ઘરમાં બંનેમાંથી કોણ વધુ આક્રમક છે અને ખરેખર જીવનમાં સિંઘમના પાત્રને કોણ વધુ રજૂ કરે છે. આ દરમિયાન પતિ અજય દેવગને દેવગન હાઉસના કેટલાક રહસ્યો જાહેર કર્યા- જેમાં ખરીદીની વાત આવે તો, કાજોલ સૌથી આળસુ સાબિત થાય છે.

## &TV પર ગુડિયા હમારી સભી પે ભારીમાં ડીડીએલઆઈ સ્ટાઈલનો કરવાચોથ



કરવાચોથનો એક દિવસનો તહેવાર છે, જે સર્વત્ર સ્ત્રીઓ દ્વારા ઊજવવામાં આવે છે. આ પવિત્ર દિવસે તેઓ એક દિવસનો ઉપવાસ કરે છે. પતિની સુરક્ષા અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરે છે. આટલું જ નહી, ઘણી બધી પ્રતીકાત્મક બોલીવૂડની ફિલ્મોમાં અત્યંત રોમેન્ટિક દશ્યોમાં પણ તે બતાવવામાં આવ્યું છે. આ તહેવારને સૌથી વધુ લોકપ્રિય બોલીવૂડની કોઈ ફિલ્મે કર્યો હોય તો તે ૧૯૯૫ની ફિલ્મ ડીડીએલજે - દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે છે, જેમાં સિમરન (કાજોલ) રાજ (શાહરુખ ખાન) માટે એક દિવસનો ઉપવાસ કરે છે. તેનો ઉપવાસ છોડાવવા માટે તે સફેદ વસ્ત્રો પહેરીને આવે છે. આ અદ્દભુત ક્લાસિક બોલીવૂડની ફિલ્મે બધાને મોહિત કર્યા છે. આ સીન ફરી એક વાર નિર્માણ કરતાં &TV પર ગુડિયા હમારી સભી પે ભારીમાં આપણી પ્યારી સ્વીટી ભાભી (શ્વેતા રાજપૂત) પણ ગુપ્તા પરિવારમાં તેની પ્રથમ કરવાચોથની ઉજવણી કરવા ઈચ્છા છે. તે સિમરન અને રાજની જેમ ઉજવણી કરવા માગે છે અને ફરી એક વાર નવોઢાનો પોશાક ધારણ કરવા માગે છે. જોકે સરલા કઠોર સાસુ (સમતા સાગર) હોવાથી તેને આવું કરવાનું નકારે છે, કારણ કે તે ભારપૂર્વક માને છે કે કરવાચોથ પંજાબી તહેવાર છે અને તેઓ તીજનો તહેવાર ઊજવે છે.

## એગ્રિકલ્ચર ઈનોવેશન એવોર્ડમાં ત્રણ રજત ચન્દ્રક પ્રાપ્ત કરતી ન્યૂહૉલેન્ડ

ભારતમાં શારીરિક કસરતનો અભાવ અને બેઠાડું જીવનશૈલી ઘણી બિમારીઓ તરફ દોરી જાય છે. આ પરિસ્થિતિની નોંધ લેવામાં આવતા, બ્રિટાનિયા ન્યુટ્રીચોઈસ ગ્રાહકોને માત્ર નાસ્તાની ટેવમાં જ નહી પણ સર્વાંગિક ફિટનેસ અને એક્ટિવિટી માટે સારી પસંદગીઓ કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે. પોષણ અને કસરતની શરૂઆતથી તંદુરસ્તીના મૂળની શરૂઆત થાય છે. આજની સમકાલિન દુનિયામાં તેને સંબોધિત કરતા બ્રિટાયાનીએ ઈધીન્યુટ્રીમૂવમેન્ટનો પ્રારંભ કર્યો હતો જે ગ્રાહકોને સ્વસ્થ અને સક્રિય જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે. #TheNutri Movement - આ અભિયાનનો ઉદ્દેશ્ય લોકોને સાયકલ ચલાવવા અને તંદુરસ્તીના ચળવળનો ભાગ બનવા માટે સક્રિય રીતે પ્રોત્સાહિત કરવાનો છે. બોલીવુડ સેલિબ્રિટીઝ વિદ્યુત જામવાલ અને ભૂમિ પેડનેકર આ ડિજિટલ કેમ્પેઈન મારફતે લોકોને તંદુરસ્ત રહેવાની શરૂઆત અને આ મૂવમેન્ટમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવાના પ્રવાસમાં જોડાયા હતા. આ કેમ્પેઈનની શરૂઆત હેલ્થી સ્ટાર્ટ કોન્ટેસ્ટના પ્રારંભ સાથે થઈ હતી. ૩૧૬ વધુ ગ્રાહકોને સ્પોર્ટ્સ સાયકલ જીતવા અને આરોગ્યપ્રદ રહેવાની શરૂઆત કરવાની તક આપવામાં આવી હતી. આ હરીફાઈ દરમિયાન, બ્રિટાનિયા ન્યુટ્રિચોઈસે કામગીરીના દરેક કલાકે એક સ્પોટ્ર્સ સાઈકલ આપી હતી.

## ટેકનોએ કેમોન ૧૨ એરની સાથે ભારતના બજેટ સ્માર્ટફોન સેગમેન્ટમાં મચાવી ધૂમ

નવી દિલ્હી

ટેકનો, ટ્રાન્સિયોન ઈન્ડિયાના પ્રીમિયમ સ્માર્ટફોન બ્રાન્ડ જે સૌથી આકર્ષક કિંમતોમાં પ્રીમિયમ સ્માર્ટફોનની વિશેષતાઓ લાવવામાં પોતાની અગ્રણી કર્વ એપ્રોચની માટે પ્રખ્યા છે. બ્રાન્ડે આજે માત્ર ૯૯૯૯ રૂપિયામાં ક્રાંતિકારી ડોન-ઈન ડિસ્પ્લે સેલ્ફી કેમેરાની રજૂઆત કરીને વધુ એક પગલું ભર્યું છે. તે આજના યુવાનોને ઓછા ખર્ચમાં વધારે અનુભવ મેળવવાની મંજૂરી આપી છે. ગત મહિને બ્રાન્ડે ભારતમાં પોતાની બેસ્ટ સેલિંગ ગ્લોબલ 'સ્માર્ક' સિરિઝ લોન્ચ કર વાજબી એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં પ્રવેશ



કર્યો હતો. આ સિરિઝમાં ૩ ફોન- ટેકનો સ્માર્ક ગો, ટેકનો સ્પાર્ક ૪ અને ટેક્નો સ્માર્ક ૪ એર સામેલ હતા. આ તમામ ૫ હજારથી ૯ હજાર રૂપિયાની કિંમત વચ્ચેના હતા અને તેમને ગ્રાહકો દ્વારા ઉલ્લેખનિય સ્વરૂપે સ્વીકાર કરવામાં આવ્યા છે અને તેની માંગમાં વધારો થયો છે.

## તારા સુતરિયા નવી ફિલ્મમાં અહાન શેટ્ટીની સાથે ચમકશે

મુંબઈ

બોલિવુડમાં સ્ટાર કિડ્સની એન્ટ્રીનો દોર જારી રહ્યો છે. વિતેલા વર્ષોના તમામ લોકપ્રિય સ્ટારના બાળકો બોલિવુડમાં એન્ટ્રી કરી રહ્યા છે. હવે એક્શન સ્ટાર સુનિલ શેટ્ટીના પુત્ર અહાન શેટ્ટી પણ એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. સુનિલ શેટ્ટીની પુત્રી પહેલાથી જ બોલિવુડમાં પ્રવેશ કરી ચુકી છે. હવે પુત્ર પણ એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ફિલ્મમાં તેની સાથે અભિનેત્રી તરીકે હવે સ્ટુડન્ટ ઓફ ધ યર મારફતે કેરિયર શરૂ કરી ચુકેલી તારા સુતરિયા જોવા મળશે. તેને વધુ એક સારી ફિલ્મ હાથ લાગી ગઈ છે. તારા ફિલ્મ આરએક્સ ૧૦૦ની હિન્દી રીમેકમાં નજરે પડનાર છે.

## નવી દિલ્હીમાં રહેતા એક્ટિવિસ્ટે વડાપ્રધાનને સિગારેટ પર પ્રતિબંધ મૂકવા પત્ર લખ્યો

નવી દિલ્હી

દિલ્હીમાં રહેતા નાગરિક અને ગ્રાહકોના અધિકારો માટે લડત લડતે એક્ટિવિસ્ટ આશુતોષ દીક્ષિતે ઈ-સિગારેટ ઉપર પ્રતિબંધ મૂકવાના સરકારના નિર્ણય અંગે તરફ ધ્યાન દોરતા દેશના વડાપ્રધાનને પત્ર લખ્યો છે જેમાં કહ્યું કે, દેશમાં સિગારેટનું ખુલ્લેઆમ વેચાણ કાયદેસર છે જે મોટી વિસંગતતા છે.

વડાપ્રધાન મોદીને તેમની મન કી બાત એપિસોડમાં જેમાં તેમણે યુવાનોને ઈ-સિગારેટની આડઅસરોથી બચાવવા માટેનું સમર્થન કરે છે, ત્યારબાદ આશુતોષ દીક્ષિતે અપીલ કરી છે કે વડાપ્રધાન પણ સિગારેટ પર સમાન પ્રતિબંધ લાદવાની શરૂઆત કરે અને નિર્ણયને તર્કસંગત બનાવે.

એવો સંકેત આપતા કહ્યું કે, જો વડાપ્રધાનનો ઉદ્દેશ્ય બાળકોને ઈ-સિગારેટના જોખમોથી બચાવવાનો હતો તો તેમણે કદાચ અજાણતાં જ ભારતના સમગ્ર બાળકો અને યુવાન લોકોને ઈ-સિગારેટથી પરિચિત કરાવ્યા હતો, - કાર્યક્રમ પહેલા તેમને કોઈ જાણ જ ન હતી અથવા તો ઓછી માહિતી હતી એવું તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાનને સંબોધીને લખેલા પત્રમાં તેમણે લખ્યું છે, "તમે જાણો છો કે આપણે એવા દુર્લભ દેશોમાં છીએ જ્યાં સિગારેટ પીનારા લોકોની સંખ્યામં વધારો થઈ રહ્યો છે - જોકે, સ્વાસ્થ્ય મંત્રી વર્ષોથી ટકાવારીમાં ઘટાડો દર્શાવવા પ્રતિબદ્ધ છે. ચિંતાની બાબત એ છે કે લોકો પહેલા કરતા વધારે ધૂમ્રપાન કરી રહ્યા છે. તેઓ ઈ-સિગારેટ પીતા નથી, પણ તેઓ પરંપરાગત સિગારેટનું ધ્રૂમપાન કરતા હોય છે.

## ગુજરાત સાયન્સ સિટી ખાતે ડો. એપીજે અબ્દુલ કલામની જન્મ જયંતીની ઉજવણી કરાઇ



ગુજરાત સાયન્સ સિટી ખાતે એપીજે અબ્દુલ કલામની ૮૮મી જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન વિવિધ હેન્ડસ ઓન એક્ટિવિટી નું પણ આયોજન કરવામાં આવ્યું હતું તથા બાળકો ને હૉલ ઓફ સ્પેસ અને હૉલ ઓફ સાયંસની માર્ગદર્શક સાથેની ટુર કરાવવા માં આવી હતી . ડૉ. કલમના જાણીતા સૂચનો બાળકો માટે ખાસ આકર્ષણ હતું આ ઉપરાંત તેમના પ્રેરક પુસ્તકો પણ બાળકો માટે મૂકવામાં આવ્યા હતા. હેંડ્સ ઓન એક્ટિવિટી દરમિયાન વિદ્યાર્થીઓએ એ સ્પેસ શટલ નું મોડલ બનાવ્યું હતું . ત્યાર બાદ હૉલ ઓફ સ્પેસની માર્ગદર્શક સાથેની મુલાકાત માં વિદ્યાર્થીઓને સ્પેસ સાયન્સ માં ભારતના યોગદાન વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા.

## ફુડ ઈન્ગ્રિડિયન્ટ્સ ઈન્ડિયા એન્ડ હેલ્થ ઈન્ગ્રિડિયન્ટ્સ (Fi India & Hi) અને પ્રોપેક ઈન્ડિયા: ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયા ફુડ, હેલ્થ અને પેકેજિંગ માટે ભારતીય ઉપખંડનો સૌથી વ્યાપક બીરબી શો મુંબઈમાં યોજાશે

મુંબઈ

ઈન્ફોર્મા માર્કેટ્સ ઇન ઇન્ડિયા (અગાઉ યુબીએમ ઈન્ડિયા) ફુડ, હેલ્થ, પેકેજિંગ અને પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ માટે બીરબી પ્લેટફોર્મ્સ ફુડ ઈન્ગ્રિડિયન્ટ્સ ઈન્ડિયા એન્ડ હેલ્થ ઈન્ગ્રિડિયન્ટ્સ (Fi India & Hi)ની ૧૪મી આવૃત્તિ તેમજ પ્રોપેક ઈન્ડિયાની બીજી આવૃત્તિનું આયોજન કરવા માટે સજ્જ છે.

આ શો એક વિશાળ છત નીચે કંપનીઓને ફુડ ઈન્ગ્રિડિયન્ટ્સ, પ્રોસેસિંગ, ટેક્નોલોજી અને પેકેજિંગ સંબંધિત પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સની વિશાળ શ્રેણી રજૂ કરવા માટે મજબૂત પ્લેટફોર્મ પ્રદાન કરશે. Fi India & Hi ઈન્ડસ્ટ્રીને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઈન્ગ્રિડિયન્ટ્સ સોર્સ કરવાની તક આપે છે ત્યારે પ્રોપેક ઈન્ડિયા મેડિસિન, કોસ્મેકિટક્સ, એપ્લાયન્સિસ, ઈન્ડસ્ટ્રીયલ સિસ્ટમ અને મશીનરી સહિતની પ્રોડક્ટ્સના પેકેજિંગ સોલ્યુશન્સ ઉપલબ્ધ કરાવશે.

બંન્ને શો - Fi India & Hi અને પ્રોપેક ઈન્ડિયાની જાહેરાત કરતાં ઈન્ફોર્મા માર્કેટ્સ ઇન ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર યોગેશ મુદ્રાસે જણાવ્યું હતું કે, "ખાદ્ય પદાર્થોના માર્કેટના મૂલ્યમાં સ્પષ્ટ વધારો જોવા મળી રહ્યો છે, જેનું કારણ શહેરીકરણ અને ભારતીય ગોર્મેટ માર્કેટમાં વૃદ્ધિ છે, જેનું હાલમાં મૂલ્ય ૧.૩ અબજ યુએસ ડોલર છે તથા તે ૨૦ ટકાની વૃદ્ધિ સાધી રહ્યું છે.



ગુજરાત ગૌણ પસંદગી સેવા મંડળ દ્વારા લેવાનાર બિન સચિવાલય કારકુન સહિતની પરીક્ષા રદ થતા તેનાથી નારાજ અરવલ્લી જિલ્લાના નોકરી વાચ્છુ શિક્ષિત બેરોજગાર છાત્રો દ્વારા આજરોજ જિલ્લા કલેક્ટર કચેરીએ જઈને આ પરીક્ષા રદ કરવા સામે વિરોધ નોંધાવી રદ થયેલી પરીક્ષા લેવાય તેવી માંગ સાથેનું આવેદનપત્ર નિવાસી કલેકટર વલ્વીને આપવામાં આવ્યું હતું.

**કરદાતા સામે કાર્યવાહી કરવામાં આવી શકે છે**

# સમયસર ટેક્સ રિટર્ન નહીં ભરવાથી મુશ્કેલી સર્જાઈ શકે

મુંબઈ

ઈન્કમટેક્સ રિટર્ન સમયસર ભરવાની બાબત પણ ખૂબ મહત્વપૂર્ણ છે. સમયસર ઈન્કમટેક્સ રિટર્ન નહીં ભરવાની સ્થિતિમાં કાર્યવાહી કરવામાં આવી શકે છે. ઈન્કમટેક્સ રિટર્ન જો સમયસર ભરવામાં આવ્યા નથી અને નોટિસ મળી ગઈ છે તો સમયસર નોટિસનો જવાબ આપવામાં આવે તે પણ જરૂરી છે. નોટિસનો જવાબ આપવાની નિષ્ફળતામાં મુશ્કેલ પરિણામનો સામનો કરવો પડી શકે છે. હાલના જ નિર્ણયમાં દિલ્હી હાઈકોર્ટે ઈન્કમટેક્સ રિટર્ન નક્કી કરવામાં આવેલી સમય મર્યાદાની અંદર નહીં ભરવાની સ્થિતિમાં પ્રોસીક્યુશન સંબંધિત કાર્યવાહીને લઈને સ્પષ્ટતા કરી હતી. ઈન્કમટેક્સ એક્ટની કલમ ૧૩૯(૧) હેઠળ નક્કી કરવામાં આવેલી તારીખની અંદર ઈન્ટમટેક્સ રિટર્ન નહીં ભરવાની સ્થિતિમાં કાયદાની જોગવાઈઓ રહેલી છે. એક વ્યક્તિગત કરદાતા જો ઈન્કમટેક્સ એક્ટની કલમ ૧૩૯ (૧) હેઠળ નિર્ધારીત સમયની અંદર ૨૦૦૩-૦૪ થી ૨૦૦૫-૦૬ના મૂલ્યાંકન વર્ષ માટે ઈન્કમટેક્સ રિટર્ન ભરવામાં નિષ્ફળ રહ્યા બાદ આ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો.

**સાબરકાંઠા જિલ્લાની ૧૦૮ ટીમે ટેટ્રિસ ચેલેન્જ સ્વીકારી**

# સાબરકાંઠાની ૧૦૮ ટીમ કોઇપણ આપાતકાલીન પરિસ્થિતિ માટે તૈયાર

**વિશ્વભરમાં ઇમરજન્સી વર્કસમાં વાયરલ થઈ ટેટ્રિસ ચેલેન્જ**

વિશ્વભરમાં વાયરલ થયેલી "ટેટ્રિસ ચેલેન્જ" (Tetris Challenge) ને સ્વીકારીને સાબરકાંઠાની ૧૦૮ ટીમે કોઈ પણ પ્રકારની કટોકટીમાં હરહમેંશા તૈયાર હોવાનું જણાવ્યું હતું. ૧૦૮ ટીમે આ તકે "ટેટ્રિસ ચેલેન્જ" પોઝ આપ્યો હતો.

સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ની અલગ અલગ ટીમ કાર્યરત છે, તેમની ઈમરજન્સી કામગીરી પ્રશંસનીય રહી છે. ૧૦૮ની ટીમ તાલુકા સહિત જિલ્લામાં કોઈપણ પ્રકારની ઈમરજન્સી અને મુશ્કેલ પડકારને પહોંચી વળવા તૈયાર છે.

**શું છે ટેટ્રિસ ચેલેન્જ ?**

આપાતકાલીન પરિસ્થિતિઓમાં સેવા આપતી વિવિધ સરકારી કે બિન સરકારી એજન્સીમાં હાલ "ટેટ્રિસ ચેલેન્જ" વાયરલ થઈ છે. જેમાં તેઓ તેમના વાહનની બહાર તમામ ઈકવિપમેન્ટ જમીન પર ગોઠવીને પોઝ આપે છે. આ ચેલેન્જની શરૂઆત ઝ્યુરિક પોલીસે કરી હતી. તેમના બે પોલીસ જવાનોને ઈકવિપમેન્ટ સાથે ગોઠવાયેલા હોવાની તસવીરો ફેસબુક પર પોસ્ટ કર્યા પછી દુનિયાભરની વિવિધ ઈમરજન્સી ટીમ પણ ટેટ્રિસ ચેલેન્જ માટે તૈયાર થઈ હતી અને તસવીરો ઈન્ટરનેટ પર છવાઈ હતી.

# વરસાદના કારણે રવિ પાકોને ફાયદો થવાની વકી

**મોનસુનની સિઝનના છેલ્લા દોરમાં ભારે વરસાદના લીધે ખરિફ સિઝનને નુકસાન પણ રવિ સિઝનને થયેલો ફાયદો**

નવી દિલ્હી

મોનસુનની સિઝનના છેલ્લા દોરમાં વરસાદના ભલે ખરિફ સિઝનના કેટલાક પાકને નુકસાન થયુ છે પરંતુ આગામી રવિ સિઝનના કારણે આ વરસાદથી ફાયદો થઇ ગયો છે. જાણકાર નિષ્ણાંતોએ કહ્યુ છે કે આના કારણે ઘઉંના ઉત્પાદનને ફાયદો થનાર છે. ગયા વર્ષે સરકારે દેશમાં રેકોર્ડ ૧૦.૨૧ કરોડ ટન ઘઉંની ઉત્પાદન કરવામાં સફળતા હાંસલ કરી હતી. ગયા વર્ષે સરકારે દેશમાં રેકોર્ડ ઉત્પાદન કર્યાબાદ આ વખતે પણ સારી આશા દેખાઈ રહી છે. આ વખતે ચાલુ પાક વર્ષ ૨૦૧૯-૨૦નના આગામી રવિ સિઝન માટે કેન્દ્ર સરકારે ૧૦.૦૫ કરોડ ટન ઘઉં ઉત્પાદન માટે લક્ષ્ય રાખતા નવી આશા જાગી છે. ખાસ કરીને રવિ સિઝનના પ્રમુખ પાક ઘઉંની વાવણી ક્ષેત્ર આ વખતે વધી જવાની શક્યતા દેખાઇ રહી છે. કૃષિ વૈજ્ઞાનિકોની વાત કરવામાં આવે તો રવિ સિઝનમાં સ્થિતી વધારે સાનુકુળ બની શકે છે. રવિ સિઝનમાં આ વખતે ઉત્પાદનમાં એક નવો રેકોર્ડ બની શકે છે. જાણકાર લોકો માની રહ્યા છે કે ગયા વર્ષની તુલનામાં ઉલ્લેખનીય વધારો થઈ શકે છે. જેના કારણે એક નવો રેકોર્ડ બની શકે છે. દેશમા ઘઉ અને અન્ય અનાજ ઉત્પાદનને વધારી દેવા માટે સરકાર દ્વારા વિવિધ પહેલ કરવામાં આવી રહી છે. જેના કારણે ફાયદો થઈ રહ્યો છે. ઘઉના ઉત્પાદનને લઈને નવી બાબત સપાટી પર આવી રહી છે.આ વખતે દેશના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થયો છે. ખાસ કરીને ખરિફ સિઝનને આના કારણે નુકસાન થયુ છે. આ વખતે ઘઉંના ઉત્પાદનમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવ્યા બાદ તેની અસર જોવા મળી શકે છે. તેના પાક પર અસર રહેવાની શક્યતા પણ ઓછી છે. જેના કારણે કિંમતોમાં વધારે ઉથલપાથલ રહેનાર નથી. સામાન્ય લોકોને રાહત રહી શકે છે. ભાવ સ્થિર રહેવાની શક્યતા દેખાઇ રહી છે. સરકાર પણ સ્થિતી પર ચાંપતી નજર રાખી રહી છે.

**એચડીએફસી બેંક, એચયુએલ, આઈટીસીના શેરમાં લેવાલી**

# તીવ્ર લેવાલી વચ્ચે સેંસેક્સ ૨૯૨ પોઇન્ટ સુધરીને બંધ : નવી આશા

**સેંસેક્સ કારોબારના અંતે ઉછળી ૩૮૫૦૬ તેમજ નિફ્ટી ૧૧૪૨૮ની ઉંચી સપાટી ઉપર : સેંસેક્સમાં ૩૦ શેર પૈકીના ૨૪ શેરોમાં તેજીનો માહોલ રહ્યો**

મુંબઈ

એચડીએફસી બેંક, એચયુએલ, આઈટીસી, મારુતિ જેવા પસંદગીના બ્લુચીપ કાઉન્ટરો પર જામેલી જોરદાર લેવાલીના પરિણામ સ્વરુપે આજે શેરબજારમાં તેજી રહી હતી. વૈશ્વિક બજારમાં પણ તેજી જામી હતી. બીએસઈ સેંસેક્સ આજે ૨૯૨ પોઈન્ટ ઉછળીને ૩૭૫૦૬ની ઉંચી સપાટીએ રહ્યો હતો જ્યારે એનએસઈમાં નિફ્ટી ૧૧૪૦૦ની ઉંચી સપાટીએ રહ્યો હતો. આજે નિફ્ટીમાં ૮૭ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૧૪૨૮ રહી હતી. સેંસેક્સના ૩૦ ઘટક શેરો પૈકી ૨૪ શેરમાં તેજી અને છ શેરમાં મંદી રહી હતી. વેદાંતાના શેરમાં ચાર ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો જે સૌથી મોટો ઉછાળો આજે રહ્યો હતો. ભારતી એરટેલના શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ વેચવાલીની તરફેણમાં રહી હતી. આજે બીએસઈમાં ૨૬૫૭ કંપનીઓના શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૩૬૩ શેરમાં મંદી રહી હતી અને ૧૧૦૪ શેરમાં તેજી રહી હતી. ૧૯૦ શેરમાં યથાસ્થિતિ રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૯૯ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૩૯૪૦ રહી હતી જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧૪ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૨૭૭૩ રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સ સિવાય તમામમાં તેજી રહી હતી. ઓટોના શેરમાં સૌથી વધુ ઉછાળો રહ્યો હતો. મેટલ અને પ્રાઈવેટ બેંક કાઉન્ટરોમાં જોરદાર લેવાલી જામી હતી. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં બે ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૭૬૮૮ રહી હતી. શેરબજારમાં તેજી માટે વૈશ્વિક પરિબળો પણ જવાબદાર રહ્યા હતા.

એશિયન શેરબજારમાં પણ તેજીનો માહોલ રહ્યો હતો. મૂડીરોકાણકારોએ એવી આશા રાખી છે કે, બ્રિટનને હજુ પણ યુરોપિયન યુનિયનમાંથી બાદબાકીને ટાળવાની તક રહેલી છે. આ સપ્તાહમાં મહત્વપૂર્ણ બેઠકો યોજાનાર છે. એશિયન શેરબજારમાં આજે તેજી રહી હતી. ઓસ્ટ્રેલિયન શેરમાં ૦.૧૭ ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે જાપાનના નિક્કીમાં ૧.૮૬ ટકાનો ઉછાળો રહ્યો હતો. બીજી બાજુ આજે વિપ્રો દ્વારા તેના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. વિપ્રોએ તેના નેટ નફામાં વાર્ષિક આધાર પર ૩૫.૧ ટકાનો વધારો નોંધાયો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના બીજા ત્રિમાસિક ગાળામાં નેટ નફો ૨૫૫૨.૬ કરોડ રહ્યો છે. આ આંકડો ૬.૯ ટકા સુધી વધ્યો છે જ્યારે સીસીની દ્રષ્ટિએ રેવેન્યુ ગ્રોથને ગણવામાં આવે તો આ આંકડો ૧-૧નો રહ્યો છે. આ ગાળા દરમિયાન ગ્રોથ રેવેન્યુનો આંકડો ચાર ટકા સુધી વધીને ૧૫૧૩૦ કરોડનો રહ્યો છે. તેજીનો માહોલ હવે જારી રહી શકે છે. કંપની દ્વારા આજે તેના આંકડા જારી કરવામાં આવે તે પહેલા જ વિપ્રોના શેર ધારકોની નજર રહી હતી. આ ત્રિમાસિક ગાળા દરમિયાન વિપ્રો દ્વારા અગાઉ મંજુર કરવામાં આવેલી દરખાસ્ત મુજબ ૩૨૩.૧ મિલિયન ઈક્વિટી શેરની બાયબેકની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. ૧૬મી એપ્રિલ ૨૦૧૯ના દિવસે આ બેઠક યોજાઈ હતી જેમાં બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા મંજુરી આપવામાં આવી હતી.

**પુરવઠાને કાપી નાંખવાની અંતે ધમકી મળી**

# એરઇન્ડિયાએ મહિને ૧૦૦ કરોડ રૂપિયા ચુકવ્યા જ નથી

નવીદિલ્હી

સરકારી ઓઈલ કંપનીઓએ આજે કહ્યું હતું કે, એરઈન્ડિયા દ્વારા તેની કટિબદ્ધતાને પાળવામાં આવી રહી નથી. એર ઈન્ડિયા દ્વારા તેના ઉપર થઇ ગયેલા દેવાને ચુકવવા માટે ગંભીરતાપૂર્વક પ્રયાસો હાથ ધર્યા નથી. એર ઈન્ડિયા દ્વારા ૧૦૦ કરોડ રૂપિયા મહિને ચુકવવાની કોઈપણ ગંભીરતા દાખવી નથી. માસિક પેમેન્ટ ઉપરાંત એરલાઈન્સ સામે કેસ એન્ડ કેરીની સમસ્યા પણ પ્રવર્તી રહી છે. સરકાર દ્વારા ગયા વર્ષે હિસ્સેદારી વેચાણની પ્રક્રિયામાં નિષ્ફળતા હાથ લાગી હતી. ત્યારબાદથી ખાનગીકરણની પ્રક્રિયામાં સુધારા કરવામાં આવી રહ્યા છે. અગાઉ મળેલા બોધપાઠના આધાર પર આ સમગ્ર પ્રક્રિયા ચાલી રહી છે. ઓઈલ કંપનીઓનું કહેવું છે કે, ઓવરડ્યુ થયેલા એટીએફના ૫૦૦૦ કરોડ રૂપિયાના દેવાના નિકાલ માટે દર મહિને ૧૦૦ કરોડ રૂપિયા આપવાની એર ઈન્ડિયાએ વાત કરી હતી.

જો આની દિશામાં કોઇ પહેલ થશે નહીં તો શુક્રવારથી તમામ મોટા એરપોર્ટ પર પૂરવઠો કાપી નાંખવામાં આવશે. આનો મતલબ એ થયો કે, એર ઈન્ડિયા સામે હવે અસ્તિત્વને ટકાવી રાખવાની બાબત ખુબ જ પડકારરુપ રહી શકે છે. કારણ કે, એર ઈન્ડિયા પાસે રોકડ કટોકટીની સમસ્યા પહેલાથી જ સર્જાયેલી છે. આઈઓસી અને અન્ય બે મોટી ઓલિ માર્કેટિંગ કંપનીઓએ એર ઈન્ડિયાને નોટિસ ફટકારી દીધી છે અને કહ્યું છે કે, જો પેમેન્ટની ચુકવણી કરવામાં નહીં આવે તો જે ફ્યુઅલના પુરવઠાને બંધ કરી દેવામાં આવશે. અનપેઈડ ફ્યુઅલ બિલના પરિણઆમ સ્વરુપે એર ઈન્ડિયા પર આઈઓસીનું ૨૭૦૦ કરોડનું દેવું છે જેમાં ૪૫૦ કરોડ રૂપિયા વ્યાજની રકમના છે. ત્રણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા પાંચ હજાર કરોડ રૂપિયાની માંગ કરી છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડિરેક્ટર (ફાઈનાન્સ) સંદીપકુમારનું કહેવું છે કે, એરઈન્ડિયા દ્વારા જૂન મહિનામાં સારી સ્થિતિ મેળવી હતી અને સપ્ટેમ્બર મહિનામાં પણ અગાઉના એટીએફ દેવાને ક્લીયર કરવા મહિને ૧૦૦ કરોડ રૂપિયા ચુકવવાની તૈયારી બતાવી છે.

**ભારત રત્ન તરીકે પણ સન્માનિત કરવામાં આવ્યા**

# દેશમાં બેલાસ્ટિક મિસાઇલ વિકાસમાં કલામની ભૂમિકા

નવી દિલ્હી

ભારતના મિસાઈલ મેન તરીકે લોકપ્રિય અને પરમાણુ કાર્યક્રમના પિતા ગણાતા અબ્દુલ કલામના જન્મદિવસે દેશના લોકોએ તેમને યાદ કર્યા હતા. તેમની સિદ્ધીઓ અભૂતપૂર્વ રહી છે. પરમાણુ કાર્યક્રમના ક્ષેત્રમાં તેમની સિદ્ધીઓ અને યોગદાનને ભારતીય લોકો ક્યારેય ભુલી શકશે નહીં. આજે તેમના જન્મદિવસે યાદ કરવામાં આવ્યા હતા. અબ્દુલ કલામ ૨૫મી જુલાઈ ૨૦૦૨થી ૨૫મી જુલાઈ ૨૦૦૭ દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ તરીકે રહ્યા હતા. ૧૫મી ઓક્ટોબર ૧૯૩૧ના દિવસે રામેશ્વરમમાં અબ્દુલ કલામનો જન્મ થયો હતો. પ્રોફેશનથી તેઓ પ્રોફેસર, લેખક અને એરોસ્પેશના વૈજ્ઞાનિક તરીકે રહ્યા હતા. પરમાણુ કાર્યક્રમના પિતા તરીકે તેમને ગણવામાં આવે છે. અબ્દુલકલામે ભૌતિક વિજ્ઞાન અને એરોસ્પેસમાં એન્જિનિયરિંગમાં અભ્યાસ કર્યો હતો. તેઓ ચાર દશક સુધી વૈજ્ઞાનિક અને સાયન્સ એડમિનિસ્ટ્રેટર તરીકે રહ્યા હતા. ડિફેન્સ રિસર્ચ ડેવલોપમેન્ટ ભારતના નાગરીક અંતરીક્ષ કાર્યક્રમમાં પણ રહ્યા હતા. મિસાઈલ મેન ઓફ ઈન્ડિયા તરીકે પણ તેમની નોંધ લેવામાં આવી હતી. બેલાસ્ટીક મિસાઈલના વિકાસમાં તેમની ઉલ્લેખનીય ભૂમિકા રહી હતી. તેઓએ પોખરણ-૨ પરમાણુ ટેસ્ટમાં અતિમહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦૦૨માં કલામ ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા. ભાજપ અને કોંગ્રેસ બન્નેનો તેમને ટેકો મળ્યો હતો અને પાંચ વર્ષ સુધી સેવા કર્યા બાદ તેઓ શૈક્ષણિક, લેખનમાં પરત ફર્યા હતા. તેમને અનેક પ્રતિષ્ઠાજનક એવોર્ડ મળી ચુક્યા છે જેમાં ભારતના સર્વોચ્ચ નાગરીક સન્માન ભારત રત્નનો પણ સમાવેશ થાય છે. તમિલ મુસ્લિમ પરિવારમાં તેમનો જન્મ થયો હતો.કલામ પોતાનામાં એટલી મહાન હસ્તી હતી કે તેમના વિચારોથી આ તમામ માહિતી મળી જાય છે. અબ્દુલ કલામની સિદ્ધીઓને દેશના લોકો ક્યારેય ભુલી શકે તેમ નથી. કલામે વિજન ૨૦૨૦ આપ્યુ હતુ. જેમાં કલામે વૈજ્ઞાનિક પ્રગતિ મારફતે ૨૦૨૦ સુધી ભારતને આધુનિક બનાવવા માટેની દુરદર્શીતા આપી હતી. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ કલામનુ જીવન પોતાની રીતે જ એક પ્રેરણા સમાન છે. વર્ષ ૨૦૧૧માં એક ફિલ્મ આવી હતી. જેનુ નામ આઈ એમ કલામ રાખવામાં આવ્યુ હતુ. જેમાં એક ગરીબ રાજસ્થાની બાળક છોટુ પર કલામના વિચારોની એટલી અસર થાય છે કે તે પોતાનુ નામ બદલીને કલામ રાખી લે છે. ખુબ ઓછા લોકો જાણે છે કે કલામના પિતા માછીમારોને નોકા ભાડા પર આપવાનુ કામ કરતા હતા. તેઓ ભણેલા ન હતા. પરિવાર પણ મોટુ હોવાના કારણે આર્થિક તંગી રહેતી નથી. કલામે પોતાનુ પ્રાથમિક શિક્ષણ મેળવી લેવાની જવાબદારી પોતે લીધી હતી.

**નવી લોલીપોપ : ૪૫૦૦ જેટલી નવી ભરતી સરકાર દ્વારા કરાશે**

# બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા રદ કર્યા બાદ સરકાર એક મહિનામાં નવી જાહેરાત કરશે

ગાંધીનગર

બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષાઓ છેલ્લા સમયે રદ કરવામાં આવતા સમગ્ર રાજ્યમાં વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર રાજ્યનાં યુવાનો પોતાના અને પરિવારના સપના પુરા કરવા પરીક્ષા પાસ કરવા માટે દિવસ રાત જોયા વિના સતત મહેનત કરનાર વિદ્યાર્થીઓમાં ગુસ્સો અને હતાશા જોવા મળી રહી છે. વારંવાર આવી રીતે પરીક્ષાઓમાં છેલ્લા સમયે કરવામાં આવતા ફેરફારોથી વિદ્યાર્થીઓની તૈયારીઓ પર પાણી ફરી વળે છે અને પૈસાનું પણ પાણી થાય છે. ત્યારે હવે સરકારને બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા રદ કર્યા બાદ બ્રહ્મ જ્ઞાન થયુ છે.

બિનસચિવાલયની પરીક્ષા પર સરકારને હવે બ્રહ્મજ્ઞાન થયુ છે. વિદ્યાર્થીઓના આક્રોશને જોતા સરકારે નવી જાહેરાત કરી છે. આગામી ૧ મહિનામાં નવી જાહેરાત આવશે તેવું સરકાર દ્વારા કહેવમાં આવ્યું છે. હાલની ૩૫૦૦ જેટલી જગ્યામાં વધારો કરવામાં આવશે અને અંદાજે ૪૫૦૦ જેટલી નવી ભરતી સરકાર દ્વારા કરાશે. જોકે બિનસચિવાલયની પરીક્ષામાં સ્નાતક સુધીનો અભ્યાસ ફરજિયાત રહેશે તેમા કોઇ છૂટ આપવામાં આવી નથી. ત્યાં જ વય મર્યાદામાં છૂટછાટ મળી શકે છે.

ઉલ્લેખનિય છે કે, ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળે ૨૦મી ઓક્ટોબરનાં રોજ લેવાનારી બિનસચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટ માટેની ભરતી પરીક્ષા રદ રાખવાનો નિર્ણય કર્યો હતો, તેની સાથે ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષા પણ રદ કરવામાં આવી હતી. જોકે, પરીક્ષાની નવી તારીખ અંગે કંઇ જ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

# મુસલમાનો માટે ભારત ખુબ સારો દેશ : નસીરુદ્દીન ચિશ્તી

ન્યુદિલ્હી

આર્ટીકલ ૩૭૦ હટાવ્યા બાદ જમ્મુ કાશ્મીરની સ્થિતીની સમીક્ષા કરવા પહોંચેલા સૂફી પ્રતિનિધિમંડળ તરફથી ઘાટીને લઈને ઘણી મોટી અને મહત્વપૂર્ણ વાતો કહી છે. સૂફી પ્રતિનિધિમંડળના સભ્ય નસીરુદ્દીન ચિશ્તીએ કહ્યું કે, ઘાટીમાં માનવાધિકારના ઉલ્લંઘનની કોઈ વાત સામે આવી નથી. પ્રતિનિધિમંડળે ઘણાં સ્થાનીક લોકો સાથે વાતચીત કરી અને જાણકારી પણ લીધી, પરંતુ દરેકે માનવાધિકારના ઉલ્લંઘનની વાત ફગાવી દીધી.

અજમેર શરીફ દરગાહના નસીરુદ્દીન ચિશ્તીની અધ્યક્ષતામાં અખિલ ભારતીય સૂફી સજ્જાદાનશી પરિષદનું પ્રતિનિધિમંડળ ત્રણ દિવસીય યાત્રા પર હતા. તેમણે કહ્યું કે, ઘાટીને લઈને પાકિસ્તાન જુઠ્ઠાણું ફેલાવી રહ્યું છે. તેમણે પાકિસ્તાની પ્રધાનમંત્રીના જિહાદ માટેના આહ્વાનને શર્મનાક ગણાવી. આ સાથે જ ઈમરાન ખાનને સલાહ આપતા કહ્યું કે, જો પાકિસ્તાનને રસ હોય તો તેણે ચીન અને ફિલિસ્તાનમાં જઈને લડાઈ લડવી જોઈએ. તેમણે કહ્યું કે, ભારત મુસલમાનો માટે સૌથી સારો દેશ છે.

# ટેક્સટાઈલ વેપારી, જમીન દલાલને ત્યાં આઈટી દરોડા

અમદાવાદ

અમદાવાદની ટેક્સટાઈલ માર્કેટમાં આયકર વિભાગે દરોડા પાડ્યા છે. દિવાળી તાકડે જ દરોડાને પગલે વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. કાલુપુર ન્યુ ક્લોથ માર્કેટમાં, કાંકરિયા સફલ-૩, એસજી હાઈવે સહિત કુલ ૧૮ સ્થળો આઈટીના દરોડાના પગલે વેપારી આલમમાં ભારે ચકચાર મચી ગઇ હતી. સિંધુ ભવન રોડ ઉપર પણ ઈન્કમટેક્સ વિભાગે રેડ પાડી છે વળી કેટલાક જમીનદલાલો પણ આઈટીના નિશાના ઉપર છે. આ દરોડામાં કરોડોની બેનામી સંપત્તિનો વ્યવહાર અને કાળા નાણાંનો પર્દાફાશ સામે આવવાની શક્યતા છે. દરોડા દરમ્યાન શિવાલી ફેશન સહિતના ગ્રુપમાંથી સાત કરોડની રોકડ પકડાતાં આઈટીના અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા. અધિકારીઓએ ૧૫થી વધુ બેંક ખાતાઓ પણ સીલ કર્યા હતા. હવે આ સમગ્ર પ્રકરણમાં કરોડો રૂપિયાની ટેક્સ ચોરીનો પર્દાફાશ થવાની શકયતા છે. ખાસ કરીને લેન્ડ બ્રોકર સુરેશ ઠક્કરને ત્યાં ઈન્કમટેક્સ વિભાગની ટીમે તપાસ શરૂ કરી છે. સફલ ગ્રુપના લેન્ડ બ્રોકર તરીકે સંકળાયેલા હોવાથી ત્યાં તપાસ લંબાય તેવી શક્યતા છે.

આ ઉપરાંત મેવાડા ગ્રુપ અને ગોગિયા ગ્રુપમાં પણ આઈટીએ તપાસ શરૂ કરી હતી. ધીરેન ભરવાડ વિજય કુમારને ત્યાં પણ તપાસનો ધમધમાટ ચાલ્યો હતો. આઈટીના દરોડા દરમ્યાન અધિકારીઓએ વાંધાજનક દસ્તાવેજો અને બેનામી હિસાબો અને અન્ય મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેને પગલે ભારે ચકચાર મચી ગઇ હતી. અમદાવાદ શહેરના રાયપુર અને કાલુપુર, કાંકરિયા સહિતના વિસ્તારમાં ટેક્સટાઈલના જાણીતા વેપારીઓના ત્યાં ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓએ વહેલી સવારે દરોડા પાડ્યા હતા. સવારથી જ આઈટીની રેડને પગલે વેપારીઓમાં ખળભળાટ મચી ગયો હતો. આ દરોડામાં કરોડોનો બેનામી સંપત્તિનો વ્યવહાર બહાર આવવાની શકયતા છે. ટેક્સટાઈલ અધિકારીઓએ વાંધાજનક દસ્તાવેજો અને કાગળો પણ જપ્ત કર્યા હતા. આઈટીના અધિકારીઓએ ન્યુ ક્લોથ માર્કેટ બંધ કરાવતાં વેપારીઆલમમાં ભારે ચકચાર મચી ગઇ હતી.

# દિવાળી પ્રવાસોમાં ૨૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો

ગાંધીનગર

દિવાળીનાં વેકેશનમાં ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ગુજરાતીઓ અનેક જગ્યાએ ટુર માટે જતા હોય છે. પરંતું આ વર્ષે લાંબા પ્રવાસોમાં ૨૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આ વર્ષે પ્રવાસીઓને પણ મોંઘવારી નડી રહી છે. જેથી લોકોએ પ્રવાસના દિવસોમાં પણ ઘટાડો કર્યો છે.

આ વખતે દિવાળીની રજામાં ચાર પાંચ દિવસના અને દશથી બાર દિવસના પ્રવાસોનાં બુકિગમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આમ તો જ્યારથી નોટબંધી અને જીએસટી લાગુ કરવામાં આવ્યુ છે. ત્યારથી મોંઘવારીના ટકાવારીમાં વધારો થયો છે. જો કે આ વર્ષે પણ પ્રવાસીઓને મોંઘવારી નડી રહી છે અને આ મોંઘવારીના કારણે જ ગુજરાતીઓએ પોતાનો પ્રવાસના દિવસોમાં ઘટાડો કર્યો છે. આ વખતે લોકો ભારતમાં કેરલા, દાર્જિલિંગ, સિક્કિમ અને ગોવા વધુ જવાનું પસંદ કરી રહ્યા છે. જ્યારે ઈન્ટરનેશનલમાં ફુકેત, બાલી, બેંકકોક અને દુબઈ લોકોનું હોટ ફેવરીટ પ્લેસ બન્યું છે. જો કે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા બાદ પ્રવાસીઓને કાશ્મીર સુંદરતા અને ત્યાંનો માહોલ જોવા માટે ઉત્સુક થયા છે. પરંતુ હાલ કાશ્મીરમાં ટેલીકોમ્યુનિકેશન પ્રોપર ના હોવાથી હાલ ટુર ટ્રાવેલ્સવાળા કાશ્મીર ન જવા માટે લોકોને સલાહ આપી રહ્યા છે.

### ખેડૂત...
**પાના નં .૧ ચાલુ**

વર્ષની સજા અને ૫૦૦૦ નો દંડ કલમ ૪૨૦ માં ૭ વર્ષની સજા અને ૫૦૦૦નો દંડ કલમ ૪૬૫ માં ૨ વર્ષની સજા અને ૫૦૦૦નો દંડ કલમ ૪૬૭ માં ૭ વર્ષની સજા અને ૫૦૦૦ નો દંડ કલમ ૪૬૮ માં ૭ વર્ષની સજા અને ૫૦૦૦ નો દંડ કલમ ૪૬૯ માં ૩ વર્ષ અને ૫૦૦૦ દંડ તેમજ કલમ ૪૭૭ માં ૭ વર્ષની સજા અને ૫૦૦૦ નો દંડ ફટકાર્યો હતો . જેને લઈને આવા વેપારી આલમમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. જેને લઈ તરેહ તરેહની વાતો વહેતી થવા લાગી છે.

### દેશમાં ઘઉંના...
**પાના નં.૨ ચાલુ**

વિવિધ પહેલ કરવામાં આવી રહી છે. જેના કારણે ફાયદો થઈ રહ્યો છે. ઘઉના ઉત્પાદનને લઈને નવી બાબત સપાટી પર આવી રહી છે.આ વખતે દેશના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થયો છે. ખાસ કરીને ખરિફ સિઝનને આના કારણે નુકસાન થયુ છે. આ વખતે ઘઉંના ઉત્પાદનમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવ્યા બાદ તેની અસર જોવા મળી શકે છે. તેના પાક પર અસર રહેવાની શક્યતા પણ ઓછી છે. જેના કારણે કિંમતોમાં વધારે ઉથલપાથલ રહેનાર નથી. સામાન્ય લોકોને રાહત રહી શકે છે. ભાવ સ્થિર રહેવાની શક્યતા દેખાઈ રહી છે. સરકાર પણ સ્થિતી પર ચાંપતી નજર રાખી રહી છે.

### પરીક્ષા રદ...
**પાના નં.૨ ચાલુ**

સૌથી પહેલા પરીક્ષા આપતા ઉમેદવારાએ ઓજસ વેબસાઈટ પર પોતાની અરજી સબમીટ કરીને તેની નકલ મેળવીને પોસ્ટ ઓફિસમાં જઈને પરીક્ષા ફી પેટે ઉમેદવાર દીઠ રૂપિયા ૧૦૦ રોકડા અને રૂ. ૧૨ પોસ્ટલ ચાર્જીસ સાથે કુલ ૧૧૨ રૂપિયા ભર્યા હતા. આમ સમગ્ર ગુજરાતમાંથી કુલ ૧૦.૪૫ લાખ વિદ્યાર્થીઓએ ઉમેદવાર દીઠ ૧૧૨ રૂપિયા ભર્યા હતા. આ અગાઉ પણ બે વાર અલગ અલગ કારણોસર પરીક્ષા રદ કરવામાં આવી હતી. રાજ્યમાંથી ૧૦.૭૫ લાખ ઉમેદવારોમાંથી સૌથી વધુ ૧.૫૦ લાખ ઉમેદવારો અમદાવાદમાંથી પરીક્ષા આપવાના હતા. જ્યારે અમદાવાદ ગ્રામ્યમાંથી એક લાખથી વધારે ઉમેદવારો પરીક્ષા આપવાના હતા.

### રાજ્યમાં ડેંગ્યુથી...
**પાના નં .૩ ચાલુ**

સોમવારના દિવસે તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ૧૨૩૬ પ્રોપર્ટી, મોલ, મલ્ટિપ્લેક્ષ, હોસ્પિટલો, સ્કુલો અને કોમર્શિયલ એકમો સામે તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સાથે કાર્યવાહી હાથ ધરીને મચ્છરોના ફેલાવવાને રોકવા પગલા લેવાયા હતા. ૪૦થી વધુ એકમોને સીલ કરી દેવાયા હતા. અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે મચ્છરોના બ્રિડિંગમાં ઉંડી તપાસ હાથ ધરી છે.

### દિપડાનું સફળતા...
**પાના નં .૩ ચાલુ**

અને રાતભર મોનીટરીગ કરવામાં આવ્યું હતું. આખરે દિપડાને પાંજરામાં પુરી દેવા વન વિભાગને સફળતા મળી હતી. રેસ્ક્યુ કરાયેલા દિપડાને પાંજરા સાથે દોલારાણા વાસણાથી ગાંધીનગર ખાતેના વનચેતના કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યો હતો. ગીર ફાઉન્ડેશનના વેટરનરી ડોકટર પાસે દિપડાનું નિરીક્ષણ કરાવતાં આ દિપડો સાત-આઠ વર્ષથી મોટો પુખ્ત વયનો નર હોવાનું તથા તંદુરસ્ત હાલતમા હોવાનું જણાયુ હતું.

### ધાનેરા ખાતે...
**પાના નં .૩ ચાલુ**

ગૌ સેવકો દ્વારા રોકડ રૂપિયાનું પણ દાન કરવામાં આવ્યું હતું.ધાનેરા તાલુકાના શિયા ગામના યુવાનોએ પણ પ્રથમ વાર ધાનેરા સુધી આવી ગૌ માતાના ઉધ્ધાર માટે દાન આપ્યું હતું.જયારે શરદ પૂર્ણિમાના અજવાળે અને ગૌ ભગતી સાથે ઉત્તર ગુજરાતમાં સૌથી લોકપ્રિય ટહુકાર બિટ્સના ગાયક દેવજી ઠાકોરએ પણ પૌરાણિક ગરબાના તાલે ગાયત્રી મંદિરના ચાચર ચોકને લોકોથી જગમાંગાવ્યું હતું અને ધાનેરા તાલુકાના ગરબા રસિકો મોડી રાત સુધી ગૌના ગરબે ઝૂમયા હતા.

### લઘુ અખબારોના...
**પાના નં .૩ ચાલુ**

અને સ્વરાજના તંત્રી જીતેન્દ્રભાઈ મહેતાનું નિધન થતા સૌએ શ્રદ્ધાંજલિ અર્પી હતી.આ મીટીગમાં ગુજરાત રાજ્ય પ્રમુખ મયૂર બોરીચા રાષ્ટ્રીય સભ્ય જીતેશ મણીયાર અને દર્શનકુમાર ઠક્કર ઉપસ્થિત રહયા હતા.

### ગૌણ પસંદગી...
**પાના નં .૮ ચાલુ**

સરકાર દ્વારા રદ કરી દેવામાં આવી છે. જેના પગલે પરીક્ષા આપનારા ઉમેદવારો તેમના વાલીઓ તેમજ વિરોધ પક્ષ દ્વારા આ નિર્ણય સામે ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. જ્યાં પાલનપુર ખાતે મંગળવારે કોંગ્રેસ તેમજ વિધાર્થીઓ દ્વારા જીલ્લા કલેકટર સંદિપ સાગલેને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જેમાં જણાવાયું હતુ કે, મોટાભાગના ગરીબ અને મધ્યમ પરિવારના ઉમેદવારોએ પરીક્ષાની તૈયારીઓ માટે મોઘી ફી ચૂકવી કલાસ ભર્યા હતા. અંત સમયે એકાએક પરીક્ષા રદ કરી દેવામાં આવતાં તેમના નોકરી મેળવવાના સ્વપ્ન રોળાઈ ગયા છે. કોંગ્રેસ દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા હતા કે, ભાજપ સરકાર દ્વારા છેલ્લા કેટલાક સમયથી વિવિધ ભરતીઓમાં ભારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. ત્યારે પુનઃ અન્યાય કર્તા નિર્ણયની ફેર બદલી કરવામાં આવે તેવી માંગ કરી હતી.

### થરાદ બેઠકના..
**પાના નં .૮ ચાલુ**

સીધી સહાય અને ખેડુતોને આજીવન પેંશન યોજના અંગેની જાણકારી આપી હતી. તે પુર્વે મંત્રી ઈશ્વરભાઈ પરમાર તથા પુર્વ સાંસદ હરીભાઈ ચૌધરી, ભાજપના જીલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણ અને બનાસકાંઠના સાંસદ પરબતભાઈ પટેલ તથા ઉમેદવાર જીવરાજભાઈ પટેલે કમળને ઈતિહાસમાં ક્યારેય ન મળી હોય એવી મતોની જંગી સરસાઈથી જીતાડવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ માટે થરાદના મતદારો (ખેડુતો) ને ખેતીમાં કાતીસરાની સિઝન હોઈ પહેલાં મતદાન પછી કામની ટકોર કરી કચકચાવીને મતદાન કરી જંગી લીડ અપાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે ભાજપમાં જોડાનાર ઠાકોર યુવકોનું ખેસ પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી દુષ્યંત પંડયા, વાવરાણા ગજેન્દ્રસિંહજી,માવજીભાઈ દેસાઈ, નગરપાલિકાના પ્રમુખ લવજીભાઈ વાણીયા, તાલુકા ભાજપના પ્રમુખ રૂપસીભાઈ પટેલ,મદનલાલ પટેલ, ઉમેદસિંહ ચૌહાણ, દાંનાજી માળી, અજયભાઈ ઓઝા સહિત બહોળી સંખ્યામાં જીલ્લા અને તાલુકા પંચાયત,તથા નગરપાલિકા અને જીલ્લા,તાલુકા,શહેર ભાજપના અગ્રણીઓ,મહિલામોર્ચો સહિત મતદારો ઉપસ્થિત રહ્યા હતા.

### રાધનપુર મત..
**પાના નં .૮ ચાલુ**

માટે સરાહનીય પ્રયાસો કરી રહ્યા છે.નાદુરસ્ત તબિયત છતાં શંકરભાઈ ચૌધરીએ જાહેર સભાઓ સંબોધી અલ્પેશ ઠાકોરને વિજયી બનાવવા અપીલ કરતા અલ્પેશ ઠાકોરે પણ શંકરભાઈ ચૌધરી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી સાથે મળી રાધનપુર મત વિસ્તારની વિકાસકૂચને વધુ વેગીલી બનાવવાની તત્પરતા વ્યક્ત કરી હતી. પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરી ઉપરાંત પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડ પણ અલ્પેશ ઠાકોર સાથે દરેક સભાઓમાં નજરે પડી રહ્યા છે જ્યારે અન્ય સ્થાનિક અગ્રણીઓ પણ સાચી મહેનત કરી રહ્યા હોઈ રાધનપુર બેઠક પર કમળક્રાંતિનો આશાવાદ વધુ મજબૂત બની ગયો છે અને હાલની સ્થિતિએ ભાજપના ઉમેદવાર અલ્પેશ ઠાકોરનું પલ્લું ભારે જણાઈ રહ્યું છે.

### ભાજપ સરકાર..
**પાના નં .૮ ચાલુ**

સાથીદારની જરૂરિયાત છે. જે ગરીબોના પ્રશ્નોને વાચા આપી શકે. આ પ્રસંગે દસાડાના ધારાસભ્ય નૌશાદ સોલંકીએ જણાવ્યું હતું કે વઢિયાર અને ખારાપાટના લોકો જયારે કોઈને પાઘડી પહેરાવે છે ત્યારે પાઘડીની લાજ પણ રાખે છે,આજે રાવળદેવ સમાજે રઘુભાઈ દેસાઈને પાઘડી પહેરાવી છે,એટલે રાઘુભાઈને જંગી બહુમતીથી જીતાડીને જ પાઘડીની લાજ રાખશે.બે મોઢાની વાતો કરનારા પક્ષપલટુઓને એમનો રસ્તો બતાડી દો.બે મોઢાની વાતો કરનારા વાતો સમાજની કરતા હોય છે અને ઘર પોતાનું ભરતાં હોય છે.પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલે જણાવ્યું હતું કે જે અલ્પેશ ઠાકોરે જનતા સાથે દગો કર્યો છે,મીડિયામાં જુઠાણું ફેલાવ્યું છે,એ અલ્પેશ ઠાકોરે અઢાર , મહિનામાં જિલ્લા કલેક્ટરમાં યોજાતી એક પણ બેઠકમાં હાજરી આપી નહોતી કે લોકોના પ્રશ્નો અંગે રજૂઆતો કરી નહોતી.પ્રજા સાથે દ્રોહ કરનારને જાકારો આપવાનો સમય આવી ગયો છે.એ લોકો પૈસા આપે તો લઈ લેજો પણ જીતાડજો તો રઘુભાઈને જ.

કોંગ્રેસના ઉમેદવાર રઘુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે રાધનપુર વિસ્તારમાં પાણી ખુબ ઓછું છે,પણ આ વિસ્તારના લોકો પાણીદાર છે.૧૬ વર્ષથી આ વિસ્તારના લોકોના પરિચયમાં છું.આ વિસ્તારની જનતા સાથે જેણે પણ દગો કર્યો છે,તેને કોઈ દિવસ બીજીવાર સ્વીકાર્યા નથી,જાકારો જ આપ્યો છે.અને હું તો શહેનશાહ થવા નથી આવ્યો,હું તો આપનો સેવક થવા આવ્યો છું.હું એક કોમનો નહિ પણ અઢાર કોમનો સેવક છું,માં ખોડિયારના સોગંધ ખાઈને કહું છું કે જીત્યા બાદ હું દગો નહિ કરું.

### ડીસા કોલેજ....
**પાના નં .૮ ચાલુ**

માત્ર નામ માત્રનો અભ્યાસ કરતા કેટલાક આવારા તત્વો પણ આ કોલેજ માં બિન અધિકૃત રીતે અવર જવર કરતા હોય છે. તાજેતરમાં જ આ કોલેજની આસપાસ ફરતા આવા કેટલાક આવરા તત્વો દ્વારા ટિકટોક વિડિઓ બનાવવામાં આવ્યા હતો. જેમાં કોલેજથી ઘર તરફ જતી વિદ્યાર્થીની ઓની પાછળ ત્રણેક યુવાનો વિચિત્ર વેશ પરિધાન કરી ભય ફેલાવતા અનેક વિધાર્થીનીઓમાં ભાગ દોડ પણ મચી જવા પામી હતી. આ વિડિઓ સોસીયલ મીડિયામાં વાયરલ થયો હતો જેને લઈ વિશ્વ હિન્દુ પરિસદ સહિત કેટલાક યુવાનો અને વાલીઓમાં ભારે આક્રોશ ફેલાયો હતા. આ મામલે મંગળવારે ડીસા કોલેજમાં વિશ્વ હિન્દુ પરિસદના કાર્યકરો દ્વારા આવા તત્વો ઝડપી તેમને ઝેર કરી તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કોલેજ પ્રશાસન દ્વારા કરવામાં આવે તેવી માંગ સાથે આવેદન પત્ર આપી રજુઆત કરી હતી જોકે આ વિડિઓ મામલે કોલેજ પ્રશાસન દ્વારા પણ એક બેઠક યોજી આ સમગ્ર ઘટના બાબતે ડીસા દક્ષિણ પોલીસ મથકે લેખિત અરજી કરી આવા તત્વો સામે કાયદેસર કાર્યવાહીની પણ માંગ કરી હતી દક્ષિણ પોલીસ દ્વારા પણ આ વિડિઓ બનાવનાર ચાર શકમંદો યુવાનોની અટકાયત કરી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

આ બાબતે વિશ્વ હિન્દુ પરિસદ ડીસાના મંત્રી મહેન્દ્રભાઈ માળીએ જણાવ્યું હતું કે કોલેજ કેમ્પસ નજીકમાં આવા ટિકટોક વિડિઓ બનાવી વિધાર્થીનીઓમાં ભય ફેલાવનાર તત્વો સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી તેમને દાખલરૂપ શિક્ષા કરવી જોઈએ કે જેથી ભવિષ્યમાં આવી ઘટના ના બને.

### થરાદ બેઠક પર દિવસ....
**પાના નં .૮ ચાલુ**

રાજપુતના લોકસેવાના સમયને યાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે તેઓ જે રીતે પ્રજાની વચ્ચે જઈ તમામ સમાજના કાર્યો કરતા હતા. તે પ્રકારે પોતે પણ દરેક સમાજ વચ્ચે રહેશે. ગુલાબસિંહ રાજપુતે ભાજપના શાસનમાં ચાલતા કેટલાક મુદ્દાઓ પણ લોકોની વચ્ચે લાવ્યા હતા. અને વિકાસના મુદ્દે પ્રજાને ગુમરાહ કરાતી હોવના આક્ષેપો પણ કર્યા હતા. દિવસે અને રાત્રે ગ્રામ્ય વિસ્તારોમાં ગુલાબસિંહ રાજપુતની સભાઓમાં સમર્થકોની સંખ્યા બહોળી જોવા મળી હતી. મંગળવારે થરાદ તાલુકાના ડોડગામમાં ગોગ મહારાજનાં દર્શન કરી રાત્રી સભામાં મતદારોને સંબોધન કર્યું હતું. ગુલાબસિંહ રાજપુતે થરાદ પંથકના મતદારો અને પોતાની તરફેણમાં મત આપવાની વિનમ્રભાવે વિનંતી પણ કરી હતી. ગુલાબસિંહ રાજપુતની સાથે જીલ્લા અને સ્થાનિક કક્ષાના કોંગ્રેસના નેતાઓ પણ પ્રચાર-પ્રસારમાં જોડાઈ રહ્યા છે. તેમણે પણ આ વખતે થરાદ બેઠક પર પરિવર્તન આવવાનો આશાવાદ વ્યક્ત કરતાં લોકોને કોંગ્રેસની તરફેણમાં જંગી મતદાન કરવાની અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે થરાદ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારને જીતાડવા માટે બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસના ધારાસભ્ય પણ પોત પોતાના સમાજની બેઠકો બોલાવીને તનતોડ મહેનત કરી રહ્યા છે. પ્રદેશકક્ષાના નેતાઓ પણ પ્રજાની વચ્ચે બેસીને કોંગ્રેસના ઉમેદવારને જીત બનાવવા માટેની અપીલ કરી રહ્યા છે. મહિલા મોરચો પણ સક્રિય બનીને કોંગ્રેસ તરફેણમાં મતદાન થાય તે માટેના પ્રયાસો કરી રહ્યું છે. થરાદ બેઠક પર વિધાનસભાની પેટાચુંટણીમાં ગુલાબસિંહ રાજપુતને થરાદ શહેર અને ગ્રામીણ વિસ્તારોમાં વ્યાપક જનસમર્થન મળી રહેતાં રહી છે.

### કિશોરીના નિવેદન..
**પાના નં .૮ ચાલુ**

હડાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હોવાનું જણાવ્યું છે. જેમાં પૈસા લઈ સગીરાના લગ્ન કરાવનાર એજન્ટ જગમાલ સામે પણ કાયદાનો પાઠ ભણાવવામાં આવશે. આ મામલે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી મનીષભાઈ જોષીએ જણાવ્યું હતું કે, સગીરાને ઓઢવ-અમદાવાદ ચિલ્ડ્રન હોમ ખાતે હાલમાં રાખવામાં આવેલ છે. સગીરાને અહી લાવી નિવેદન લેવામાં આવશે. જેના આધારે તે માતા-પિતા સાથે જવાનું કહે તો પરિવારને સોંપણી કરવામાં આવશે. જ્યારે માતા-પિતા સાથે જવાની સંમતિ ના બતાવે તો ૧૮ વર્ષની ઉંમર થાય ત્યાં સુધી પાલનપુર ચિલ્ડ્રન હોમને સોંપવામાં આવશે.




# તું છે તો મારૂં સ્વર્ગ છે

**આગ ભીતર ભીતરની** | **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

ગતાંકથી ચાલુ

દુધવાળાએ કહ્યું, હું જાણે ભાંગી પડયો. ગભરાઈ પણ ગયો.. જાણે લથડાતા પગે જાળી ખોલી અંદર ગયો. મેં અંદર ડાઈનીંગ ટેબલ પર મુકેલી રહેલી એની તસવીર સામે જોઈને પુછયું, તું ચંદુ કયાં ચાલી ગઈ છે?

આમ તો મારી એનું નામ ચિરંતના હતું પણ હું જયારે જયારે ભાવુક બની જતો ત્યારે તે ચંદુ કહી નખતી. મને એ ઘટના પણ યાદ હતી કે ચિરંતનાએ મને બે ચાર વાર કહેલું, મારી રમીલા ફોઈએ મારૂં નામ ચિરંતના પાડયું છે. એ નામ સરસ છે. પણ તમે ચંદુ કહો છો તો જવા દઉં છું.. બાકી આ નામ મારા ઘરવાળા આગળ કરતા નહીં. જો મારી મા ભડકશે તો દંડો લઈને તમોને ગામ બહાર છોડી આવશે.. મારી મા ખુબ જ ડેન્જર છે..

વાસ્તવમાં હું ચિરંતનાથી નહોતો ડરતો એના કરતાં મારી સાસુ ગોમતીથી ડરતો હતો. એ ડેન્જર નહીં પણ મહા ડેન્જર હતી. ભલભલાની ગણતરીની ક્ષણોમાં બોબડી બંધ કરી મુકે એવી હતી. મને ક્ષણ બે ક્ષણ માટે સાસુનો સ્વભાવ જીભ યાદ આવી ગઈ. જો પુછવા જઈશ અને કોઈક આડો સવાલ મને પુછયો તો ખલ્લાસ... હું ડરી ગયો..

પણ ગયા વિના પુછયા વિના કશોય છુટકો ન હતો.

મેં જવાનું નક્કી કરતાં નીકળ્યો આખા રસ્તે વિચારો સળવળતાં રહ્યા. ઘેર જઈશ અને જો સાસુ પુછશે તો શો જવાબ આપીશ ?

અડધા પોણા કલાકમાં હું પહોંચી ગયો. ઘરને તાળું જોયું મારી આંખો ખેંચાણી.. તાળું ? આખરે કયાં ગયાં હશે ? સવાલ પુછતો.. ઉભો રહ્યો. કયાંક કશું લેવા ગયા હોય પણ પાછી બીજી તરફથી વિચાર તરંગાવલી ઉભી થઈ. જાય તો એ એકલો જાય..આખા ઘરને લઈને એ થોડાક જાય ? ઘરમાં પાંચ જણા તો છે જ અને સવારમાં વળી થોડાં નીકળી જાય.. રસોઈ પાણીની વ્યવસ્થા...પરિવારના અન્ય સભ્યોને...

સાસુના ઘર આગળ ઉભો રહ્યો. કોઈને પુછવાનું વિચારતો હતો પણ એમ કરી ન શકયો. નીકળી પાછો ઘેર આવ્યો. ઘરમાં બધું રમણભમણ પડયું હતું. સવારની ચા પણ નસીબ થઈ ન હતી. એક બુરો વિચાર આવી ગયો. બે ત્રણ કલાકમાં ચિરંતનાના વિના હું રઘવાયો બેબાકળો બની જાઉં છું. જો એ કયાંક.. તો મારી શી દશા થશે ? શી ખબર. સાચે જ સ્ત્રીએ ઘરનું ઘરેણું છે..સ્ત્રી વિના કોઈ પણ પુરૂષ આખો નથી...મને જાણે રાંડયા પછીનું એક ડહાપણ સુઝી આવ્યું.. રસોઈની પછી ચુલો સળગે તો શા કામનું ? અને રાંડયા પછી જો અક્કલ આવે એનો શો અર્થ...? ઘરમાં એ ના પાડી રહી હતી તોય ઠુંઠા પીધાં. ગંધ મારતો ચીડ ચડાવતો ધુમાડો એકલો અને એના પર હાથ ઉગામતા.. નીચે પડી ગઈ તો પુછવાની પણ પરવા ન કરી.

આજથી બીડી બંધ.. મારી ચિરંતના.. હું બબડયો.. ખુરશીમાં ઢગલો થઈ ગયો. કરેલા કરતુત પર પસ્તાવો થયો. એ સાથે એક પ્રતિજ્ઞા લઈ લીધી એ આજથી ઠુંઠાં બંધ અને ચિરંતના કહે એ માનવાનું બસ.. એ આખરે...

સવારના દસ થઈ ચુકયા હતા. બીજી ના નાયો હતો ના ચા પીધી હતી. ચા કોણ બનાવી આપે ? કોઈ દિવસ જાતે ચા બનાવીને પીવાની નોબત ચિરંતનાએ આવવા દીધી ન હતી. અરે મેં તો ગ્લાસ પાણી પણ જાતે લઈને પીધું ન હતું.

હું સાચ્ચે જ.. પાંગળો થઈ ગયો હતો.. હવે કરવું શું ?

શહરેમાં રહેતા એટલાં મારા ચિરંતનાના ઘેર જઈ આવવાની ઈચ્છા કરી પણ એમ કરતાં અટકી ગયા. કયાંક બધા જાણી જશે ને પુછપરછ કરશે...મને થયું.

ઓફિસનો સમય થવા માંડયો હતો ઘેર રહીને શું કરીશ ? મને એના વિચારો ફોલી ખાવા લાગ્યા.

તને આખરે શોધવી કયાં ?

મારા અંદર રહેલો પુરૂષ તો ભારપૂર્વક કહી રહ્યો હતો એ કયાંય ગઈ નથી. જરૂરથી આવશે..આખરે સ્ત્રી છે એકદમ ઘર છોડે નહીં.. સંસારમાં નાની મોટી તકરારો તો થતી રહે..તેથી કાંઈ ઘર ઉંમરો થોડો છોડાય ?

મનેકમને હું ઓફિસ જવા નીકળ્યો પગ તો જાણે પાછા પડતા હતા. શું કરવું એની કશીય સુઝ પડતી ન હતી...

ઓફિસ ઉદાસી રઘવાટ ઘેરી વળ્યો હતો..

મન કહેતું હતું લાવ એકવાર વધુ મારી સાસુના ઘેર જઈ આવું.. પણ મને ઠીક ન લાગ્યું.. વળી હું ઓફિસમાં પહોંચી ચુકયો હતો.

બપોરના બે વાગ્યા સુધીમાં તો માનસ પટ પર અનેક ઉથલપાથલો થઈ ચુકી હતી. જોકે મેં કોઈને ગઈકાલની ઘટના જણાવી ન હતી. માંડ માંડ દિવસ પસાર કર્યો.

રાત્રે નવ વાગે ચિરંતના ખુદ ચાલી આવી એને ભીંસી લીધી. કહ્યું આજથી બધું ય બંધ. તું કહે એમ જ.. અને તું છોડીને જઈશ તો હું આપઘાત કરી લઈશ...

ના.. એણે કહ્યું.. બીડી બંધ ને ? એણે પુછયું.

બિલકુલ બંધ...

ને ચિરંતના એની બા સાથે બાપુની સાથે ભગવાન નીલકંઠના દર્શને ગઈ હતી. મને કહ્યું... કહ્યા વગર જ..

એ સાથે એક વિચારમાં હું ડુબી ગયો.. આજકાલ સામાન્ય બાબતમાં સ્ત્રીઓ જીવ આપી દે છે.. કયાં ચિરંતનાએ આપી દીધો હોત તો શું થાત ?

**-રેણુ વિષ્ણુકુમાર બારોટ**
**(અમદાવાદ)**

# પ્રેમ, પ્રકૃતિ અને પરમની પ્રેરણાનું ત્રિદળ પુષ્પ

**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

ગુજરાતી સાહિત્યના પદ્ય સ્વરૂપોમાંનું એક સ્વરૂપ તે સોનેટ જે લઘુક દેહધારી કાવ્ય સ્વરૂપ હોવા છતાં તેની ઉડાન વિરાટ અને ઉંચી છે. પશ્ચિમમાંથી ઉતરી આવેલો આ સાહિત્ય પ્રકાર છે. છતાં ગુજરાતી ભાષાએ તેને પોતીકો બનાવી ખુબ લાડ લડાવ્યાં છે. આ સાહિત્ય સ્વરૂપ વિશે જોતાં આજ સુધી સોનેટ અનેક રંગે રૂપે રજુ થયું છે. સોનેટનું મહત્વ જગતના અનેક દેશોમાં પ્રસરેલું છે.સોનેટ આમ તો ચૌદ પંક્તિનું કાવ્ય છે. જેમાં બે ષટક અને યુગ્મ તેમાં પહેલા ષટકમાં કથન, બીજામાં ખંડન અને યુગ્મમાં છેલ્લી પંક્તિ આખી કવિતામાં ચોટ આપે છે. સોનેટમાં ઓછી કે વધારે પંક્તિઓ વાળી રચનાઓને સોનેટ પ્રકાર ગણવો કે નહીં તે વિશે મતભેદ છે. સોનેટના ઉદભવકાળે તેનો પ્રધાન વિષય માત્ર પ્રેમ હતો. ઈ.સ.૧૮૮૮ માં ગુજરાતી કવિતામાં સૌ પ્રથમ સોનેટ રચાયું અને ત્યાર પછી સોનેટની વિકાસ યાત્રા આગળ વધતી જ રહીછે.સોનેટમાં સુખ દુખ જેવા માનવીય સંવેદનો, પ્રકૃતિની વિવિધ લીલા તેનાં તત્વો, પ્રણયના વિવિધ સ્વરૂપો જેવા વિષયો નિરૂપાયા છે.વિવિધ છંદ પ્રયોગો પણ થયા છે. સાંપ્રત સમયમાં યંત્રયુગ, શહેરીકરણને લીધે હતાશા, સંવેદનાની જડતા અને પછી અછાંદસનો પ્રભાવ, ગીત ગઝલના નવા સ્વરૂપે સોનેટની કાવ્યધારાને કંઈક અંશે પાતળી બનાવી પડી આજેય આ કાવ્યધારા અટકી નથી તેની પ્રતીતી કરાવતા સોનેટ સંગ્રહની વાત કરવી છે.

ત્રિદળ કવયત્રી પારૂલ બારોટનો એક માત્ર અને ગુજરાતી સાહિત્યમાં પ્રથમ કહી શકાય તેનો સોનેટ સંગ્રહ છે. જેમાં આપણને ૬૮ જેટલા સોનેટ મળે છે. જે સોનેટોને શિખરીણી, મંદાકાંતા, સત્રધરા, શાર્દુલ વિક્રીડીત જેવા છંદોમાં ઢાળ્યાં છે. જેમાં એક નારીનું અનુભવ વિશ્વ પ્રગટયું છે. તેમાં રસિકતા, નારીસહજ શીલા અને સંયમ તેમજ દામ્પત્ય સુખની સુષમા અને પરીવાર પ્રીતીના ભાવસ્પંદ અનુભવાય છે. તેની જાણીતા કવિ હરિકૃષ્ણ પાઠકે પ્રતિભાવ પાઠવ્યો છે.

અહીં પ્રારંભે જ શીર્ષકને સાર્થક કરતું સોનેટ ત્રિદલ કવયત્રીએ સુંદર શિખરણી છંદમાં પોતાના ત્રણ બાળકો ત્રિદળ સરખા રમ્ય કુસુમો અને જીવનસાથી માટેઘેઘુર વડની વાત કરી માતા પિતાને જીવનનું બહુમૂલ્ય ઝરણું સાથે સરખાવી ઘર પ્રીતીને છંદોબદ્ધ વર્ણવીને જેનો ઉલ્લેખ 'સોનેટ' ની સફરમાં ધીરૂ પરીખ કરાવે છે. આ વામન અને વિરાટનો આનંદ ચિત્ત હંમેશા માણી રહ્યું છે એવો કાવ્ય નાયિકાનો અનુભવ પ્રગટ થાય છે. આ સોનેટોનું છંદો વૈવિધ્ય કવયત્રીનો છંદ પરનો કાબુ અને પ્રેમ સુચવે છે.

'ત્રિદલ' સંગ્રહનું પહેલું સોનેટ પ્રકૃતિના આનંદની અભિવ્યક્તિનું છે. શિખરીણી છંદમાં તેની છેલ્લી પંક્તિઓ જોઈએ.

**અહો.. મારા વ્હાલા ઝબુક**
**દીવડે સૌ ઝળહળે**
**નર્યા ઐશ્વર્યોના ફલક પર**
**બેસી ફરફરે...**
**તો પશુપ્રેમની વસંતતિલકા**
**છંદમાં રજુઆત કરતાં**
**કાવ્યનાયિકા કહે છે કે:**
**પાળ્યું અમે સમજદાર જ**
**શ્વાન મૈત્રી**
**માયા કરી ગજબની રમને**
**ચઢાવી**
**એની વફા અલખથી ઘણી છે**
**અનોખી**
**સભ્યારૂપે અમલમાં મુકતાં**
**સલોણી**

અને મને તો તેમની લુખા શિષ્ટાચારને ખુલ્લા પાડતી રચનાની આ પંક્તિઓ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીઓના ભભકા વચ્ચે વાસ્તવિકતાની ચિતાર સમી લાગી છે. જેમ કે સોનેટની પ્રથમ અને છેલ્લી પંક્તિઓ જોઈએ તોઃ

**ઉપાલંભે વાગે મધુમય સમા**
**શબ્દ અધરા**
**પુછયાગછયા વિના ઉર**
**ઉલટમાં થાય ભ્રમણા**
**ઘણા એવા ઘાવો હરખી**
**હરખી રોજ સહતી**
**તીણા કાંટા ઓઢી સુમન**
**સરખી ધીર ધરતી**

અહીં આપણને સંગ્રહના સોનેટોમાં વિષય વૈવિધ્ય પણ ખુબ જ જોવા મળે છે. આ અગાઉ કવયત્રી પારૂલ બારોટે બાળ સાહિત્ય ક્ષેત્રે પણ મહત્વનું પ્રદાન કર્યું છે. મહેંકતી મૌસમ, કુંપળનો કલરવ, ધીંગામસ્તી, પતંગિયાની પાંખે અને જાદુઈ છડી બાળવાર્તા સંગ્રહો છે પરંતુ ગીત ગઝલ અને અછાંદસ તેમજ ગદ્ય કાવ્યના માહોલમાં છંદોબદ્ધ સોનેટ આપી કવયત્રીએ જબરો કાવ્ય પુરૂષાર્થ કર્યો છે. તેમની આ સફર અવિરત આગળ વધતી રહે તેવી શુભકામના સાથે તેમના આ સંગ્રહને આવકારૂં છું.

**ત્રિદળ-લેખકઃ પારૂલ બારોટ, પ્રકાશક રંગકાર પ્રકાશન, અમદાવાદ**

# ઊંઝામાં જીરું અને વરિયાળીના શંકાસ્પદ જથ્થા સાથે ટ્રક ઝડપાઈ

ઊંઝા

ઊંઝામાં વિસનગર રોડ ઉપર આવેલી પાણીની ટાંકી સામેની હોટલ પાસેથી પોલીસે જીરું વરિયાળીના શંકાસ્પદ ૫૫૨ બોરીના જથ્થા સાથે ટ્રકને ઝડપી લીધી હતી.પોલીસે કિં. ૨૫. ૮૧.૬૮૦ નોમુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. ઊંઝા પોલીસ ડી.સ્ટાફ ઇન્ચાર્જ પી.એસ. આઈ. કે. એમ.ચાવડા ને મળેલ બાતમી કે પાણીની ટાંકી સામે જૂની જાગીર હોટલની સામે વિસનગર રોડ ઉપર એક શંકાસ્પદ ટ્રક ઇન્-૧૯-૯૭-૯૨૧૧ ઉભી છે,જે બાતમી આધારે હે.કો.દશરથ જકસી,નિકુલ પટેલ,વિવેક પટેલ સાથે પહોંચી ટ્રક ડ્રાઈવર હુકારામ ટીકુરામ ચૌધરી( રહે. પાળુસર, તાલુકો શેરગઢ જિલ્લો, રાજસ્થાન)ની પુછપરછ કરી હતી. ટ્રકમાં કુલ ૨૪૬૭૫ કિલો માલ જીરું/વરિયાળી ની અલગ/અલગ વજનની કુલ ૫૫૨ બોરીઓ રૂ.૨૫.૮૧. ૬૮૦/- મળી આવ્યો હતો.આ જથ્થો અને માલ કોનો અને ક્યાં જાય છે તેની તપાસ હાથ ધરી છે. પી.એસ.આઈ.કે.એમ. ચાવડાએ જણાવ્યું કે ટ્રક ચાલકે દર્શાવેલ બિલ અને જથ્થો જીરું/વરિયાળી બંને શંકાસ્પદ છે,માલની ખરાઈ માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ ની મદદ માંગી છે,તેમજ આ જથ્થા નો મલિક કોણ અને આ જથ્થો ક્યાં જતો હતો એની ખરાઈ માટે અટકાયત કરાઈ છે.

## ગાંધીનગર જિલ્લો ૧૦૦ ટકા નળ કનેક્શન સુવિધા ધરાવતો જિલ્લો બન્યો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા કલેકટર કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને આજરોજ ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટની બેઠક મળી હતી. ગાંધીનગર જિલ્લાના ૩૦૩ ગામો માંથી ૨૭૪ ગમોમાં ૧૦૦ ટકા નળ કનેકશનની સુવિઘા છે. ૨૯ ગામોમાં ગામતળના ૫૬૮ ઘરોમાં નળ કનેકશન બાકી છે. બાકી રહેલા ગામતળના ઘરોમાં નળ કનેકશન આપવા માટે આજે મળેલી બેઠકમાં રૂપિયા ૧૭.૯૪ લાખના કામના ખર્ચેને મંજૂરી આપવામાં આવી છે.કલેકટર શ્રી કુલદીપ આર્યને માહિતી આપતાં વાસ્મોના યુનિટ મેનેજર એમ.કે.મહેશ્વરીએ જણાવ્યું હતું કે, ' નલ સે જલ ' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ ટકા નળ કનેકશનની સુવિઘા ખૂબ જ ટુંકા સમયમાં પૂર્ણ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૨ સુધીમાં તમામ ઘરે નળ કનેકશનની જાહેરાત કર્યાબાદ ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગર જિલ્લાને સૌ પ્રથમ ' ૧૦૦ ટકા નળ કનેકશન ઘરાવતો જિલ્લો ' એવું બિરદુ અપાવવાની તંત્રની ઝુંબેશ સ્વરૂપે કામગીરી હાથ ઘરવામાં આવી છે. યુનિટ મેનેજર એમ.કે.મહેશ્વરીએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લાના ૩૦૩ ગામોમાંથી માણસાના ૫૯, કલોલના ૬૧, ગાંધીનગરના ૬૮ અને દહેગામ તાલુકાના ૮૬ ગામોમાં ૧૦૦ ટકા નળ કનેકશનની સુવિઘા છે. તેમજ માણસાના ૮ ગામના ૧૦૪ ઘરોમાં નળ કનેકશન, કલોલના ૮ ગામના ૧૭૨ ઘરોમાં નળ કનેકશન, ગાંધીનગરના ૬ ગામના ૪૩ ઘરોમાં નળ કનેકશન તથા દહેગામ તાલુકાના ૭ ગામના ૨૪૯ ઘરોમાં નળ કનેકશન મળી કુલ- ૨૯ ગામના ગામતળના ૫૬૮ ઘરોમાં નળ કનેકશન આપવાના બાકી છે. આ ૫૬૮ નળ કનેકશનના કામ માટેના રૂપિયા ૧૭.૯૪ લાખના ખર્ચે કરી ટુંકા સમયમાં આપી દેવામાં આવશે.ગાંધીનગર જિલ્લામાં એન.આર.ડી.ડબ્લ્યુ.પી. હેઠળ ગાંધીનગર જિલ્લામાં તા. ૧૩મી ઓકટોબર, ૨૦૧૯ અંતિત સુઘીમાં ૩૦૩ ગામો માંથી ૨૫૫ ગામો વાસ્મો અંતર્ગત જોડાયેલ છે. વાસ્મો સાથે જોડાયેલા માણસાના ૬૩ ગામોમાં ૮૨, કલોલના ૫૪ ગામોમાં ૮૦, ગાંધીનગરના ૬૩ ગામોમાં ૮૫ અને દહેગામ તાલુકાના ૭૦ ગામોમાં ૮૨ એન.આર.ડી.ડબ્લ્યુ.પી. હેઠળ કુલ- ૩૨૯ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. જેમાંથી ૩૨૬ યોજનાઓના કામ પૂર્ણ થઇ ગયા છે. ૩ યોજનાઓના કામ પ્રગતિ હેઠળ છે.

## ભરૂચમાં રૂ. ૪૪૦૦ કરોડના ખર્ચે ભાડભૂત બેરેજ યોજના સાકાર થશેઃ નીતિન પટેલ

ભરૂચ

નીતિન પટેલે જણાવ્યું કે, ભરૂચ જિલ્લામાં રૂા. ૪૪૦૦ કરોડના ખર્ચે ભાડભૂત બેરેજ યોજના સાકાર થશે જે અંગેના ટેન્ડરો પણ બહાર પાડવામાં આવ્યા છે. ભાડભૂત યોજના આગામી સમયમાં સાકાર થતાં ઉધોગોને જરૂરી પાણી મળી રહેશે એટલું જ નહિ દરિયાની ખારાશ અટકશે અને જમીન ફળદ્રુપ થશે જેને પરિણામે ભરૂચ જિલ્લો વધુ હરિયાળો બનશે.શ્રી પટેલે ઉમેર્યું કે ભરૂચમાં આગામી વર્ષથી પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડેલથી નવીન મેડીકલ કોલેજ શરૂ કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજયના ઔધોગિક વિકાસમાં નાના અને મધ્યમ કદના ઉદ્યોગો ક્ષેત્રનું મોટું યોગદાન છે. એમએસએમઈ ક્ષેત્ર ઉધોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા સાથે રોજગાર સર્જનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે જણાવ્યું કે રાજયમાં એમએસએમઈ એકમોને સ્થાપના માટે જરૂરી મંજૂરીઓ લેવામાંથી છૂટછાટ આપવામાં આવી છે એટલું જ નહીં ત્રણ વર્ષ સુધી આવી પરવાનગીઓ લેવામાંથી મુકિત આપવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે, ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ખાતે ઔધોગિક વસાહતોના જળ પ્રદૂષણને નાથવા અંદાજે રૂા. ૬૫ કરોડના ખર્ચે એમએસએમઈ એકમો માટે ૧૦ એમ.એલ.ડીના કોમન એફલુન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પર્યાવરણ રાજયમંત્રી જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં કર્યું હતું. નીતિન પટેલે અંકલેશ્વર ઔધોગિક વસાહતમાં રૂા.૧.૨૫ કરોડના ખર્ચે નિર્માણ થયેલા સિનિયર સિટિઝન એકટિવિટી સેન્ટરનું “સુષ્મા શાંતિ” સિનિયર સિટિઝન એકટિવિટી સેન્ટર નામકરણ કર્યું હતું. આ સેન્ટરમાં જરૂરી સુવિધાઓ ઉભી કરવા માટે મે. સજ્જન ઈન્ડીયા લી. ધ્વારા રૂા. ૫૧ લાખનો માતબર આર્થિક સહયોગ સાંપડયો છે.

# ઉત્તરપ્રદેશના મઉમાં સિલિન્ડર બ્લાસ્ટથી મકાન પડતાં ૧૨નાં મોત

### બ્લાસ્ટ થતાં બે માળની ઇમારત પડી,૧૫ લોકો ગંભીર રીતે ઘાયલ



લખનઉ

ઉત્તર પ્રદેશના મઉ જિલ્લામાં રાંધણ ગેસનું સિલિન્ડર ફાટવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં ગેસ સિલિન્ડર ફાટતા બે માળનું મકાન જમીનદોસ્ત થઈ ગયું હતું. આ ઘટનામાં ૧૨ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૧૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઉપરાંત અનેક લોકો મકાનના કાટમાળ હેઠળ દબાયા હોવાની માહિતી મળી રહી છે. હાલ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ રાહત અને બચાવ કામગીરીમાં લાગી હતી.

આ અંગે પોલીસે જણાવ્યું કે, આ ઘટનામાં મૃત્યુઆંક વધી શકે છે. ઘટના સ્થળે એમ્બ્યૂલન્સ આવી પહોંચી છે, જેમાં ઘાયલોને તાત્કાલીક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટના મઉ જિલ્લાના મોહમ્મદાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારના વલીદપુર ગામની છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સવારે ૭ વાગ્યે અચાનક સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો અને મકાનમાં આગ લાગી ગઈ હતી. આ ઘટના બાદ સ્થાનિક લોકો મકાનની અંદર ઘૂસ્યા, તે દરમિયાન મકાન અચાનક ધરાશાયી થઈ ગયું હતું. જે બાદ ત્યાં ભારે દોડધામ મચી જવા પામી હતી.

આ ઘટનામાં કાટમાળ હેઠળ દબાઈને ૧૨ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૧૫ લોકોને ગંભીર હાલતમાં સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસને આશંકા છે કે, હજુ પણ અનેક લોકો કાટમાળ હેઠળ દબાયા હોઈ શકે છે. જેના કારણે મૃતકાંક વધવાની શક્યતા છે. હાલ ઘટના સ્થળે તંત્રની મદદથી કાટમાળ ખસેડવાનું કામ ચાલી રહ્યું છે.

આ ઘટના અંગે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શોક પ્રકટ કર્યો છે. આ ઉપરાંત મુખ્યમંત્રીએ ઘાયલોની ઝડપી સારવાર ઉપલબ્ધ કરાવવાનો આદેશ આપ્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ઘટનામાં ઘાયલોને તમામ પ્રકારની મદદ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓને તત્કાલ સુવિધા પૂરી પાડવાના આદેશ આપી દેવામાં આવ્યા છે.

# હવે આતંકવાદની વિચારધારાનો નાશ કરવો એ જ લક્ષ્ય : અજીત ડોભાલ



ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે સુરક્ષા એજન્સીઓને આતંકવાદ સામે લડવાની રીતમાં બદલાવ કરવાની ભલામણ કરતાં પાકિસ્તાન પર પ્રહારો કર્યા. તેમણે પાકિસ્તાનને આતંકીઓને સમર્થન આપનાર રાષ્ટ્ર ગણાવતા કહ્યું કે ઈસ્લામાબાદને તેમાં વિશેષજ્ઞતા પ્રાપ્ત છે. એનએસએએ કહ્યુ કે આતંકવાદને સમર્થન આપવું પાકિસ્તાનની રાષ્ટ્રીય નીતિ બની ગઇ છે. તેમણે કહ્યું કે અત્યારે પાકિસ્તાન પર એફએટીએફનું ખૂબ દબાણ છે.

એનઆઈએની એટીએસ, સ્પેશ્યલ ટાસ્ક ફોર્સની રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ડોભાલે કહ્યું કે અમને ખબર છે કે આતંકવાદને મદદ બહારથી મળે છે. આ કોઈ નવું નથી. આતંકવાદ પર તપાસ અને સમય રહેતા તેની માહિતી માટે તમામ સુરક્ષા એજન્સીઓનો પરસ્પર શ્રેષ્ઠ સમન્વય હોવો જરૂરી છે. પાકિસ્તાન પર અત્યારે જે મોટું દબાણ છે તે FATFની તરફથી છે. બીજા કોઈ એકશનના લીધે કદાચ જ આવું દબાણ બની શકયું હોત.

ડોભાલે કહ્યુ કે આજે કોઈ દેશ યુદ્ધ નથી ઈચ્છતો કારણ કે તેના પરિણામને લઇ આશ્વસ્ત રહેતા નથી. એવામાં સ્ટેટ સ્પોન્સર આતંકવાદ દ્વારા દુશ્મનોને નુકસાન પહોંચાડવાની કોશિષ થાય છે. બધાને ખબર છે કે પાકિસ્તાન આતંકવાદનું સમર્થન કરે છે. એવામાં ટેરર ફંડિંગને રોકવાની જરૂર છે.

ડોભાલે સુરક્ષા એજન્સીઓને પડકારોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે જો એક ગુનેગારને એક રાષ્ટ્રનું સમર્થન મળે છે તો એ મોટો પડકાર બની જાય છે. કેટલાંક રાષ્ટ્રોને તો તેમાં વિશેષજ્ઞતા પ્રાપ્ત છે. આપણા કેસમાં પાકિસ્તાન તો આતંકવાદને રાષ્ટ્રીય નીતિ જ બનાવી ચૂકયું છે. કેટલાંક દેશ આતંકવાદને પ્રોત્સાહન આપવામાં લાગેલું છે.

ડોભાલે કહ્યું કે આતંકવાદની વિરૂદ્ધ લડાઈમાં તમામે સાથે મળીને કામ કરવું પડશે. તેમણે કહ્યું કે લશ્કર, હિઝબુલ મુજાહિદ્દીન જેવા આતંકી સંગઠનોની માહિતી આપવી માત્ર એક એજન્સીની જ જવાબદારી નથી. તેમણે કહ્યું કે કાશ્મીરમાં એનઆઈએનુ કામ શાનદાર રહ્યું છે. મની લોન્ડ્રિંગ અને અલગતાવાદી ઓની વિરૂદ્ધ આ એજન્સીમાં નિયમોની અંદર શાનદાર કામ કર્યું. જયાં જરૂર પડી ત્યા દબાણ પણ બનાવ્યું. એનઆઈએના લીધે જ વિદેશમાંથી પૈસા મેળવવામાં લાગેલા લોકોને હવે મદદ મળવાની બંધ થઈ ગઈ છે.

ડોભાલે મીડિયાને પણ આગ્રહ કર્યો કે આતંકવાદીઓની કરતૂતોને તવજ્જો આપવાનું બંધ કરી દો. તેમણે કહ્યું કે આતંકી પબ્લિસિટી માટે આવું કરે છે. મીડિયા તેને ભાવ આપવાનું જ બંધ કરી દે.

# ટ્રાન્ઝેક્શન ફેલ જશે તો બેન્કોએ ગ્રાહકોને વળતર આપવું પડશે

ન્યુ દિલ્હી

અનેક વખત એવું બને છે કે ડેબિટ કાર્ડથી ટ્રાન્ઝેક્શન ફેઈલ થઈ જતું હોય છે પરંતુ એકાઉન્ટમાંથી પૈસા કપાત થઈ જાય છે. કપાયેલા પૈસા ક્યારેક તુરંત રિવર્સ થઈ જાય છે તો ક્યારેક રિટર્નની પ્રક્રિયામાં સમય લાગી જાય છે. રિઝર્વ બેંક્રે આ સમસ્યાને લઈને એક સરક્યુલર જારીકર્યો છે જે અનુસાર જો રિફંડ પ્રક્રિયામાં નિશ્ચિત સમય કરતાં વધુ સમય લાગી જાય તો બેંક્રોએ ગ્રાહકોને વળતર આપવું પડશે.

લિંક્ર ફેઈલ થવાને કારણે, રોકડ નહી હોવાને કારણે અથવા તો સેશન ટાઈમ આઉટ થવાને કારણે ટ્રાન્ઝેક્શન થઈ શકતું નથી અને એકાઉન્ટમાંથી પૈસા કપાઈ જશે તો તેને ફેઈલ ટ્રાન્ઝેક્શનની કેટેગરીમાં રાખવામાં આવશે. આ ટ્રાન્જષક્શનને ફેઈલ એટલા માટે કહેવામાં આવે છે કેમ કે ગ્રાહક ઈચ્છીને પણ તેમાં કશું કરી શકતો નથી.

૨૦ સપ્ટેમ્બર-૨૦૧૯માં રિઝર્વ બેંક્ર તરફથી સરક્યુલર જારી કરવામાં આવ્યો હતો જે અનુસાર ટર્ન અરાઉન્ડ ટાઈમને લઈને નવી માર્ગદર્શિકા જારી કરાઈ છે. ગાઈડલાઈન અનુસાર બેંક્રોને ફેઈલ ટ્રાન્ઝેક્શન ફ્રોમ ડેબિટ કાર્ડ મામલાને પાંચ દિવસની અંદર ઉકેલવો પડશે. આઈએમપીએસ ફેઈનલ ટ્રાન્ઝેક્શનનો મામલો એક દિવસની અંદર ઉકેલવો પડશે જ્યારે સ્વાઈપ મશીન અને આધાર એનેબલ્ડ પેમેન્ટ (એઈપીએસ) ટ્રાન્ઝેક્શનનો મામલો પાંચ દિવસની અંદર ઉકેલવો પડશે. જો બેંક્ર આવું કરવામાં ચૂક કરશે તો ગ્રાહકને પેનલ્ટી તરીકે રોજ ૧૦૦ રૂપિયા આપવા પડશે.

## લાડોલ રોડથી વિજાપુર બાજુ દારૂનો જથ્થો ભરેલી ઈનોવા કાર ઝડપાઈ

વિજાપુર

લાડોલ રોડથી વિજાપુર બાજુ દારૂનો જથ્થો ભરીને ઈનોવા (જીજે ૨૧એમ ૦૨૦૩) આવી રહી હોવાની બાતમી આધારે ગોઠવેલી વોચ દરમિયાન ગાડી પસાર થતાં પોલીસે પીછો કરી વિજાપુર પોલીસ સ્ટેશન આગળ કોર્ડન કરી અટકાવી હતી. આ ગાડીમાંથી ૭૯૨ બોટલ વિદેશી દારૂ રૂ.૨,૧૬,૨૪૦ તેમજ રોકડ રૂ.૫૦૦, બે મોબાઈલ અને ત્રણ લાખની ગાડી મળી કુલ રૂ. ૫,૨૧,૦૪૦ના મુદ્દામાલ મળી આવ્યો હતો.

# પેટાચૂંટણી : ભાજપ-કોંગી દ્વારા તાકાત લગાવી દેવાઈ

અમદાવાદ

ગુજરાતમાં છ સીટો ઉપર યોજાનાર પેટાચૂંટણીને લઇને કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી છે. પેટાચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળી રહી છે. મતદારોને પ્રભાવિત કરવા માટે તમામ પ્રયાસો થઇ રહ્યા છે. અમરાઈવાડી, રાધનપુર, થરાદ, બાયડ, લુણાવાડામાં સભાઓનું આયોજન થઇ રહ્યું છે. કોંગ્રેસ પાર્ટીએ પણ આ વખતે તાકાત લગાવી દીધી છે. ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણી છથી વધુ ચૂંટણી સભાઓ યોજી રહ્યા છે. આવતીકાલે પરેશ ધનાણી થરાદમાં સભાઓ કરનાર છે. અમરાઈવાડી, રાધનપુરમાં સભાઓ યોજ્યા બાદ પરેશ ધનાણી આવતીકાલે થરાદમાં સભા યોજશે. ત્યારબાદ ગુરુવારના દિવસે બાયડમાં, ૧૮મી ઓક્ટોબરના દિવસે પણ સભા કરશે. શનિવાર અને શુક્રવારના દિવસે પણ તેમના કાર્યક્રમો રહેલા છે. અમદાવાદની અમરાઈવાડી વિધાનસભા ક્ષેત્રમાં પણ જોરદાર કાર્યક્રમોનો દોર ચાલી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીને ભીંસમાં લેવાના પ્રયાસો કોંગ્રેસ તરફથી કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી છે. પેટાચૂંટણીમાં કોની પાસે કેટલી સીટો આવશે તેને લઈને બંને પાર્ટીઓ આશાવાદી દેખાઈ રહી છે. રાધનપુર વિધાનસભા સીટ પરથી કોંગ્રેસના ઉમેદવારના પ્રચાર માટે રાજયના ટોચના સ્થાનિક નેતાઓ પહોંચી રહ્યા છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટી પણ પાછળ નથી. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મોદીની સુનામી હેઠળ ગુ-જરાતમાં સતત બીજી વખત ભારતીય જનતા પાર્ટીએ તમામ ૨૬ બેઠકો જીતી હતી ત્યારબાદ ચૂંટાયેલા સભ્યો તરફથી કેટલીક સીટો પરથી રાજીનામા આવ્યા બાદ આ પેટાચૂંટણી યોજાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી પણ ભારતીય જનતા પાર્ટીના ગઢમાં ગાબડા પાડીને કેટલીક સીટો જીતવા માટે આશાવાદી છે. વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીનો દેખાવ સારો રહ્યો હતો જેથી પ્રચારમાં તાકાત લગાવી છે.

# મોલ-મલ્ટિપ્લેક્સમાં પ્રથમ કલાક ફ્રી પાર્કિંગ બાદ ચાર્જ

અમદાવાદ

મલ્ટિપ્લેક્સ થિયેટરો કે મોલ માલિક મુલાકાતીઓ પાસેથી પાર્કિંગ ચાર્જ કે ફી વસૂલી શકે નહી એ મતલબના ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે સુરતના રાહુલરાજ મોલ કો.ઓ.સર્વિસ સોસાયટી દ્વારા સુપ્રીમકોર્ટમાં બહુ મહત્વની સ્પેશ્યલ લિવ પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણીમાં આજે સુપ્રીમકોર્ટે બહુ મહત્વના વચગાળાના આદેશ મારફતે કોમર્શીયલ બિલ્ડીંગો(મોલ-મલ્ટિપ્લેક્સ)માં પાર્કિંગ ચાર્જ વસૂલવાની પરવાનગી આપી હતી. જો કે, કોમર્શીયલ બિલ્ડીંગમાં આવનાર મુલાકાતીઓ માટે પ્રથમ કલાક ફ્રી પાર્કિંગની સુવિધા આપવા અને ત્યારબાદ પાર્કિંગ ચાર્જ વસૂલવા સુપ્રીમકોર્ટે સ્પષ્ટ તાકીદ કરી હતી. સાથે સાથે ટુ વ્હીલરના કિસ્સામાં રૂ.દસ અને ફોર વ્હીલર માટે રૂ.૩૦થી વધુ પાર્કિંગ ચાર્જ નહી વસૂલી શકાય એવી પણ સુપ્રીમકોર્ટે સ્પષ્ટતા કરી હતી. સુપ્રીમકોર્ટનો આ હુકમ તમામ મોલ-મલ્ટિપ્લેકસમાં હવે લાગુ પડી શકશે. કેસની સુનાવણી દરમ્યાન સુપ્રીમકોર્ટે એવી પણ મહત્વની ટકોર કરી હતી કે, સંપૂર્ણ રીતે ફ્રી પાર્કિંગ હોઇ ના શકે., તેથી પક્ષકારોએ તેમની રીતે જરૂરી સૂચનો અને દરખાસ્ત રજૂ કરવા જોઇએ જેને કોર્ટ ધ્યાને લેશે.

સુપ્રીમકોર્ટે સમગ્ર કેસની વધુ સુનાવણી તા.૧૯મી નવેમ્બરના રોજ મુકરર કરી હતી. સુપ્રીમકોર્ટના જસ્ટિસ દિપક ગુપ્તા અને જસ્ટિસ અનિરૂધ્ધ બોઝની ખંડપીઠે મહત્વના આદેશમાં જણાવ્યું હતું કે, અરજદાર અને જીડીસીઆરના નિયમન નં-૭.૪માં નિર્દિષ્ટ અન્ય મર્કેન્ટાઇલ તથા એસેમ્બલી કેટેગરીમાં આવતાં કોમર્શીયલ બિલ્ડીંગોના માલિકો અને મેનેજરોએ તેમના બિલ્ડીંગમાં આવનાર મુલાકાતીઓને પ્રથમ કલાક ફ્રી પાર્કિંગની સુવિધા પૂરી પાડવાની રહેશે. ત્યારબાદ તેઓ વાજબી પાર્કિંગ ચાર્જ વસૂલી શકશે પરંતુ આ પાર્કિંગ ચાર્જ ટુ વ્હીલરના કિસ્સામાં રૂ.દસ અને ફોર વ્હીલરના કિસ્સામાં રૂ.૩૦થી વધુ વસૂલી શકાશે નહી.

### મુખ્ય પ્રધાન તો ભાજપનો જ બનશે

# આદિત્ય ઠાકરેની ઇચ્છા હોય તો નાયબ મુખ્યપ્રધાન બની શકે છેઃ ફડણવીસ

મુંબઇ

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીસે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણી પછી રાજ્યનો મુખ્ય પ્રધાન તો ભાજપનો જ થશે. શિવસેનાના આદિત્ય ઠાકરેની ઈચ્છા હોય તો નાયબ મુખ્ય પ્રધાન બની શકે છે.

એક શિખર સંમેલનમાં સામેલ થતાં દેવેન્દ્ર ફડનવીસે જરાય શબ્દો ચોર્યા વિના આ વાત સ્પષ્ટ કરી દીધી હતી. તાજેતરમાં શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે એક દિવસ હું રાજયના મુખ્ય પ્રધાન તરીતે શિવસૈનિકને બેસાડીશ એવું વચન મેં મારા પિતાને આપ્યું હતું.

એક સવાલના જવાબમાં ફડનવીસ બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે નિર્ણય શિવસેનાએ કરવાનો છે કે આદિત્યને નાયબ મુખ્ય પ્રધાન બનાવવો છે કે કેમ.

ભાજપના મોટા મોટા નેતાઓની ટિકિટ કપાઇ છે એ વિશે બોલતાં તેમણે કહ્યું કે એ નિર્ણય મારો નથી, પક્ષના મોવડી મંડળનો છે. જેમને ટિકિટ નથી મળી એ નેતાઓ પણ મહેનતુ અને પક્ષના હિતમાં કામ કરનારા છે એ હકીકત છે.

ફડનવીસે એવો દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં ભાજપે છેલ્લાં પાંચ વર્ષમાં સરસ કામ કર્યું છે એટલે મને કોઇ ડર નથી. ભાજપ જ પાછો સત્તા પર આવશે એની મને ખાતરી છે. રાજયનો હવે પછીનો મુખ્ય પ્રધાન કોણ હશે એ સવાલજ ઉપસ્થિત થતો નથી. મુખ્ય પ્રધાન ભાજપનો જ થશે.

# સિદ્ધપુર પાસેના ખળી ચાર રસ્તાથી બીલીયા સુધીના ૨.૨ કી.મી. રસ્તા પરનો વાહન વ્યવહાર બંધ કરવા હુકમ

### ટૂંક સમયમાં શરૂ થનાર ઓવરબ્રીજના બાંધકામની કામગીરી ટ્રાફિકને નડતરરૂપ ન બને તે માટે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીનું જાહેરનામું

પાટણ

પાટણ જિલ્લામાંથી પસાર થતા ડી.એફ.સી.સી. રૂટ પર સિદ્ધપુર પાસે ખળી ચાર રસ્તાથી બીલીયા ગામ સુધીનો રસ્તો બંધ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં બનનાર ઓવરબ્રીજના બાંધકામની કામગીરી ટ્રાફીકને નડતરરૂપ ન બને તે માટે આ રસ્તો બંધ કરી વૈકલ્પિક રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

સિદ્ધપુર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી જયેશ તુવાર દ્વારા ઓવરબ્રિજની કામગીરી પૂર્ણ ન થયા ત્યાં સુધી જાહેર સલામતી માટે ટ્રાફિકની અવર-જવરમાં મુશ્કેલી પડે નહી તે હેતુસર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલી સત્તાની રૂએ બ્રિજની કામગીરીના કારણોસર ખળી ચાર રસ્તાથી બીલીયા સુધીનો ૨.૨ કી.મી. રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવા હુકમ ફરમાવવામાં આવ્યો છે. આ રૂટ પરના વાહન વ્યવહારને ડાયવર્ટ કરી બિંદુ સરોવર ઓવરબ્રીજ-ગોવીંદ માધવ સોસાયટી-મરૂવાસ-લાલેશ્વર મહાદેવ-સહસ્ત્ર કાલા મંદિર-લાલપુર-પંચદેવ મંદિર બિલીયા-બ્રહ્માણી વાવ બિલીયા રોડનો વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે વાહન વ્યવહાર માટે ઉપયોગમાં લેવા હુકમ ફરમાવવામાં આવ્યો છે.

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ, પેટા વિભાગ, ગાંધીનગર દ્વારા જણાવેલ પત્રથી ડી.એફ.સી.સી. રૂટ પર સિદ્ધપુર પાસે ખળી ચાર રસ્તા પર આવેલ એલ.સી. ૧૯૧ કી.મી. ૬૮૫/૨-૩ પર ઓવરબ્રિજ બાંધવાના કામે એલ.સી. ૧૯૧ કરી બાર માસના સમયગાળા માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા મોકલવામાં આવેલી ત્રણ વૈકલ્પિક રસ્તાની વિગતો પૈકી ટૂંક સમયમાં શરૂ થનાર ઓવરબ્રિજના બાંધકામ દરમ્યાન આ રસ્તા પરનો વાહન વ્યવહાર બંધ કરવા સિદ્ધપુર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી જયેશ તુવાર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ખળી ચાર રસ્તાથી બીલીયા સુધીનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવા આ હુકમ તા.૦૧/૧૦/૨૦૧૯ના ૦૦.૦૦ કલાકથી તા.૨૯/૧૧/૨૦૧૯ના ૨૪.૦૦ કલાક સુધી બંને દિવસો સુદ્ધાંત અમલમાં રહેશે. આ પ્રતિબંધિત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.